# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

**CDO PRAKASH SAMIKSHA**

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૩મું

VOLUME : 21 • ISSUE : 10 • PAGES : 40 • MUMBAI • DATE : 20TH DECEMBER 2018 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## શ્રી મંજલ નગરે શિલાસ્થાપન વિધી તા. ૦૯/૧૦-૧૨-૨૦૧૮ની ઝળહળતી આછેરી ઝલક



નવ ગ્રહ પુજન કરતા ભાવિકો



શાંતિ કળશનો લાભ કલ્યાણજી વોરા પરિવાર



ખનનનાં હથિયારો સાથે ભાવિકો



શિલાસ્થાપન જગ્યાનું પૂ. પ્રિયંકર મ.સા.નાં સાનિધ્યમાં પુજન કરતા ભાવિકો



જ્યોતિષાચાર્ય પૂ. ભગવંતોની પધરામણી



ભુમિ પુજન કરતાં પૂ. મ.સા. તથા ભાવિકો



જે.સી.બી.થી ખનન વિધીનો પ્રારંભ

વડીલોની યાદને ચિરંજીવ કરવા આહ્વાન કરતા પૂ. પ્રિયંકર મ.સા.





રાત્રિના ભાવનાનાં લોક કલાકારો



મટુકડી રાસમાં મગ્ન ભાવિક બહેનો



આજુબાજુનાં ગામથી પધારેલ ભાવિજનો



મુખ્ય શિલાનું પુજનનો લ્હાવો
માતુશ્રી પ્રેમાબાઈ ધનજી લોડાયા પરિવાર



કુંભનું વાસક્ષેપથી પુજન કરતા પૂ. મ.સા.



પાયામાં પુજન કરાવી આશિર્વાદ આપતા મ.સા.



પુ. મ.સા. તથા ભાવિકોની હાજરીમાં મુળનાયકનાં સ્તંભને સ્થાપતા સોમપુરા

# HEARTY CONGRATULATIONS



## Hiral (Madhvi) Jivani

**Secretary of Hon. Consul. General of Liberland (Europe) in India**

Hiral Prafullbhai Jivani (jakkhau currently residing Vadodara) Daughter of Prafullbhai Versibhai Jivani

And Jayaben prafullbhai Jivani Sister of Bhakti Piyush Khona Ganjbasoda - Vadodara.

We congratulate her for prestigious post of Secretary of Hon. Consul. General of liberland (Europe) in India.

Is also Immigration lawyer and successful runs her business in Vadodara from last 4 years and acquire many international positions like BIAA certified Canadian lawyer and affiliated with Canadian immigration institute a Canada course graduate.

We as a proud parents wish her all the success for her future.

**હિરલ (માધવી) પ્રફુલભાઈ જીવાણી** - જખૌ (વડોદરા) ઈમિગ્રેશન વકીલ તરીકે વડોદરામાં ૪ વર્ષોથી કાર્યરત છે. તાજેતરમાં લિબરલેન્ડના કોન્સલ જનરલના સેક્રેટરીના મહત્વપૂર્ણ પદ ઉપર નિયુક્ત થયેલ છે તે બદ્દલ અભિનંદન.

માતા-પિતા : **જયાબેન પ્રફુલ જીવાણી**

બેન-બનેવી : **ભક્તિ પિયુષ ખોના** - ગંજબાસોદા (વડોદરા)




Liberland, officially the Free Republic of Liberland, is a micro nation claiming an uninhabited parcel of disputed land on the western bank of the Danube, between Croatia and Serbia in to the heart of Europe a budding nation has been established. It was proclaimed on 13 April 2015 by Czech right-libertarian politician and activist Vit Jedlička.

He was the chairman of the Party of Free Citizens in the Hradec Králové Region, and he is the founder and chairman of a Czech voluntary association Reformy.cz On 13 April 2015, he founded the self-declared libertarian micro nation Free Republic of Liberland, and became its first President.

Hiral Jivani (Madhvi) a Registered Immigration lawyer under BIAA- Canada she graduated her Law from European society where she obtained a Law ship under Immigration law. Madhvi is a highly motivated and enthusiastic individual and having good relations in Indian diplomatic circles and great expertise in developing strategies; she possesses excellent skill and cross-functional team collaboration skills. She worked as a Project Management Consultant with several ministries around the globe and also worked for United Nations (UNOPS). Madhvi was also and Ex-Immigration Officer and also works for several NGO's for third Gender Mr. Hussain and Madhvi believes that - If you dream it, you can do it this phrase is really stands for Liberland, and that is why we should support and engage in all possible efforts for the existence of the nation.

## શ્રી લાલા-સાધવ દંડ પરિવારના શ્રી ગજોડવાલા નાગરજા સતો દાદાના નૂતન દેવાલયનું મંગલ ઉદ્‌ઘાટન પ્રસંગની ઝલકો... (શુભદિન : તા. ૨૫-૧૧-૨૦૧૮)



## મોટી સિંધોડી સ્નેહમિલન ૨૦૧૮ દરમ્યાન નેમિનાથ જિનાલયના ભૂમિપૂજન, તિલક, મુનિમ, ખનનવિધી અને શિલાન્યાસના લાભાર્થી પરિવારોની ઝલક



# જ્ઞાતિ સંમેલનને સર્વ શુભેચ્છાઓ...

જ્ઞાતિજનોની આકાંક્ષાઓને
પરિપૂર્ણ કરવાના નિર્ધાર સાથે
સમર્પિતભાવે યોજાયેલ
ચતુર્થ સંમેલનને
(તા. ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૧૮)

## સર્વ શુભેચ્છાઓ પાઠવું છું.



## ચિમન મેઘજી મોતા

(વારાપધર-મુલુંડ)

**Best, competitive & trustworthy name**

**TAN MAN**
**INTERNATIONAL**

**H.O.** : A19-20, Monani Sadan (Bhujbal Niwas), 169/70, J.N. Road, Opp. Bharat Bank, Mulund (W), Mumbai - 400 080. **: 9323360708 / 9869017285**

**: 022 - 2590 3514, 2590 3515, 2590 3516 • Email : tanmantour@gmail.com**

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
ઉદયન લાલજી લોડાયા
કેશરસિંહ આણંદજી ખોના
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા



**અંક નં. ૧૦**
**Date : 20-12-2018**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com


## તંત્રી સ્થાનેથી

*આજે સમગ્ર જ્ઞાતિ ૨૩ થી ૨૫ ડિસેમ્બર દરમ્યાન નલિયા કચ્છ ખાતે આયોજીત ૪થા જ્ઞાતિ સંમેલન અંગે ઉત્સાહિત છે. ઘણાં બધા જ્ઞાતિજનો સંમેલનને ટેકો આપી રહ્યા છે તો અનેક જ્ઞાતિજનો પોતાને સંમેલનથી દૂર રાખી રહ્યા છે છતાં મને ખાત્રી છે કે આ સંમેલન આપણી જ્ઞાતિની પ્રગતિ માટે અનેક પરિવર્તનો લાવનારૂં બની રહેશે.*

*આ સંમેલનમાં આપણી જ્ઞાતિને ઘણાં બધા નવયુવાન કાર્યકર્તાઓ મળશે અને સમસ્ત મહાજન તેમના નવા વિચારો અને શક્તિઓને જ્ઞાતિ ઉત્કર્ષમાં સંયોજીત કરશે. યુવા નેતૃત્વને કાર્ય કરવાની તક મળશે અને વરિષ્ઠોને સ્થાને નવયુવાનો જ્ઞાતિનું નેતૃત્વ કરવા આગળ આવશે.*

*આપણી જ્ઞાતિ અનેક પ્રશ્નોનો સામનો કરી રહી છે જેનો નીકટના ભવિષ્યમાં ઉકેલ લાવવો જરૂરી છે. વર્તમાન સમયમાં યુવાનો ફક્ત ચર્ચા વિચારણા કરીને કે ઠરાવો પસાર કરીને રોકાઈ જવાને બદલે યોગ્ય અને ઝડપી કામગીરી કરવી જરૂરી બની રહેશે. યુવાનો આ સંમેલનમાં સુક્ષ્મ મુડી રોકાણ, નવા ધંધા-ઉદ્યોગો માટે પ્રોત્સાહન અને માર્ગદર્શન જેવા વિષયો પર ધ્યાન આપીને ઝડપી અને વાસ્તવિક કામગીરી કરવા ઈચ્છે છે.*

*અત્યાર સુધી સમસ્ત મહાજને ઠરાવો અંગેનો મુસદો વિતરિત નથી કર્યો એટલે સંમેલનમાં આવનારા પ્રતિનિધિઓ પોતાના વિચારો-પ્રતિભાવો કઈ રીતે આપી શકશે ? તેમના પ્રતિભાવો કદાચ વધુ વિચારણા વિના જ આવશે.*

*સંમેલનના અંતિમ દિવસે સમસ્ત મહાજનના ટ્રસ્ટીશ્રીઓ આવક-જાવકના હિસાબો અથવા અંદાજીત રકમ જાહેર કરી, એ પછીના ૪૫ દિવસમાં ચોક્કસ હિસાબો આપશે તો સમસ્ત મહાજનની શાખમાં વધારો થશે એ નિશ્ચિત છે.*

*૪થા જ્ઞાતિ સંમેલનમાં વિશાળ સંખ્યામાં યુવાનો તથા મહિલાઓ ઉપસ્થિત રહેશે એવી આશા છે.*

**- હિરાચંદ દામજી દંડ**

### ચર્ચાને ચોતરે

સર્વ વાચકોને નમ્ર વિનંતિ છે કે આપણી જ્ઞાતિને લગતી સમસ્યાઓ અને પ્રગતિ વિશે 'ચર્ચાના ચોતરે' વિભાગ માટે મુદાસર અને ટુંકમાં નિયમિત રીતે લખતા રહેશો. લખાણ સાથે આપનું પુરૂં નામ-સરનામું-ફોન નંબર-ઈમેઈલ મોકલવા જરૂરી છે. અલબત્ત વ્યક્તિગત આક્ષેપ કે નિંદાત્મક લખાણ પ્રકાશન યોગ્ય નહીં ગણાય.

**- તંત્રી મંડળ**

### વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઈનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.

**- તંત્રી મંડળ**

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## કચ્છમાં જમીન ધરાવનારા જોગ...




આપણા સમાજના લોકોની અબડાસા તાલુકાના વિવિધ સ્થળે ઘણી જમીનો છે. કચ્છમાં ભાગ્યે જ જવાનું થતું હોવાથી ઘણા સભ્યો જમીન ધરાવે છે એ બાબતથી અજાણ હોવાનું પણ બને છે. આવી જમીનો ખોટા પાવર ઓફ એટર્ની બનાવી – બનાવટી દસ્તાવેજો તૈયાર કરી સરકારી અધિકારીઓ સાથે મીલીભગતના આધારે હડપ કરવાના અને જમીનના સોદા કરી નાંખવાના કાવતરા સામે આવી રહ્યા છે. આવા કાવતરા ઘડનારામાં શિક્ષિત લોકો પણ સામેલ છે. હયાત વ્યક્તિને મૃત જાહેર કરી, તેમના બોગસ વારસદાર ઊભા કરી પાવર ઓફ એટર્નીના આધારે જમીન વેંચી નાંખવાનું કૌભાંડ ફાલી રહ્યું છે ત્યારે કચ્છમાં જમીન ધરાવતા આપણા સમાજના સભ્યોએ જાગૃતિ દાખવી તેમની જમીનના માલિકી હક્કની ખરાઇ કરાવવાની તાતી જરૂર છે. જેથી અન્યાયના ભોગ બનવાથી અને કોર્ટ કચેરીથી બચાવ થાય અને આર્થિક અને માનસિક આપદાથી બચાવ થાય. – **ચંદ્રકાંત દામજી શાહ**, અમદાવાદ

**કચ્છ –ગુજરાતમાં આપની જમીનના રેકોર્ડસ જાણવા માટે વેબસાઈટ anyror.gujarat.in**

## ''મારી માને અર્પણ''

જીંદગી ભી કિતની અજીબ હૈ,
કુછ રિશ્તે હમ ખુદ બનાતે હૈ,
ઔર કુછ ઉપરવાલા બનાકર ભેજતા હૈ,
મગર ફિર ભી હમ ઉસ રિશ્તે કો ઢુંઢતે રહતે હૈ,
જીસે હમ બિના કુછ સોચે કુછ ભી કહ શકે,
બિના કિસી હીચકીચાહટ કોઇભી બાત કર શકે.
ઐસે રિશ્તે મિલતે ભી હૈ,
પર જબ મિલતે હૈ તો હમેં પતા હી નહિ હોતા,
હમ ઉસ એક રિશ્તે કો ઢુંઢને મેં ઇતના ખો જાતે હૈ,
કિ જો સામને હૈ ઉસે ભી હમ દેખતે નહિ,
હમ ઉન્હીંસે નારાજ રહતે હૈ હમેંશા, લડતે ભી હૈ.
આજ પતા ચલા કિ વો રિશ્તા હૈ કૌનસા,
વક્ત લગા થોડા જ્યાદા, પર આજ નજર આયા વો એક રિશ્તા, જીસે મૈં સબસે જ્યાદા પ્યાર કરતી હું ઔર હમેંશા કરતી રહુંગી,
વો ઔર કોઇ નહિ પર મેરી મા હૈ. – **સિધ્ધિ મૈશેરી**

**RR*ની કલમે***

# સંમેલનની બીજી બાજુ

છેલ્લા સાતેક મહીના દરમ્યાન સમસ્ત મહાજનના પદાધિકારીઓએ જ્ઞાતિ વસતીના વિવિધ વિસ્તારોમાં સ્થાનિક મહાજનો સાથે સંપર્ક સભાઓ યોજી તેમાં 'હાલો' 'હાલો' ના હોકારા અને 'હઇસો' 'હઇસો' ના હોબાળાથી ભરપુર ઉત્સાહ પ્રેરક વાતાવરણ સર્જાયા એટલે ટ્રસ્ટીઓને સંમેલન માટે જ્ઞાતિનો ઘણો સારો પ્રતિસાદ વર્તાઇ રહ્યો હતો પરંતુ 'વાણિયા આરંભે શુરા'ની કિંવદતી જાણે આપણી જ્ઞાતિ માટેજ બની હોય તેમ, મોટા ભાગના સ્થાનિક મહાજનોના સંચાલકો આ પછી સંમેલન માટે સતત સંપર્ક-યોગદાન આપવાની જવાબદારી નિભાવી શક્યા નથી, પરિણામે આજે સંમેલનનાં આઠેક દિવસ પહેલાં પરિસ્થિતિ એવી છે કે સમસ્ત મહાજનના મુખ્ય ટ્રસ્ટીઓએ અને ખાસ કરીને સેક્રેટરી જનરલે લંડનમાં પોતાની વ્યવસાયિક વ્યસ્તતા વચ્ચે પણ, સંમેલનમાં અત્યાર લગી માંડ છસો જેટલા રજિસ્ટ્રેશન થયા હોવાથી અને મહિલા સશક્તિકરણ તથા યુવા સંમેલન માટે ચારસો જેટલાં જ નામો નોંધાયા હોવાથી હજી વધારેને વધારે જ્ઞાતિજનો ત્યાં ઉપસ્થિત રહે તે માટે ડોંબિવલી અને અન્ય સ્થળોએથી જ્ઞાતિજનોને સંમેલનમાં હાજર રહેવા (ભેગા કરવા?) બાબતે પોતાના અન્ય ટ્રસ્ટીઓને સતત અનુરોધ કરવો પડે છે.

આ અગાઉ, ગુજરાત સરકારે કચ્છને ૧ ઓક્ટોબરથી અછતગ્રસ્ત વિસ્તાર જાહેર કર્યો તે પહેલાં જ એકાદ-દોઢ મહીનાથી આ સંમેલન પાછળ બે-અઢી કરોડનો ખર્ચ થવાનો છે તેનો અપ્રત્યક્ષ વિરોધ દર્શાવી તેમાં સહભાગી થવા અંગે અનેકાનેક વિચારશીલ અને સંનિષ્ઠ જ્ઞાતિ કર્મશીલોએ અનિચ્છા દર્શાવી દીધી અથવા તેમાં ઉપસ્થિત રહેવાનું માંડી વાળ્યું તે જાણવા છતાં અને ગત ૨૧ ઓક્ટોબરના તેમની કચ્છમાં ગાંધીધામ, ભુજ ઇત્યાદી શહેરોમાં સભાઓ યોજાઇ ત્યારે પણ તેમને જ્ઞાતિના અનેક સંનિષ્ઠ અગ્રણીઓની આ સંજોગોમાં સંમેલન યોજવા બાબતે સ્પષ્ટ નારાજગી હોવાથી મહાસમિતિની એક અસાધારણ તાકીદની સભા બોલાવી આખરી નિર્ણય લેવાની તેમની બંધારણીય ફરજ હોવા છતાં તેને ઉવેખીને સમસ્ત મહાજનના પદાધિકારીઓએ સંમેલન જેવા સમગ્ર જ્ઞાતિને સ્પર્શતા મહત્વના આયોજનને પોતાની પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી દીધો અને સંમેલનની તૈયારીમાં વિવિધ ખર્ચાઓ કરવા આગળ વધ્યા.

જ્ઞાતિના મોટા ભાગના શ્રેષ્ઠીઓ અને સ્થિતિપાત્ર અગ્રણીઓએ પણ સંમેલન માટે ઘણું ઓછું અનુદાન આપવાની માંડ માંડ તૈયારી બતાવી હોવા છતાં અને સંમેલનના અંદાજપત્રને પહોંચી વળવાના માર્ગે અડધે રસ્તે પહોંચવાનું દુર્ગમ કરતાં પણ અશક્ય હોવાનું પ્રતીત થવા છતાં આ પદાધિકારીઓ સંમેલનનું આયોજન કરવા બાબતે અફર રહ્યા.

આ સ્થળે એકાદ મહીના પહેલાં નિર્દિષ્ટ કરેલ હકીકત ફરી સૂચક બને છે, જેમાં ગત તૃતીય સંમેલનમાં ઉપસ્થિત જ્ઞાતિજનોને ભરપૂર ભાવાદરથી આહાર-વ્યંજનો પીરસનાર જ્ઞાતિના પ્રતિષ્ઠિત કેટરીંગ વ્યવસાયિકનું બીલ ૨૭ વર્ષ લગી ન ચુકવનાર આ સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓએ પોતે પહેલાં સંસ્થાને ઋણમુક્ત કરવાની પ્રાથમિક ફરજ અદા કરવાની નૈતિકતા બતાવવાનું હજી પણ સૂઝ્યું નથી. આજની તારીખે આ બીલની રકમ ઓછામાં ઓછી ૩૫-૪૦ લાખ થાય અને સંમેલનના મુખ્ય દાતાની સમકક્ષ તેમનું સ્થાન આવી શકે તેમ કહીએ તો તેમાં બહુ અતિશયોક્તિ થતી નથી.

આ લખાય છે ત્યારે, સંમેલનના આઠ દિવસ પહેલાં, સંમેલનના તોતીગં ખર્ચ સામે અડધી રકમનાં પણ વચનો મળ્યા નથી અને અપેક્ષિત દાતાઓમાંથી કોઇ એક દાતા પર વીસેક લાખની રકમ નોંધાવવા તેના પર કથિત અંગત આરોપોનું નિરૂપણ કરીને અજુગતું, દબાણ લાવીને, તો કોઇ અન્ય દાતાએ બે-અઢી લાખ નોંધાવવાની સમર્થતા બતાવી તો તેમના તરફથી તો અગિયાર લાખથી ઓછા ન હોય તેમ સૂચવી પહેલાં તો તે બે-અઢી લાખ પણ સ્વીકારવાની ના પાડી દઇને જાણે દેણદાર પર યેનકેન પ્રકારેણ દાબ અજમાવીને પૈસા વસૂલ કરવાના હોય તે પ્રકારના પ્રયત્નો થઇ રહ્યા છે. આ રીતે, પોતાની વિશ્વસનીયતાના ભોગે, અસ્વૈચ્છિક અનુદાનો મેળવીને સંમેલન યોજનાર સમસ્ત મહાજન પોતાને જ્ઞાતિની કેન્દ્રવર્તી સંસ્થા કહેડાવવાની પાત્રતા ગુમાવી બેઠું છે, તેમ કહીએ તો તેમાં ઘણો સાર આવી જાય છે.

ઉપરાંત, સમસ્ત મહાજન એક જાહેર ટ્રસ્ટ છે એટલે સંમેલનના ભાગરૂપ વિવિધ માળખાકીય કામો માટે ટ્રસ્ટીઓએ રસ ધરાવતા પક્ષકારો પાસેથી ક્વોટેશનો મંગાવાની વિધિ કરવાની હોય પણ તે થઇ હોય તેમ જણાતું નથી. ટ્રસ્ટીઓ આ બાબતે સંતોષજનક ખુલાસો આપી શકશે કે કેમ તે પણ એક પ્રશ્ન છે.

સંમેલનના બે-એક દિવસ દરમ્યાન, મહિલા સશક્તિકરણ સંમેલન અને યુવા ફેસ્ટીવલ માટે અલગ

અલગ ગુંબજોમાં જુદી જુદી જાણકારી-માહિતી આપનારા સલાહકારો અને મોટીવેશનલ પ્રશિક્ષકો દ્વારા વાર્તાલાપ-કાર્યશાળાઓ યોજવા બદલ મોટા ભાગના મહિલા-યુવાઓ નિખાલસતાથી કબૂલ કરે છે કે અમે જે બધા વિષયે સુપરિચિત-સુમાહિતીગાર છીએ અને અવારનવાર આ પ્રકારના પરિસંવાદો વગેરેમાં ભાગ લઇએ છીએ તેવા જ કાર્યક્રમ માટે અમારા સમયનો દુર્વ્યય કરાવવાનો શો અર્થ છે?

તેવી જ રીતે, ખરડા સમિતિ અને વિષય વિચારણા સમિતિએ તૈયાર કરેલા ઠરાવોના મુસદ્દાઓની ઉપસ્થિત જ્ઞાતિજનોની વિચારણા માટે, સંમેલનના છેલ્લા દિવસે ખુલ્લા સંમેલનમાં ત્રણેક કલાક જ ફાળવાયા છે જે એક નરી ઔપચારિકતા માત્ર બની રહેશે, મોટા ભાગના તે ઠરાવો લગભગ યથાવત પસાર થશે તે માટે જ્ઞાતિજનોને કચ્છ સુધી સંમેલનમાં બોલાવવાની શી આવશ્યકતા છે ?

વળી, સંમેલનમાં જેમના સન્માન થવાના છે તેમાંથી કેટલાક મહાનુભાવોને તો સંમેલનના આઠેક દિવસ પહેલાં જ તેની જાણ અને આમંત્રણ અપાયા છે. આ પ્રકારે અગત્યના નિર્ણયો અંગે ટ્રસ્ટીઓ મોડે સુધી અનિર્ણિત રહ્યા છે તે તેમની કાર્યવાહી સુગ્રથિત ન હોવાનું સ્પષ્ટપણે દર્શાવે છે. આમ, જે સંમેલનમાં સમસ્ત મહાજનના સભ્યો એટલે કે વિવિધ સ્થાનિક મહાજનો પર્યાપ્ત પણે સક્રિય ન હોય, તેમજ પોતે સંમેલનમાં મોકલેલ પ્રતિનિધિ દીઠ ઓછામાં ઓછું ૧૦ થી ૧૫ હજારનું અનુદાન આપવા જેટલો પણ સહકાર આપવા તૈયાર ન હોય, જે સંમેલનમાં ઉપસ્થિત રહેવા જ્ઞાતિજનોને બીજા કાર્યકરો મારફતે વિનંતિઓ કરવી પડતી હોય અને જે સંમેલનના ખર્ચ માટે અનુદાનો આપવા દબાણ કરવું પડતું હોય તે જ્ઞાતિના બે-અઢી કરોડ ખંખેરતા સંમેલન માટે તેના આયોજકોને કચ્છમાં સંમેલન યોજવા બદલ મોડે મોડે પણ પશ્ચાતાપ થતો હશે કે કેમ ?

## હાર્દિક શ્રધ્ધાંજલિ



**શ્રી ઠાકરશીભાઇ પદમશી પનપારીયા**
નાગ્રેચા-વડોદરા

સત્કાર્યો તમારી શોભા હતી,
સજ્જનતા તમારી સુવાસ હતી
પ્રસન્નતા તમારૂં જીવન હતું,
પરોપકાર તમારૂં રટણ હતું.
**આપના દિવ્ય આત્માને**
**અમારા સહુની હાર્દિક શ્રધ્ધાંજલિ.**

**લી. પુષ્પાબેન નરશી ખોના**
**વિજયાબેન જયંતિલાલ મોમાયા,**
**ગુણવંતીબેન ગુલાબ દંડ**

# શ્રી સુસભ લોડાયા પરિવારના દેવસ્થાન

જય માતાજી સાથે સહર્ષ જણાવતા આનંદ હેલી છલકાઇ રહી છે.

શ્રી મોટી ખાવડી મુકામે બીરાજતા શ્રી લોડાયા પરિવારના દેવસ્થાન તેમના મંગલમય બારમાં વર્ષમાં પ્રવેશી રહ્યું છે. તો તેમની બારમી ધ્વજા તથા ગંધી પ્રસંગે પધારવા આપને ભાવભર્યું આમંત્રણ છે.

## કાર્યક્રમની રૂપરેખા

**તા. ૧૫-૪-૨૦૧૯**ના વાર સોમવારના સાંજની સાધર્મિક ભક્તિ **માતુશ્રી જમનાબેન પાસુભાઇ રૂપશી લોડાયા સહપરિવાર** તરફથી.

**તા. ૧૬-૪-૨૦૧૯ થી તા. ૧૭-૪-૨૦૧૯**ના બન્ને દિવસની સાધર્મિક ભક્તિના દાતા પરિવાર **માતુશ્રી સુંદરબેન શામજી લોડાયા સહપરિવાર** તરફથી છે. હસ્તે : **દર્શનાબેન શાંતિલાલ લોડાયા.**

**તા. ૧૬-૪-૨૦૧૯**ના સાંજના **દાદાનો સમુહ પાઠ** તથા **માતાજીની ભાવના** રાખેલ છે. માતાજીની ભાવનામાં ચડાવા બોલવામાં આવશે અને ત્યારે જ આદેશ આપવામાં આવશે અને સાંસ્કૃતિક કાર્યક્રમ રાખેલ છે.

**તા. ૧૭-૪-૨૦૧૯**ના **સચ્ચાઇ માતાજીની ધ્વજા, ભલારાદાદાની ધ્વજા** તથા **સુરાપુરા દાદાની ધ્વજા** તથા **સુરાપુરા દાદાની ગંધી બદલવા**માં આવશે. સર્વે ભાવિકોને તન મન ધનથી સાથ સહકાર આપશો. સર્વે ભાવિકોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. સમુહ નિવેદ તથા મંદિર નિભાવ માટે ફાળો લખાવવા નમ્ર વિનંતી. ફાળો લખાવવા કમીટી મેમ્બરનો સંપર્ક કરવા વિનંતી.

**કારોબારી કમીટી**

| | |
|---|---|
| **પંકજ હીરાચંદ લોડાયા** | **- 9898214141** |
| **દેવેન્દ્ર ચંદુલાલ લોડાયા** | **- 9998672190** |
| **વિમલ ચંદુલાલ લોડાયા** | **- 9712500765** |
| **ગીરીશ ખીમજી લોડાયા** | **- 7738823247** |
| **જીવરાજ ગોવિંદજી લોડાયા** | **- 9322266103** |
| **ભરત પાસુભાઇ લોડાયા** | **- 9833772735** |
| **કિરીટ કાંતિલાલ લોડાયા** | **- 9920472971** |

## આવો, આપણે સામૂહિક અનુગ્રહિત વિનમ્ર વંદના દ્વારા જ્ઞાતિભાવનાનું સંવર્ધન કરીએ

આપણા પ્રાત: સ્મરણીય શેઠ શ્રી નરસીનાથાની પુણ્યતિથિ, જ્ઞાતિના પરમ આસ્થા સ્થાન શ્રી અનંતનાથજી જિનાલય, વતનનાં કચ્છ-હાલારનાં ગામોમાં અને અન્યત્ર જ્ઞાતિશ્રેષ્ઠીઓએ નિર્મિત કરેલા દેરાસરજીઓ-જિનાલયોની વર્ષગાંઠના દિવસોએ ત્યાંના મૂળનાયક પ્રભુજીઓને સ્મરીને આપણા સર્વ પૂર્વજો, વડવાઓ, જ્ઞાતિને ગૌરવ-ગર્વ અપાવે એવા મહાનુભાવોને આજની આપણી આર્થિક-સામાજિક-ધાર્મિક ક્ષેમકુશળતા બદલ ઉપકૃત બનીને નીચેની આગામી ત્રણ મહિના દરમ્યાનની તિથિઓ/દિવસોએ એક સાથે એક જ સમયે (બપોરના ૧૨.૩૯) આપણે ઘર, ઓફિસ, શાળા-કોલેજ, પ્રવાસ-જ્યાં પણ હોઈએ **ત્યારે એકાદ-બે મિનિટ ધ્યાનસ્થ થઈને વિનમ્ર સામૂહિક વંદન કરીએ અને પરસ્પર મંગલ-કલ્યાણ વાંછીએ** (અલબત્ત, આ યાદી અપૂર્ણ છે જે પૂરી કરવા વાચકોને પણ માહિતી મોકલવા અનુરોધ કરીએ છીએ.)

| | | |
|---|---|---|
| માગસર વદ ૬ | ૨૧-૧૨-૧૮ | તિરૂપુર સુવિધિનાથ જિનાલય વર્ષગાંઠ |
| માગસર વદ ૩૦ | ૦૫-૦૧-૧૯ | શેઠશ્રી નરસી નાથાની પુણ્યતિથિ (અચલગચ્છીય જૈન તિથિપત્રિકા અનુસાર) |
| | ૧૦-૦૧-૧૯ | જ્ઞાતિના પરમ શિક્ષણપ્રેમી અગ્રણી શ્રી લક્ષ્મીચંદ લાલજી રામજીની ૧૦૦મી જન્મ જયંતિ (આજથી સીત્તેરેક વર્ષ પહેલાં, જ્ઞાતિના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓને શૈક્ષણિક સહાય અને શિષ્યવૃત્તિઓ દ્વારા પ્રોત્સાહિત કરવા સ્થાપાયેલ શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટને શેષ સર્વ જરૂરી આર્થિક અનુદાન આપીને અને ૬૦ વર્ષ પહેલાં લાલજી રામજી બુકબેંક યોજના શરૂ કરીને તે દ્વારા જ્ઞાતિ વિદ્યાર્થીઓને મોંઘા પુસ્તકો પૂરા પાડી જ્ઞાતિને ૧૦૦ પ્રતિશત શિક્ષિત કરવાની દિશામાં અનન્ય સમપર્ણ ભાવ દાખવનાર ઉદારદિલ ઉદ્યોગપતિ અને વિનમ્ર સામાજિક અગ્રણીની ૧૦૦મી જન્મ જયંતિ) |
| મહા સુદ ૫ | ૦૯-૦૨-૧૯ | નલીયા તીર્થ, જખૌ તીર્થ, તેરા તીર્થ, લાલા તીર્થ, કચ્છ માંડવી બંદરે અજિતનાથ જિનાલય, ચોપડા (મહારાષ્ટ્ર) જિનાલય વર્ષગાંઠ, જસાપર જિનાલય વર્ષગાંઠ |
| મહા સુદ ૬ | ૧૦-૦૨-૧૯ | શ્રી અજિતનાથ જિનાલય, સુજાપુરની વર્ષગાંઠ |
| મહા સુદ ૧૦ | ૧૪-૦૨-૧૯ | શ્રી મહાવીરસ્વામી જિનાલય, બાયઠની વર્ષગાંઠ |
| મહા સુદ ૧૩ | ૧૬-૦૨-૧૯ | કોઠારા તીર્થ, વારાપધર તીર્થ, કેશવજી નાયક શહેર પાલીતાણા જિનાલય/તીર્થ વર્ષગાંઠ, શ્રી ખંડવા પાર્શ્વનાથજી જિનાલય વર્ષગાંઠ |
| મહા વદ ૨ | ૨૦-૦૨-૧૯ | જશાપર દેરાસરની વર્ષગાંઠ |
| મહા વદ ૧૪ | ૦૪-૦૩-૧૯ | સેવક ભરૂડીયા જિનાલય વર્ષગાંઠ |
| ફાગણ સુદ ૨ | ૦૭-૦૩-૧૯ | શ્રી વાંકુ જિનાલય વર્ષગાંઠ |
| ફાગણ સુદ ૩ | ૦૮-૦૩-૧૯ | સાંયરા તીર્થ જિનાલય વર્ષગાંઠ, શ્રી શાંતિનાથજી જિનાલય વાલગીરી, શ્રી પાર્શ્વનાથજી જિનાલય કુમઠાની વર્ષગાંઠ |
| ફાગણ વદ ૨ | ૨૨-૦૩-૧૯ | ગોએરસમા, ગોરખડી અને બારોઈ જિનાલય વર્ષગાંઠ |
| ફાગણ વદ ૩ | ૨૩-૦૩-૧૯ | શિક્ષણપ્રેમી યતિવર્ય શ્રી ક્ષમાનંદશ્રીજી મહારાજ સાહેબની પુણ્યતિથિ |

## ભાંડુપમાં અનંતસિધ્ધિના ભાડુતો અને અનંતનાથજી ટ્રસ્ટીઓ વચ્ચે વિવાદ

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ભાંડુપમાં અનંતસિધ્ધિમાં તળ મજલાના એક ફ્લેટમાં, મુંબઈ મહાજન હસ્તક નરસી નાથા મેડીકલ ટ્રસ્ટના નેજા હેઠળ પેથોલોજી લેબોરેટરી શરૂ કરવા આપેલ પરવાનગી અને તદનુસાર તેમાં દુરસ્તી-નવીનીકરણનું કામ કરાયેલ તેના અનુસંધાનમાં ૧૬ ડિસેમ્બરના આ લેબનું ઉદ્‌ઘાટન થવાનું નક્કી થયેલ તે બાબતે અનંતસિધ્ધિના મોટા ભાગના ભાડુતોએ, ત્યાં ઇતર જ્ઞાતિ/કોમોના અનેક લોકોની અવરજવરથી રહેણાકોની સુરક્ષાના અને અન્ય મુદ્દે વાંધો ઉઠાવ્યો હતો તે મામલો પોલિસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. ટ્રસ્ટીઓ પોતાના પક્ષે આ બાબતે તેમના નિર્ણયના સમર્થનમાં વિવિધ વ્યાજબી કારણો ને હકીકતો દર્શાવી રહ્યા છે. હજી પણ બંને પક્ષો ઘેરા વાદ-વિવાદમાં વર્તી રહ્યા છે.

# શ્રી મંજલ રેલડીયા નગરે નૂતન જિનાલયનું શિલાન્યાસ કાર્યક્રમ ઉમંગભેર સંપન્ન થયું

શ્રી આદેશ્વરજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ્સ ટ્રસ્ટના નેજા હેઠળ શ્રી મંજલ રેલડીયા નગરે નૂતન જિનાલયનાં નવનિર્માણ કાર્ય માટે તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતી પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાથી જ્યોતિષાચાર્ય પ.પૂ. આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. તથા મંજલ રેલડીયા રત્ન પ.પૂ. પ્રિયંકરસાગરજી મ.સા.ની શુભ નિશ્રા અને આશિર્વાદથી સફળતાપૂર્વક ગ્રામજનો તથા પધારેલ આમંત્રિત મહેમાનોની હાજરીમાં સંપન્ન થયું.

અબડાસા તાલુકાના પાંખી વસ્તી ધરાવતા ગામમાં ૨૫૦થી પણ વધુ લોકોની હાજરીથી ગામમાં ઉત્સાહનો માહોલ સર્જાયો. દિનાંક ૦૯-૧૨-૨૦૧૮નાં સવારનાં ૫.૪૦ કલાકે નવગ્રહ પાટલા પૂજન, અષ્ટમંગલ અને દશદિક્પાલનું પૂજન તથા ખનન વિધિ વિધિકારશ્રી ચન્દ્રકાન્ત દેઢીયા અને સંગીતકારોની કર્ણમય સુરાવલીઓમાં વિધિ વિધાન સાથે વિનાવિઘ્ને સવારનાં ૯-૧૫ કલાકે પૂર્ણ થયું. રાત્રે ગામનાં લોકગાયકો તેમજ મુંબઈથી પધારેલ ભાઈ-બહેનોએ ભાવનામાં રંગત જમાવી પ્રભુશ્રીની ભક્તિમાં મન મૂકીને નૃત્યો, ગરબા કર્યા.

દિનાંક ૧૦-૧૨-૨૦૧૮ને સોમવારના સુપ્રભાતે દેરાસરજીનાં પ્રાંગણમાં જુદા જુદા ટેબલો પર ૯ શિલાઓ તેમનાં પુજનની સાધન સામ્રગી સાથે મુકવામાં આવી અને સુંદર વ્યવસ્થા જાળવી તેમનું પુજન કરવામાં આવ્યું.

સવારનાં ૧૧:૩૦ કલાકે શિલાન્યાસ માટે તૈયાર કરેલ ખનન ચોકમાં ૧૦ ફુટ ઉંડે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સોમપુરા શ્રી જીતુભાઈ ટાકની ઉપસ્થિતિમાં પ.પુ. મહારાજ સાહેબોનાં વાસક્ષેપથી આશિર્વાદ સહિત નવ શિલાઓની સ્થાપના કરવામાં આવી અને ઉપર ચોગાનમાં દરેક શિલાન્યાસ વખતે હાજર મેદનીએ ગગન ભેદી જય જયકારથી વધામણાં કર્યા.

શિલાન્યાસ વિધિ પહેલા પુ. ગુરુદેવોએ આશિર્વાદ આપતાં શ્રી જિનાલયમાં નવનિર્માણનાં દાતા માટે ટહેલ નાખી અને ઉમંગપૂર્વક રૂા. ૩૦ લાખનાં દાનો ટુંક સમયમાં મંજલ પધારેલ ગામવાસીઓ તરફથી જાહેર થયા.

સંપૂર્ણ કાર્યક્રમની વ્યવસ્થા જાળવવામાં શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘનો સુંદર સહકાર સાંપડેલ અને પધારેલ સૌ અલ્પ સમયમાં કરેલ તૈયારી તેમજ મન ભાવન ભોજનનાં વખાણ કરતાં મુંબઈ તરફ પાછા રવાના થયા.

| ક્રમ | દિશા | શિલા | નિધિ | આયુધ | શિલાસ્થાપન ના ભાગ્યશાળીનું નામ |
|---|---|---|---|---|---|
| ૦૧ | અગ્નિ | નંદા | પદ્મ | શક્તિ | માતુશ્રી રશ્મીબેન હિરાચંદ રતનશી ગાલા પરિવાર (માંડવી-કચ્છ) |
| ૦૨ | દક્ષિણ | ભદ્રા | મહાપદ્મ | દંડ | માતુશ્રી દમયંતીબેન કાંતિલાલ અરજણ દંડ પરિવાર (મુલુંડ) |
| ૦૩ | નૈરૂત્ય | જયા | શંખ | ખડ્ઝ | માતુશ્રી હંસાબેન સુરેશ મેઘજી ધરમશી (મસ્જીદબંદર) |
| ૦૪ | પશ્ચિમ | રિક્તા | મકર | પાશ | માતુશ્રી નેણબાઈ હિરજી ખીંચશી લોડાયા પરિવાર (ડોંબીવલી) |
| ૦૫ | વાયવ્ય | અજિતા | કુંદ | અંકુશ | માતુશ્રી ભાણબાઈ પાસુભાઈ વીરજી ગોસર પરિવાર (માટુંગા) તથા માતુશ્રી કુંવરબાઈ હિરજી કરમશી વોરા પરિવાર (ભાંડુપ) |
| ૦૬ | ઉત્તર | અપરાજિતા | નિલ | ગદા | માતુશ્રી દમયંતીબેન મધુકાંત અરજણ દંડ પરિવાર (મુલુંડ) |
| ૦૭ | ઈશાન | શુકલા | કચ્છપ | ત્રિશુળ | માતુશ્રી સુશીલાબેન ઝવેરચંદ ધરમશી પરિવાર (અંધેરી) |
| ૦૮ | પૂર્વ | સૌભાગિની | મુકુન્દ | વ્રજ | માતુશ્રી જયાબેન ચત્રભૂજ અરજણ દંડ પરિવાર (ભાંડુપ) |
| ૦૯ | મધ્ય | ધરણી | ખર્વ | કુર્મ | માતુશ્રી નિર્મળાબેન પ્રફુલ ધનજી લોડાયા પરિવાર (ભાંડુપ) |

## :: નિર્માણ દાતાશ્રીઓ ::

માતુશ્રી વાલબાઈ વિશનજી ધરમશી પરિવાર
માતુશ્રી દમયંતીબેન કાંતિલાલ અરજણ દંડ પરિવાર
માતુશ્રી રશ્મિબેન હીરાચંદ રતનશી ગાલા પરિવાર
માતુશ્રી કુંવરબાઈ હીરજી કરમશી વોરા પરિવાર
માતુશ્રી ભાણબાઈ પાસુભાઈ વીરજી ગોસર પરિવાર
માતુશ્રી પ્રેમાબાઈ ધનજી લોડાયા પરિવાર

## :: સહાયક દાતાશ્રી ::

માતુશ્રી જયાબાઈ વિશનજી મારૂ (ટ્રસ્ટ)

## :: લાખેણા દાતાશ્રી ::

માતુશ્રી રશ્મિબેન હીરાચંદ રતનશી ગાલા પરિવાર
માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા પરિવાર
માતુશ્રી દમયંતીબેન મધુકાન્ત દંડ પરિવાર

# ઓસવાલોની ઉત્પતિ - ૭

**રમેશ મુલજી લોડાયા, ભરૂડિયા-મુલુંડ, મો. 9820336767**

(આ પહેલાં, જ્ઞાતિની વિવિધ અટક-નુખની ઉત્પતિ અંગે ખૂબ જ જહેમત અને ચીવટથી ઊંડાણપૂર્વક સંશોધન કરીને તે વિષે રમેશભાઇ દ્વારા એક સમૃધ્ધ લેખશ્રેણી 'પ્રકાશ-સમીક્ષા'માં પ્રગટ થઇ ગઇ છે. હવે તેઓ આપણી જ્ઞાતિની પરાપૂર્વ સમયની ઓશવાલ તરિકેની મૂળ ઓળખ કે જાતિના ઉદ્ભવ સંદર્ભે જે અનેકવિધ તર્ક-અનુમાન પ્રસારિત કે પ્રચલિત થયા છે તેને પણ પોતાની આગવી સંશોધાત્મક દૃષ્ટિથી અવલોકીને એક વિશેષ શ્રેણી આપી રહ્યા છે.)

યતિશ્રી રૂપચંદજી એમનાં ગ્રંથ ''જૈન સંપ્રદાય શિક્ષા જે સંવત ૧૯૬૭માં લખાયો'' માં ''વંશોત્પત્તિ કા ઈતિહાસ'' પ્રકરણની શરૂઆત નીચે મુજબનાં કવિતથી કરે છે.

**વર્ધમાન કે ચરણયુગ, નિત વન્દોં કર જોર,**
**ઓસવાલ વંશાવલી, પ્રકટ કર્યું ચહું ઓર ।।૧।।**
**શ્રી સરસ્વતિ દેવો સુમતિ, અવિરલ વાણિ અથોહ,**
**ઓસવાલ ઉપમા ઈલા, સકલ કલા સારાહ ।।૨।।**
**દાન વીર સબ જગતમેં, ધનયુત ગુણ ગંભીર,**
**રાજાંશ ચઢતી કલા, જસ સુરધુની કો નીર ।।૩।।**
**સકલ બારહોં ન્યાતમેં, ધનયુત રાજકુમાર,**
**શૂરવીર મછરાલ હૈ, જાનૈ સબ સંસાર ।।૪।।**

અગાઉ 'મહાજન વંશ મુક્તાવલી'ના લેખક યતિશ્રી રામલાલજીના વર્ણનને મળતી આવતી કથા છે. કથા મુજબ શ્રીમાલ (હાલનું ભિન્નમાલ)ના રાજા ભીમસેનના પુત્ર શ્રીપુંજના પુત્ર ઉત્પલ (ઉપલદે) અને ઉહડમંત્રીએ ઉપકેશપટ્ટણ (ઓસિયા) વસાવ્યું જ્યાં ભિન્નમાલથી ૧૮૦૦૦ કુટુંબો આવી વસ્યા. તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં છઠ્ઠા પટ્ટધર શ્રી રત્નપ્રભસૂરિ મહારાજ વીર સંવત ૭૦ (મહાવીર સ્વામીનાં નિર્વાણથી ૭૦ વર્ષ પછી) અર્થાત વિક્રમ સંવતથી ૪૦૦ વરસ પહેલા વિહાર કરતાં ઓસિયા આવ્યા અને સર્પદંશથી મૂર્છિત ઉપલદે પૂત્ર મહીપાલને જિવિત કર્યો અને રાજવી તથા પ્રજાજનોને પ્રતીબોધી જૈની બનાવ્યા. રાજવીએ ગુરૂને નગરનાં મિથ્યાત્વી મતના આગેવાનો છે તેની સાથે શાસ્ત્રાર્થ કરી એમને પરાસ્ત કરી નગરમાં દયામુલ ધર્મ ફેલાવો. આચાર્યશ્રીએ વાત સ્વીકારી અને પાખંડીઓ સાથે શાસ્ત્રાર્થ કરી એમને હરાવ્યા અને એમને જૈનમાર્ગી બનાવ્યા.

છત્રીસ કુળના રાજપૂતોએ દયામૂલ જૈન ધર્મનો અંગીકાર કર્યો. આ છત્રીસ કુળમાં જેઓ રાજકુલનાં હતા એ બધાનાં નામો આ પ્રાચીન છપ્પય છંદ થી જાણી શકાય છે.

વર્ધમાન તણેં પછૈ વરષ બાવન પદ લીયો ।
શ્રી રતન પ્રભ સૂરિ નામ તાસુ સત ગુરૂ વ્રત દીયો ।।
ભીનમાલ સું ઉઠિયા જાય ઓસિયાં બસાણા ।
ક્ષત્રિય હુઆ શાખ અઠારા ઉઠૈ ઓસવાલ કહાણા ।।
છેક લાખ ચૌરાસી સહસ ઘર રાજકુલી પ્રતિબોધિયા ।
શ્રી રતન પ્રભ ઓસ્યાં નગર ઓસવાલ જિણ દિન કિયા ।।૧।।
પ્રથમ સાખ પઁવાર સેસ સીસૌદ સિંગાલા ।
રણથમ્ભા રાઠોડ બંસ ચંવાલ વચાલા ।।
દૈયા ભાટી સૌનગએ કછાવા ધનગૌડ કહીજૈ ।
જાદમ ઝાલા જિંદ લાજ મરજાદ લહીજૈ ।।
ખરદરા પાટ ઔ પેખરા લેર્ણા પટા જલા ખરા ।
એક દિવસ ઈતા મહાજન હુવા સૂર વડા ભિડસાખરા ।।૨।।

એ સમયે શ્રી રત્નપ્રભસૂરિ મહારાજે ઉપર કહેલ રાજપૂતોની શાખાઓનું 'મહાજનવંશ' અને ૧૮ ગોત્ર સ્થાપ્યા જેનાં નામ ૧-તોતહડ ગોત્ર, ૨-બાફણા ગોત્ર, ૩-કર્ણાટ ગોત્ર, ૪-બલહરા ગોત્ર, ૫-મોરાક્ષ ગોત્ર, ૬-કુલહટ ગોત્ર, ૭-વિરહટ ગોત્ર, ૮-શ્રી શ્રીમાલ ગોત્ર, ૯-શ્રેષ્ઠિગોત્ર, ૧૦-સુચિંતી ગોત્ર, ૧૧-આઇચણાંગ ગોત્ર, ૧૨-ભૂરિ (ભટેવરા) ગોત્ર, ૧૩-ભાદ્રગોત્ર, ૧૪-ચીવટ ગોત્ર, ૧૫-કુંભટ ગોત્ર, ૧૬-ડિંડૂ ગોત્ર, ૧૭-કનોજ ગોત્ર, ૧૮-લઘુ શ્રેષ્ઠી ગોત્ર.

ઉપર કહ્યા મુજબ મહાજન વંશની સ્થાપના જૈનાચાર્ય શ્રી રત્નપ્રભસૂરિજી મહારાજે કરી અને એમના પછી વિક્રમ સંવત ૧૬૦૦ સુધી અનેક જૈનાચાર્યોએ રાજપૂત, મહેશ્વરી, વૈશ્ય અને બ્રાહ્મણોને પ્રતિબોધી મહાજન વંશનો વિસ્તાર કરી એમનો મહાજન વંશમાં અનેક ગોત્રોની સ્થાપના કરી છે.

આ પુસ્તકમાં યતિશ્રીએ સંચેતી, વરદિયા છાજેડ, ભાંડશાલી, આદિગોત્રની ઉત્પતિની વિગતો લખી છે તેમજ ૬૦૯ ગોત્રોની યાદી આપી છે. કોઇ સેવક (ભોજકે) સંવત ૧૬૦૦માં ઓસવાલોના ગોત્રોની સંખ્યા કેટલી છે તેની નોંધ કરતાં ૧૪૪૪ ગોત્રો થયા છે. પરંતુ આ સંખ્યા મૂળ ગોત્રમાંથી નીકળેલ અનેક પેટા શાખાઓને કારણે થઇ હશે.

''શ્રી વિધિપક્ષ (અંચલ) ગચ્છીય મહોટી પટ્ટાવલી'' નામનો ગ્રંથ એજ ગચ્છમાં થયેલા જુદા જુદા આચાર્યોએ એજ ગચ્છની પટ્ટ પરંપરામાં શ્રી મહાવીર સ્વામી પછી થયેલા આચાર્યોના ઇતિહાસ રૂપે રચેલો છે અને તે સમયાંતરે જુદા જુદા વિભાગોમાં લખાયેલો છે. આ ગ્રંથમાં ઓસવાલોની ઉત્પત્તિ અંગે નીચે મુજબ ઉલ્લેખ છે.

શ્રી મહાવીર પ્રભુથી સીત્તેર વર્ષો ગયા બાદ શ્રી પાર્શ્વનાથ પ્રભુની છઠ્ઠી પાટે સ્થવિર શ્રી રત્નપ્રભ નામનાં આચાર્ય થયા. તેમણે ઉપકેશ નગરમાં એક લાખ એંસી હજાર ક્ષત્રિય પુત્રોને પ્રતિબોધ્યા અને તેઓએ જૈન ધર્મ સ્વીકારવાથી તેઓને તેમણે ઉપકેશ (ઓશવાળ) નામના વંશમાં સ્થાપ્યા.

''કચ્છી દશા ઓશવાળ નાતના કેસો'' નામનું પુસ્તક શ્રી ગોકળદાસ જેચંદ ઝવેરીએ સને ૧૮૯૫માં લખ્યું જેમાં કચ્છી દશા ઓસવાળની ઉત્પત્તિ અંગે નીચે મુજબનું લખાણ જોવા મળે છે.

આ નાતની ઉત્પત્તિ વિશે પ્રબળ પ્રમાણ જણાતું નથી. પણ કેટલીક દંતકથાઓ ચાલે છે, તેમાંની માનવા લાયક એવી હકીકત માલમ પડે છે કે, મારવાડની પાસે એક વિશાળ ઓશીયા નામે નગરી હતી. આ નગરમાં ચાર કીલ્લા હતા. તેમાંના પ્રથમ કીલ્લામાં રાજ્યવર્ગ, બીજામાં ક્રોડાધીપતીઓ, ત્રીજામાં લક્ષાધીપતીઓ અને ચોથામાં સાધારણ લોકો રહેતા હતા. ઘણું કરી રાજપુતોએ સ્વીકારેલા જૈન ધર્મીઓ ઓશીયા નગરના રહેવાશી હોવાથી તે નગરના નામે ઓશવાળ કહેવાયા.

''શ્રી જૈન ગોત્ર સંગ્રહ''ના લેખક પંડિત શ્રાવક હીરાલાલ હંસરાજ લાલને સને ૧૯૨૩માં લખેલ આ પુસ્તકમાં ઓસવાલોની ઉત્પત્તિ અંગે નોંધ્યું છે કે :

શ્રી વીરપ્રભુ પછી બાવન વર્ષો વીત્યાં બાદ શ્રી પાર્શ્વનાથથી છઠ્ઠી પાટે તેમના સંતાનમાં ઉપકેશ ગચ્છમાં શ્રી રત્નપ્રભસૂરિજી આચાર્ય પદ પર આવ્યા. ત્યાર પછી અઢાર વરસો વીત્યાં બાદ એટલે શ્રી વીરપ્રભુથી સીતરેમેં વરસે તે મારવાડમાં આવેલી ઓશ્યા નગરીમાં પધાર્યા. ત્યાં તેમણે ચામુંડરાય આદિક એક લાખ એંસી હજાર રાજપુત્રોને એટલે ક્ષત્રિઓને પ્રતિબોધીને જૈન કર્યા, અને તે ઓશ્યા નગરીના નામ પરથી તેમની જ્ઞાતિનું નામ 'ઓશવાળ'' પાડ્યું. જેની ઓશવાળોની ઉત્પત્તિ ક્ષત્રિઓમાંથી આજથી લગભગ ચોવીસો વર્ષ પહેલા થયેલી સંભવે છે. તે ઓશવાલોના અનેક ગોત્રો છે.

– ક્રમશઃ


## પ્રથમ પુણ્યતિથીએ ભાવભરી શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૩૦/૧૨/૧૯૩૮

અરિહંત શરણ :
તા. ૨૬/૧૨/૨૦૧૭

**શ્રીમતી દેવકાબેન હેમરાજ લોડાયા** - ગામ સુથરી - મલકાપુર (M.S.)

જીવનના દરેક ડગલે, કુટુંબના દરેક પગલે, તમે પરિવારના સદા પથદર્શક રહ્યા,
એક વર્ષ વિત્યું તમારી વિદાયને, પણ તમારા સ્નેહ સંસ્કારો હરપળ યાદ આવે છે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને ચિરશાંતી સાથે ઉચ્ચગતી આપે એજ પ્રાર્થના.

**શોકાતુર પરિવાર**

| | | | |
|---|---|---|---|
| હેમરાજ પુંજાભાઇ લોડાયા પરિવાર | – મલકાપૂર | સૌ. સ્મિતાબેન રાજેન્દ્ર મોમાયા પરિવાર | – ધુલીયા |
| પદમશી પુંજાભાઇ લોડાયા પરિવાર | – ડોંબિવલી | નારાયણજી નરશી મૈશેરી પરિવાર | – અમદાવાદ |
| વાલજી પુંજાભાઇ લોડાયા પરિવાર | – મલકાપૂર | લહેરચંદ નરશી મૈશરી પરિવાર | – મુલુંડ |
| રાયચંદ પુંજાભાઇ લોડાયા પરિવાર | – કલકત્તા | નરશી જેઠાભાઇ દંડ પરિવાર | – મલકાપૂર |
| સ્વ. વિણાબેન રમેશ પદમશી હેફા (શાહ) | – મલકાપૂર | તથા કે.ડી.ઓ. જૈન સંઘ | – મલકાપૂર |

લિ. એજ : **હર્ષદ હેમરાજ લોડાયા** - મલકાપૂર (મો. 9552596697)

|| શ્રી ચંદ્રપ્રભુસ્વામિ નમઃ || || શ્રી ગજોડવાલા નાગરજા સતોદાદાય નમઃ || || શ્રી શાંતીનાથાય નમઃ ||



## શ્રી લાલા-સાધવ દંડ પરિવારના શ્રી ગજોડવાલા નાગરજા સતો દાદાના નૂતન દેવાલયનું મંગલ ઉદ્‌ઘાટન ખુબજ આનંદ-ઉમંગ-ઉત્સાહભેર

**કારતક વદ ૩, રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૮ ના સવારે ૯.૧૫ કલાકે શુભ મુર્હુતે થયેલ.**

**બન્ને ગામના દાદાને નમતા ભાવિકો સારી સંખ્યામાં (લગભગ ૮૦), જેટલા મુંબઈ, ગાંધીધામ, ભુજ-ભુજોડી, વેરાવળ, રાજકોટ, અમદાવાદ, ગોધરા, વડોદરાથી પધારેલ.**

દેવાલયના શુભારંભ તેમજ દેવસ્થાનને યજ્ઞોપવિત કરવા, પૂજન -હવન તથા પહેડીનું આયોજન કરવામાં આવેલ. શ્રી ગજોડ જૈન મહાજનના ટ્રસ્ટી શ્રી ટોકરશીભાઈ ચનાભાઈ વિકમ, સરપંચ શ્રીમતી મમતાબેન, તલાટી શ્રી તથા અન્ય મહાનુભવોએ પ્રસંગે હાજરી આપી શોભામાં અભિવૃધ્ધિ કરેલ.

**પહેડી-પ્રસાદ-સ્વામિવાત્સલ્યમાં પધારેલ ભાવિકો, ગજોડ ગામના ૧૦૦ જેટલા બાલક-બાલિકાઓ તથા અન્ય આમંત્રિત મળીને લગભગ ૨૫૦ જણાએ લાભ લીધેલ.**



મુખ્ય અને સહયોગી દાતાશ્રીઓના પરિવારોએ તેમજ પધારેલ સર્વે ભાવિકોએ પૂજન-હવન-આરતીમાં ખુબજ ઉમળકાથી ભાગ લીધેલ. સવારે ૧૨.૩૯ ના વિજય મુર્હુતે દેવાલયના શિખર ઉપર શ્રી કળશ ચઢાવી. દાતાશ્રીઓએ દાદાની ધજા લહેરાવી હતી. આ પ્રસંગ ખુબજ નિહળવા જેવો હતો. એક દિવ્ય અલૌકિક વાતાવરણા સર્જાઈ ગયું હતું.

**ભુઈમા અને ભુવાશ્રીઓના ગંધી બદલાવવાનો કાર્યક્રમ પણ યોજાયો હતો.**





- 'જંગલમાં મંગલ' કહેવત મુજબ દાતાશ્રીઓના સહયોગથી...
- આપ સર્વે પધારેલ/નહીં પધારેલ ભાવિકોની શુભ ભાવના અને કામનાથી...
- ગજોડ ગામના સ્થાનિક મોભીઓના સાથ સહકારથી...
- કોન્ટ્રેક્ટરશ્રી અબ્બાસભાઈની સખત મહેનતથી...
- કેટરર્સ-ડેકોરેટર્સ શ્રી રમેશભાઈની ઉદારદિલ કેટરીંગ સેવાથી....
- અંતે દાદાશ્રીની અસીમ કૃપાથી આ મંગલ કાર્યક્રમ નિર્વિઘ્ન આનંદપૂર્વક પૂર્ણ થયેલ.

**આપ સર્વેની ભુરી ભુરી અનુમોદના સહ અભિવાદન...**

**આ એક સુંદર યાદગાર પ્રસંગ, અમારા દંડ પરિવારના ઈતિહાસમાં, સુવર્ણ અક્ષરોમાં લખાઈ ગયો.**

કચ્છમાં કારમો દુષ્કાળ હોઈ, દાદાશ્રીની પ્રેરણાથી જીવદયામાં (ગાયના ઘાસચારા-કબુતર ચણ તેમજ કુતરાઓને રોટલા માટે)

**શ્રી ગજોડ ગામમાં રૂા. ૨૦,૦૦૦/- (રૂપિયા વીસ હજાર)**

બન્ને ગામના દંડ પરિવારો/ભાવિકો તરફથી લખાવવામાં આવ્યા છે. આપણે સૌ ભાવિકોએ દર વર્ષે જીવદયા-ગાયોની પાલના-રક્ષા માટે કાંઈક જરૂર કરવું જોઈએ એવી પ્રેરણા દાદાશ્રીએ કરેલ છે.



**દશાબ્દી વર્ષ**

જણાવતાં હર્ષ થાય છે કે આગામી દશમી પહેડી (દશાબ્દી વર્ષ)

**રવિવાર, તા. 3-૨-૨૦૧૯ ના (પોષ વદ-૧૪), સવારે ૯.00 થી ૨.00 કલાકે**

શ્રી આઈરીશ બેન્કવેટ હોલ, પી.કે. એસ્ટેટ, ડો. આર.પી.રોડ, જ્ઞાનસરીતા સ્કુલની બાજુમાં, મુલુંડ (વે) માં રાખવામાં આવેલ છે

**બન્ને ગામના ભાવિકો / નિયાણી બહેનોના પરિવારોને ભાવભીનું નિમંત્રણ...**

નોંધ : પહેડીમાં દાદાના જે પણ ભાવિકોને લાભાર્થી તરીકે લાભ લેવાની ભાવના હોય તેમણે પોતાના નામો લખાવી શકે છે.

સંપર્ક : ૯૭૬૯૨૬૦૭૩૯ / ૯૮૨૧૮ ૪૪૧૪૪ / ૯૩૨૨૧ ૨૬૬૦૨

||જય સચ્ચાઈ મા || || જય દેશર મા ||

# શ્રી મોટી સિંધોડી સ્નેહમિલન ૨૦૧૮ વહી ગયો પ્રસંગ... રહી ગયો ઉમંગ...

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, ટ્રસ્ટ બોર્ડ અને પ્રગતિ મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે, શ્રી ખુશાલભાઇ વેલજી મૈશેરીના પ્રમુખપદે અને નવકાર મહામંત્રના પરમ ઉપાસક શ્રી સોમચંદભાઇ વેલજી લોડાયા - આરીખાણા-મુલુંડ (ઇ)ના અતિથિ વિશેષ પદે તા. ૨-૧૨-૨૦૧૮ના મુલુંડ મધ્યે એક શાનદાન સ્નેહ મિલન યોજાયો.

શ્રી નેમીનાથ દાદાના ૧૦૮ વાર જાપ સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. સમારંભ પ્રમુખશ્રી, અતિથિ વિશેષ તથા સ્વામી વાત્સલ્યના દાતાશ્રીઓના શુભ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. વિશ્વમંત્ર એવા નવકાર મહામંત્ર અને તપસ્વી રત્ન અચલગચ્છાધિપતિ આ.ભ.પ.પૂ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સ્વમુખે (સીડી દ્વારા) માંગલિક શ્રવણ બાદ રાષ્ટ્રગીત થી કાર્યક્રમનો દોર આગળ વધ્યો.

મહાજનનાં અધ્યક્ષા શ્રીમતી હર્ષાબેન લોડાયાએ ઉપસ્થિત સૌને મીઠો આવકાર આપ્યો અને યુવાનોને સામાજીક પ્રવૃત્તિઓમાં જોડાવવાની પ્રેરણા આપી.

હવે સમય શરૂ થયો, સ્નેહ મિલનના 'હૃદય'' સમાન કાર્યક્રમ એટલે જિનાલય જીર્ણોધ્ધાર સંબંધિત ચડાવા લેવાનો. 'પદ્મા આર્ટસ'ના શ્રી ભાવિકભાઇ હરીયાના ઉત્કૃષ્ઠ ભાવ, અ.સૌ. ચેતનાબેન હરીયાની ચેતનવંતી ઉપસ્થિતિના સંગાથે શ્રી કીર્તિભાઇ હરીયા અને તેમની ટીમે સંગીત અને સૂરના સથવારે ''ચડાવા''ના નવા કીર્તિમાન સ્થાપિત કર્યા.

સ્વામી વાત્સલ્ય બાદ કાર્યક્રમનો દોર આગળ ચાલ્યો. અતિથિ વિશેષ તરીકે પધારેલા શ્રી સોમચંદભાઇ લોડાયાનો પરીચય ટ્રસ્ટી શ્રી દિનેશભાઇ મૈશેરીએ પોતાની આગવી શૈલીમાં આપ્યો. તેમનું તિલક, હાર, શાલ અને મોમેન્ટો સહ અભિવાદન કરવામાં આવેલ. પ્રત્યુત્તરમાં શ્રી સોમચંદભાઇએ સિંધોડી ગામ સાથેના પોતાના સંસ્મરણો તાજા કર્યા, સમાજના સર્વાંગી વિકાસમાં જોડાવવાની યુવાનોને પ્રેરણા આપી, સાથોસાથ શ્રી સંઘે આદરેલ મહાયજ્ઞ-જિર્ણોધ્ધાર-ના કાર્યમાં જ્વલંત સફળતા મળે એવી શુભેચ્છાઓ આપી. સમારંભ પ્રમુખ શ્રી ખુશાલભાઇ મૈશેરીનો પરીચય સંસ્થાના ચેરમેન શ્રી મુકેશભાઇ લોડાયાએ પોતાની વિશિષ્ટ શૈલીમાં આપ્યો. તેમજ તિલક, હાર, શાલ, અને મોમેન્ટો દ્વારા એમનું સન્માન કરવામાં આવેલ.

મુંબઇ મહાજનશ્રીના સુકાની શ્રી કલ્પેશભાઇ મોતા, સેક્રેટરી શ્રી રમેશભાઇ લોડાયા, સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રવિણભાઇ લોડાયા, નલીયા મહાજનશ્રી તેમજ આગામી સંમેલનના વરાયેલા પ્રમુખશ્રી મુલચંદભાઇ મોતા, જખૌ મહાજનના સેક્રેટરી શ્રી જયંતિલાલભાઇ મૈશેરી, શ્રી હીરાલાલ મહારાજ વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિથી સમારંભનો નજારો અનેરો બન્યો.

ટ્રસ્ટ તથા મહાજનશ્રીનો અહેવાલ ટ્રસ્ટી શ્રી ચિમનભાઇ લોડાયાએ આપ્યો. તપસ્વી બહુમાનનો લાભ માતુશ્રી રતનબાઇ ભવાનજી લોડાયા પરિવારે તથા સરસ્વતી સન્માનનો લાભ અ.સૌ. જ્યોત્સનાબેન લહેરચંદ મૈશેરી પરિવારે લીધો. સંસ્થાના ઉપ-પ્રમુખ શ્રી ભરતભાઇ લોડાયાએ સુંદર શબ્દોમાં આભાર વિધી કરી.

સ્નેહમિલનને માણવા-જાણવા ભોપાલથી શ્રી ચિમનભાઇ વેલજી મૈશેરી, ખુશાલભાઇ લક્ષ્મીચંદ ખોના તથા ચાલીસગાવથી શ્રી બકુલભાઇ ખીમજી મૈશેરી પધારેલ. આભાર

શ્રી રાયચંદભાઇ મૈશેરી-કોચીન, શ્રી દેવરાજભાઇ ગઢવી-ભુજ તથા શ્રી જયેશભાઇ મૈશેરી-ભુજથી સમારંભને સફળતા ઇચ્છતા શુભ સંદેશાઓ મળેલ. આભાર

ચા દેવીને ન્યાય આપી કાર્યક્રમ આગળ વધતો રહ્યો. તન-મન ટુરના પ્રણેતા શ્રી ચિમનભાઇ મોતા તેમજ બબલ ગમ્સ ટુરના પ્રણેતા શ્રી ચેતનભાઇ મોતા તરફથી એક-એક તપસ્વીને (લકી ડ્રો દ્વારા) સમેત શિખરજી મહાયાત્રાનો લાભ મળ્યો. રંગમંડપની **ધ્વજા ચડાવવાનો લાભ - લકી ડ્રો દ્વારા શ્રી શરદ ગોવિંદજી મૈશેરી પરિવાર**ને મળ્યો.

સંચાલનમાં શ્રી ચેતન સર પોતાની વિશિષ્ઠ શૈલીમાં કાર્યક્રમને સાહિત્યમય બનાવેલ. કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી નિતિનભાઇ લોડાયા, શ્રી તારાચંદભાઇ મૈશેરી, શ્રી પિયુષભાઇ મોમાયા, શ્રી કેતનભાઇ લોડાયા, શ્રી પિયુષભાઇ લોડાયા, શ્રી પ્રતિકભાઇ લોડાયા, એકતા લોડાયા અને નેવિલભાઇ મોમાયા વગેરે મિત્રોની કામગીરી નેત્ર દીપક રહી. સમીરભાઇ લોડાયા તથા વિશાલભાઇ શાહે સમગ્ર પ્રસંગને કચકડે મઢી લીધું. ભાવતા ભોજન પીરસવામાં શ્રી અરવીંદભાઇ દંડ (બાયઠ)એ પોતાની આગતા-સ્વાગતા સતત જાળવી રાખી.

સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી તિલકભાઇ લોડાયા, ટ્રસ્ટીશ્રી મુલચંદભાઇ મૈશેરી, ટ્રસ્ટીશ્રી હરીશભાઇ મોમાયા, માનદ્મંત્રી શ્રી લહેરચંદભાઇ મૈશેરી, શ્રી હેમાંગભાઇ શાહ, અ.સૌ. વીણાબેન મોતા, શ્રી કિરણભાઇ મૈશેરી, શ્રી મેહુલભાઇ મૈશેરી, શ્રી ગૌતમભાઇ મૈશેરી તથા પ્રગતિ મહિલા મંડળના અધ્યક્ષા અ.સૌ. જ્યોત્સનાબેન મૈશેરી તેમજ તેમની ટીમ વગેરેની સુંદર મહેનતે સ્નેહમિલનને ચાર ચાંદ અપાવ્યા.

ચૌવિહાર બાદ શરૂ થયો સૌનો માનીતો પ્રોગ્રામ - રાસ ગરબા અને દાંડિયારાસનો. ઉપસ્થિત સૌએ કાર્યક્રમને મન ભરીને માણ્યો. અંતે, ગમતાનો ગુલાલ કરતાં-કરતાં આનંદિત ચહેરે સૌ વિખુટા થયા. **અસ્તુ.**

કલર ફોટોગ્રાફ પાના નં. ૩ ઉપર

# વસતીપત્રકની ખૂટતી કડીઓ

જ્ઞાતિ વસતીપત્રકની વેબસાઈટ આશરે ૨૦૧૪-૧૫માં શરૂ થયા પછી આશરે એકાદ વર્ષ બાદ વસતીપત્રક સાથે સંલગ્ન એવી ઊંઉઘ ટક આ લોન્ચ થઈ ત્યારે એવું લાગ્યું હતું કે આ જ્ઞાતિ-સંપર્કનો અતિ ઉપયોગી તથા સરળ માર્ગ આપણને મળ્યો છે. પરંતુ છેલ્લા કેટલાક વખતથી આ બાબતે મનમાં આ એપના ભવિષ્ય માટે અનેક સવાલો ઊભા થયેલ છે.

આ એપ દ્વારા આજે દરરોજ આપણને જ્ઞાતિમાં થતા કાર્યક્રમો, મરણ નોંધ, આપણી નજીકનાં સગાઓની જન્મ, લગ્ન વિ. ની તિથિની માહિતી, પંચાંગ, કે.ડી.ઓ. જ્ઞાતિના કાર્યક્રમો વિગેરેની ભરપૂર માહિતી મળે છે. આનું અપડેશન દરરોજ થાય છે.

આજે વાત કરવી છે આમાં ખૂટતી કડીઓની. ફેસબુક પ્રકારની આ એપ/વેબસાઈટની શરૂ થઈ ત્યારથી જ આ વસતીપત્રક સાથે સંકળાયેલ દરેક વ્યક્તિ એટેલ કે 'દરેક કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિજન'ની માહિતીમાં સમયાનુસાર જે સુધારા થાય તે આ વેબસાઈટ કે એપમાં આવતી આપણી માહિતીમાં થઈ જાય તો જ આ વેબસાઈટની અગત્યતા છે. જો તેમાં જુની માહિતી જ ઉપલબ્ધ હોય તો આ બધી મથામણ કે ખર્ચા કરવાનો કોઈ અર્થ રહેતો નથી.

આના માટે 'સંચાલકો'* કહેતા આવ્યા છે કે આ એપમાં તમે જાતે તમારી માહિતી અપડેટ કરાવી શકો છો, તમારે ફક્ત એપમાં રીક્વેસ્ટ મુકવાની છે તેનું વેરીફીકેશન વિવિધ પધ્ધતિથી 'સંચાલકો' કરી લેશે. ત્યારબાદ તમારા ફેરફારો આ વેબસાઈટમાં થઈ જશે અને વસતીપત્રકના ડેટામાં ઉમેરાઈ જશે.

આના માટે અન્ય પધ્ધતિ એ હતી કે તમે લેખિતમાં તમારી માહિતી 'વસતીપત્રક' ની ઓફીસમાં મોકલાવો તો પણ આ ફેરફારો થઇ જાય. અ બન્ને ઓપ્શન્સ સરસ હતા. હું પોતે પણ અમારા વડોદરાના કોઇપણ કુટુંબમાં થયેલ ફેરફાર મોકલતો તેનું અપડેશન થઈ જતું.

ગત વર્ષે હવે પ્રિન્ટેડ વસતીપત્રક આવશે તેવી વાતો આવવા લાગી. તેના માટે દરેકે પોતાની માહિતી અપડેટ કરાવી લેવી તેવી સૂચનાઓ આ 'સંચાલકો' એપમાં આપવા લાગ્યા. થોડાક વખત સુધી દરરોજ કેટલા ટકા દરેક ગામે અપડેશન કર્યું છે તેની માહિતી પણ એપમાં ટકાવારી સાથે આવવા લાગી. પરંતુ આ 'સુધારા'ની ટકાવારી ૧૨-૧૫% થી આગળ વધી નહીં એટલે એ આવવાની બંધ થઈ.

ખરી મજા હવે શરૂ થઈ. આશરે ૩-૪ મહિના ઉપર મારા થોડાક દૂરના સગાના ઘરે થયેલ જન્મ નોંધ ઈ મેઈલ દ્વારા વસતીપત્રક પર મોકલાવી તેના જવાબમાં એવું જણાવવામાં આવ્યું કે આ પ્રકારના ફેરફારો પોતે જ કરવાના રહેશે કે તેના નજીકનાં સગાએ કરી આપવાના રહેશે (એપની મદદથી તથા સ્માર્ટફોન દ્વારા) બધા જ્ઞાતિજનોએ આ શીખવું જ પડશે. અમે તમારા અપડેશન નહીં સ્વીકારીએ કેમ કે એ Authentic નથી.

આ એક ખરેખર સારી વાત જાણવા મળી. જેમ ફેસબુક પર તમે જાતે અપડેશન કરો છો તે મુજબ જ વસતીપત્રક માટે પણ કરો. જો આનું અમલીકરણ થાય તો ખૂબ જ સરસ. પણ ન થાય તો??? આ 'તો' માટે કોઈએ વિચારવાની જરૂરત છે ખરી? જવાબ છે... હા! શા માટે? તો આ બાબતે જોઈએ થોડાક મુદ્દાઓ :

વર્ષોથી એટલે કે પહેલા વસતી પત્રકથી ગત વર્ષે અમે બહાર પાડેલ વડોદરાના વસતીપત્રક સુધી આપણે વસતીપત્રકનાં ફોર્મ દરેક જ્ઞાતિજન પાસે રૂબરૂમાં ભરાવીને અથવા એમની સાથે વાતચીત કરીને માહિતી ભરીને પછી તેનો ઉપયોગ કરીએ છીએ. આ કાર્ય કરનારાઓને આપણે 'સામાજીક કાર્યકર' તરીકે ઓળખીયે છીએ. ખુરશીમાં બેસીને માહિતિ કોમ્પ્યુટરમાં ફીડ કરનારને આની સમજ નહીં પડે.

આમ ન કરવાથી ઘણાં કુટુંબો જ્ઞાતિ સાથે જોડાઈ શકશે નહીં અને વસતીપત્રકનો મૂળ હેતુ જ નકામો થઈ જશે. વાલજી લધાથી હુબલીના લાલજીબાપાએ ઘરે ઘરે સંપર્ક કરીને ઊભા કરેલ વસતીપત્રકનાં અતિ મહત્વના કાર્યને 'અતિ અગત્યના સામાજિક કાર્ય' તરીકે જોવું રહ્યું, નહીં કે એનાલીસીસ કરવા માટેના ડેટા તરીકે.

ગત વર્ષે વડોદરાના સ્થાનિક ધોરણે બનાવેલ વસતીપત્રકમાં દરેક કુટુંબની લૅટેસ્ટ માહિતી આપેલ હતી અને વસતીપત્રકની માહિતી મુજબ વેબસાઈટને અપડેટ કરવા જ્યારે વસતીપત્રકના 'અધિકારીઓ'ને જણાવ્યું ત્યારે શ્રી ક.દ.ઓ. જૈન સમાજ, વડોદરાના વસતીપત્રકને 'આ Authentic ન ગણાય અને એમાં આપેલ માહિતી દરેક જણ પોતે જ એપ પર અપડેટ કરે તો જ ફેરફાર થાય!' એવો જવાબ મળ્યા બાદ લાગે છે કે આવા 'સરકારી' કાયદા લાગુ થશે તો વસતીપત્રકના અપડેશનની આખી કાર્યવાહી જ ધસી પડશે.

સ્થાનિક મહાજનોની સાથે કોર્ડીનેશન કરી બધાના અપડેશન મેળવીને વસતીપત્રકની વેબસાઈટ અપડેટ કરવાનો સરળ રસ્તો છોડીને ઘર્ષણના નવ માર્ગો આપણે ખોલી રહ્યા છીએ જે આ વેબસાઈટ તથા એપના ભવિષ્ય માટે કદાચ નડતરરૂપ બનશે.

વસતિપત્રકની વેબસાઈટને ૧૦૦% સંપૂર્ણ બનાવવી હશે તો આવા અભિગમમાં બદલાવની જરૂરત છે. સાથોસાથ

હવે વસતિપત્રકને પુસ્તકરૂપે પ્રગટ પ્રગટ કરવાના વિચારને તિલાંજલી આપી વેબસાઈટ પર ધ્યાન આપી એને અપડેટ કેમ રાખી શકાય તેની વ્યવસ્થા કરવી જોઈએ.

બધા જાતે અપડેશન ન કરે અને કોઈ જવાબદાર વ્યક્તિ કે મહાજન આવી જવાબદારી લે તો આવા અનેક 'કાર્યકરો' મળી રહેશે. ઉપરાંત મહાજનની એસ.એમ.એસ. સેવા તથા જાહેરાતની આવકમાં પણ પારદર્શીતાની જરૂરત છે.

વસતીપત્રકની સમિતીમાં કોણ કોણ છે? એમનો અધિકાર કેટલો ને કોણે આપ્યો? વસતીપત્રકની સમિતીમાં જે લોકો છે તેમને કોઈ ક્વોલીફીકેશન કે અનુભવના આધારે લેવામાં આવ્યા છે કે ત્યાં પણ લાલિયાવાડી ! વસતીપત્રક સમિતી બનાવી કોણે ને એમાં ફેરફારનો અધિકાર જેમનો છે તેમની જ્ઞાતિ પ્રત્યેની જવાબદારી કેટલી?... કદાચ આ બધા પ્રશ્નો સમસ્ત મહાજનના આગામી સંમેલનમાં યોગ્ય રીતે ચર્ચાય તો આ દિશામાં આગળ વધી શકાશે. અસ્તુ...

**નવીન પટેલ, વડોદરા**

## નવીન પટેલના પત્રનો જવાબ

**જય જિનેન્દ્ર,**

KDO VP App જ્યારે આજે દરેક ઘરેઘરમાં પ્રવેશ કરી ચૂક્યું છે ત્યારે કોઈક જ્ઞાતિજન એનું વિગતવાર વિશ્લેષણ કરેલ છે તે કેડીઓવીપી ની સંપૂર્ણ આઈટી ટીમ માટે આ ખૂબજ આનંદની વાત છે. આશા છે કે લેખકને કે કોઈ પણ જ્ઞાતિજનને જો આ બાબતમાં વધારે જાણકારી મેળવવી હોય તો અમે પૂર્ણ સહકાર આપવા હંમેશા તત્પર રહીશુ.

લેખકના લખેલ દરેક પાસાનો જવાબ નીચે મુજબ છે.

આજના ટેક્નોલોજીના સમયમાં, સમયની સાથે રહીને, ખૂબ મહેનત કરીને, ફક્ત અને ફક્ત આપણા જ્ઞાતિજનો માટે જ, સંપૂર્ણપણે સુરક્ષિત અને અદ્યતન અને નવીનતમ એપ, ત્રણ પ્લેટફોર્મ (ડેસ્કટોપ, એન્ડ્રોઈડ, આઈઓએસ) ઉપર બનાવીને આપણી જ્ઞાતિ માટે આપણે પ્રકાશિત કરી છે. જેને ખૂબ બધા જ્ઞાતિજનો દરરોજ માણી રહ્યા છે – યોગ્ય ઉપયોગ કરી રહ્યા છે અને બાકીનાઓ આમાં ઝડપથી જોડાઈ રહ્યા છે. આ એપનો એક હેતુ, આપણા કુટુંબને સાથે જોડી રાખવાનું છે જેથી જ્ઞાતિ એકમેકથી સંકળાયેલી રહે.

લેખકનું હજુ માનવું છે કે વસ્તીપત્રકના સુધારા વધારા માટે જૂની ફોર્મ પ્રક્રિયા જ સરળ છે. તો સહુથી પહેલા એ જાણવું જરૂરી છે કે એ પ્રક્રિયા એના સમયમાં સૌથી સારી પ્રક્રિયા હતી પણ એ આજના સમય માટે ખૂબ જ ખર્ચાળ, અવ્યવહારુ અને ખૂબ સમય લેનારી થાય છે. જેમકે ફોર્મ બનાવવા, એનું વિતરણ કરવું, એનો ફોલોઅપ કરવો, ભૂલો સુધારવી, એનું સંકલન કરવું, ત્યાર બાદ કોમ્પ્યુટરમાં એન્ટ્રી કરવી, પ્રૂફ રીડિંગ કરવું, ફાઈનલ કરીને પ્રિન્ટમાં મોકલવી, ત્યારબાદ વિતરણ કરવું અને આ સમયગાળા દરમ્યાન ઘણી વિગતો આ સતત બદલાતા સમાજમાં બદલાઈ ગઈ હોય છે. વધુ માં એક વર્ષમાં જ એની ઉપયોગિતતા સદંતર ખલાસ થઈ જતાં, ફક્ત ઈતિહાસ અને સ્ટેટિસ્ટિકલ વિશ્લેષણોનો એ ગ્રંથ બની જાય છે.

આ પ્રક્રિયાના પર્યાય રૂપે કેડીઓવીપી ના ડિજિટલ અવતારને જ્ઞાતિ સમક્ષ લોન્ચ કરવામાં આવેલ અને એના રિઝલ્ટ રૂપે આજના સમયમાં આ ટેક્નોલોજીને અપનાવી ૧૧૦૦૦ થી વધારે જ્ઞાતિબંધુઓએ આ પ્લેટફોર્મ ઉપર રજીસ્ટર કરેલ છે અને પોતાના કુટુંબની વિગતો, ચેન્જ રિક્વેસ્ટ મારફતે મોકલાવી સમયાંતરે ફેરફાર કરાવી લીધેલ છે. આ માહિતીઓ આપણા સમાજના દરેકે દરેક મહાજનો, એકમો અને સંસ્થાઓ વાપરી શકે છે. લેખક અને અન્ય વાચકોની જાણકારી માટે જણાવવાનું કે શ્રી મુંબઈ મહાજન, પોતાના વિસ્તારમાં આવેલ જ્ઞાતિજનોના લાગા કે એમની ચૂંટણી વખતે જરૂરી રોલ પત્રક માટે આ એપમાં આપેલ માહિતીને જ માન્ય ગણે છે. આવી રીતે બીજી સંસ્થાઓ પણ આપેલ માહિતીઓનો ઉપયોગ કરે જ છે, જેમાં આ લેખકે ઉલ્લેખ કરેલ વડોદરા મહાજનની માહિતી બુક માટેની શરૂઆત કરવા માટેની માહિતી વીપી મારફત જ આપેલ અને જે દ્વારા બુક કાઢવાનું કાર્ય સરળતાથી કરી શક્યા. એ બુક પ્રગટ થયા પછી આજે કેટલાય ફેરફારો થઈ ચુક્યા છે, અને બુકમાં પ્રિન્ટિંગ ભૂલો તો છે જ.

તો એના પર્યાય તરીકે જો આ કેડીઓવીપી એપને ચાલુ કરવા / વાપરવાની જાણકારી દરેક ઘરમાં આપવાની મહેનત કરવામાં આવત તો દરેક ઘરની માહિતી ખૂબ ઓછા ખર્ચે અને ફક્ત એક વખતના પ્રયાસથી, કાયમી ધોરણે વડોદરા મહાજન માટે માહિતી મેળવી શક્ય થઈ જાત. હજી પણ મોડું તો નથી જ થયું. અમે અમારા તરફથી દરેક શક્ય પ્રયાસોથી દરેક રીતે મદદ કરતા આવ્યા છીએ અને કરતા રહેશું. અમારું ધ્યેય છે કે તમારી માહિતીઓના માલિક તમે છો, અને તમને પોતાને જ હક્ક છે એમાં ફેરફાર કરવાનો.

દરેક મહાજનો / એકમોને તથા સંસ્થાઓને અનુરોધ છે કે દરેક જ્ઞાતિજનોની માહિતી કેડીઓવીપી ના ડિજિટલ માધ્યમથી અપડેટ કરવા એક યજ્ઞ શરુ કરો. અમને સંપર્ક કરો અને અમારી પાસે રહેલ દરેક સૂચનોને ધ્યાનથી જોઈ, વાંચીને દરેકને માર્ગદર્શન આપો અને જ્ઞાતિની ઉત્કૃષ્ટતા માટે ભોગ આપો. મિચ્છામિ દુક્કડમ્ !!!

**લિ. કેડીઓ વીપી ની આઈટી ટીમ**

## હળવી શૈલીમાં સંમેલનની ખાટી-મીઠી-ખારી-વાતો

(કોઈએ બંધબેસતી પાઘડી પહેરવી નહીં, ખેલદિલી અપેક્ષિત છે)

૫....... સમગ્ર જ્ઞાતિજનો ભેગા થયા હોય તેવા **પાંચ** મેળા-સંમેલનો થયા છે. ૧૭૫ વર્ષ પહેલાં શેઠ નરસી નાથાએ કચ્છ નલિયામાં યોજેલ જ્ઞાતિમેળો અને ૧૯૪૭, ૧૯૭૯, ૧૯૯૧ અને ૨૦૧૮ નાં સંમેલનો

૪....... જ્ઞાતિના હયાત સર્વાધિક વરિષ્ઠ ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી પદમસી લખમસી લાલકા (ગાંધીધામ) અને જ્ઞાતિ અગ્રણી શ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજીની ઉપરોક્ત **ચારે** સંમેલનોમાં ઉપસ્થિતિ રહેશે.

૩....... સંમેલનના મુખ્ય સુત્રધારની ભૂમિકામાં **ત્રણ** 'ખોના' (૧) ભવાનજી શેઠ (૧૯૪૭), (૨) ભરત બી. ખીમજી (૧૯૭૯) અને (૩) રાજેન્દ્ર મણિલાલ ખોના (રાજુમણિ) (૧૯૯૧) તેમજ સંમેલનના ત્રણ મુખ્ય સુત્રધાર 'તેરા' ગામના (૧) ભવાનજી શેઠ (૨) ભરત ખીમજી, (૩) નિશીથ દંડ

૨....... **બે** વખત મુંબઈમાં સંમેલનો મળ્યા છે. (૧૯૪૭ અને ૧૯૯૧)

૧....... આઠેક વર્ષ પહેલા પૂર્વેની નાની ન્યાત મૂળ જ્ઞાતિમાં વિલીન થઈ તે પછીનું **૧લું** સંમેલન આ વખતે (૨૦૧૮)માં મળી રહ્યું છે. ઉપરાંત, હાલના સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ પૈકી સેક્રેટરી જનરલ શ્રી નિશીથ દંડ જ **એક** ટ્રસ્ટી છે જે ઈતર જ્ઞાતિના જમાઈ છે.

## શું ન હોવું / શું ન થવું જોઈએ?

(કોઈએ બંધબેસતી પાઘડી પહેરવી નહીં, ખેલદિલી અપેક્ષિત છે)

૧....... **એક** વાત પર ચોકડી મૂકવી કે ભવિષ્યમાં કચ્છ જેવા દૂર પ્રદેશમાં અને તે પણ ડિસેમ્બરની કડકડતી ઠંડીમાં સંમેલનો યોજવા નહીં.

૨....... **બે** બાબતો ન થાય તો સારૂં : (૧) સંમેલનના સ્થળને પ્રાતઃ સ્મરણીય શેઠશ્રી નરસી નાથાની કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના પૂર્વગ વિશેષણ વિના, કોઈ નગરનું નામ દર્શાવવું નહીં. (૨) સંમેલન પહેલાં શોભાયાત્રા કાઢવી નહીં.

૩....... સંમેલનના મંચ પર **ત્રણ** વાતો ટાળવી. (૧) લાંબા ભાષણો (પાંચ મિનિટથી લાંબા નહીં). (૨) આયોજકો દ્વારા એક બીજાની પ્રશસ્તિ. (૩) ઉદ્‌ઘાટન સમારંભ પછીના સત્રોમાં પાંચથી વધારે ટ્રસ્ટીઓ મંચ પર નહીં.

૪....... **ચાર** મુદ્દે પ્રતિબંધ : (૧) સંમેલનમાં પ્રતિનિધિઓની નિઃશુલ્ક હાજરી ન હોવી જોઈએ. (૨) સંમેલન સાથે નારી સંમેલન અને યુવા ફેસ્ટીવલનું આયોજન ન કરવું. (૩) સંમેલનમાં કચ્છી ભાષા સિવાય વક્તવ્યો ન થવા જોઈએ. (૪) આપણા અસલ પરંપરાગત કચ્છી જમણ સિવાય (લાડુ, ભજિયા, ખીચડી કઢી, બાજરાના રોટલા જેવી વાનગીઓ સિવાય) અન્ય શિરામણ-જમણ નહીં.

૫....... **પાંચ** બાબતે સમય-શક્તિ બચાવવા : (૧) સંમેલન પહેલાં વિવિધ ગામો-શહેરોમાં સંપર્ક સભાઓ યોજવી નહીં. (૨) સન્માનીય વ્યક્તિઓનું સમારંભ પહેલા મંચ પર વયાનુસાર સ્થાન ગ્રહણ કરાવવું. (૩) સન્માનીયોને મંચ પર બોલાવીને તેમનાં સન્માન કરવાની પ્રથા બંધ થવી જોઈએ, તેમની બેઠક સ્થાન પરજ સન્માન કરવું. (૪) વિવિધ મહાજનોના પ્રતિનિધિઓમાંથી ૭૦ વર્ષની વયની ઉપરના વધારેમાં વધારે ૧૦% અને ૬૦-૭૦ વયના વધારેમાં વધારે ૨૦% હોવા જોઈએ. શેષ ૩૦% ૬૦થી ઓછી વયના ફરજિયાત. (૫) સમસ્ત મહાજનના બંધારણમાં આમૂલ સુધારા-વધારા દ્વારા પ્રત્યક્ષ ઉપસ્થિતિ વિના પણ ટ્રસ્ટીઓની અને અન્ય સભ્યોની બેઠકો, સભાઓ બોલાવીને કાર્યવાહી કરી શકાય તેવી જોગવાઈ કરવી.

## શ્રી સચ્ચામા દંડ પરિવાર સેવક ભરૂડિયા ચૌદમી સમૂહ પહેડી તથા સ્નેહમિલન પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ

કુળદેવી શ્રી સચ્ચામાની સમૂહ પહેડી તથા સ્નેહમિલનનું આયોજન રવિવાર, તા. ૦૬-૦૧-૨૦૧૯ના સવારે ૮.૩૦ થી સાંજે ૮.૩૦ વાગ્યા સુધી મેવાડ કેસરી ભવન, એલ. બી. એસ. માર્ગ, ભાંડુપ (વે) મધ્યે રાખેલ છે. સમસ્ત હાલારના દંડ પરિવારના ભાવિકો તથા નિયાણી બહેન, દિકરીઓને સહપરિવાર પધારવા શ્રી સચ્ચામા દંડ પરિવાર તથા લાભાર્થી પરિવાર તરફથી ભાવભર્યું આમંત્રણ છે.

ભક્તિ ગીત : નેહા શૈલેષ ગડા એન્ડ પાર્ટીના સથવારે

કુરિયર દ્વારા સૌને આમંત્રણ પત્રિકા મોકલાવેલ છે. જો ના મળી હોય હોય તો આ જાહેરાત ને આમંત્રણ પત્રિકા સમજી સહકુટુંબ પધારવા વિનંતી છે.

આ સંપૂર્ણ પહેડી પ્રસાદના લાભાર્થી પરિવાર

**માતુશ્રી દેવાબાઇ ખીમજી લધાભાઇ દંડ** (સેવક ભરૂડિયા)

**માતુશ્રી રાજબાઇ શામજી જીવરાજ નાગડા** (રંગપુર)

હસ્તે **અ.સૌ. હંસા ધનકુમાર ખીમજી દંડ**

**અ.સૌ. શિલ્પા વિકાસ ધનકુમાર દંડ અ.સૌ. મનિષા નિલેશ ધનકુમાર દંડ**

**ચિ. લય વિકાસ દંડ - ચિ. જીનય નિલેશ દંડ**

જે કોઇ ના એડ્રેસ બદલાયા હોય તો કાર્યકર્તા ને જાણ કરવા વિનંતી.

| | | |
|---|---|---|
| અલ્પેશ દંડ - 9820057598 | રાજુ દંડ - 9820861013 | યોગેશ દંડ - 9769053048 |
| દર્પણ દંડ - 9920057598 | વિકાસ દંડ - 9167235061 | સચીન દંડ - 7666757598 |
| ચંદ્રેશ દંડ - 9967018785 | વિરલ દંડ - 9821454191 | અમિત દંડ - 9833312335 |

## શ્રી સચ્ચામા દંડ પરિવાર સેવક ભરૂડિયા

જય માતાજી, આપણા કુળદેવી શ્રી સચ્ચા માની વર્ષો વર્ષથી વર્ષી રહેલી અસીમ કૃપા તેમજ કુટુંબીજનો તથા નિયાણી બહેન-દીકરીઓના સાથ સહકારથી ચૌદ વર્ષ પહેલા શરૂ થયેલ સોનેરૂ શમણું આજે માની ભક્તિના આનંદનું ઝરણું બનીને વહી રહેલ છે. તે બદલ શ્રી સચ્ચામા દંડ પરિવાર, સેવક ભરૂડીયા સમસ્ત હાલારના દંડ પરિવારના ખૂબ ખૂબ આભારી છે.

આપ સર્વેને સહર્ષ જણાવતા આનંદ થાય છે કે આપણા શ્રી સચ્ચામા દંડ પરિવાર સેવક ભરૂડિયાનું એશોશિએશન ઓફ પરસન **(Association of Person)**ની સ્થાપના થયેલ છે. આ AOP નું INCOME TAX PAN NO. **AAXAS3086N**કઢાવેલ છે અને AOP ના નામનું બેંક મા ખાતુ ખોલાવેલ છે. બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે.

Bank Name : **Shri Arihant Co-operative Bank Ltd.**
Type : **Saving Account**
Account No. : **002003000002** IFSC Code : **ICIC00ARIHANT**

આ **AOP** ની મેનેજીંગ કમિટીના કારોબારી સભ્યની યાદી નીચે મુજબ છે.

**મનોજ કુંવરજી દંડ** (પ્રમુખ) - **09821334417** ● **મયુર સુરેશ દંડ** (ઉપપ્રમુખ) - **09819663555** ● **અમિત ગિરીશ દંડ** (માનદ મંત્રી) - **09987557598** ● **પંકજ પ્રવીણ દંડ** (સહમાનદ મંત્રી) - **09004841222** ● **ચેતન પ્રવીણ દંડ** (સહમાનદ મંત્રી) - **09821350952** ● **નિલેશ ધનકુમાર દંડ** (ખજાનચી) - **09821402770** ● **મયુર વિનોદ દંડ** (સહ ખજાનચી) - **09619666111**

આ સાથે હવેથી, આ સંસ્થાના નામે Cheque / NEFT / RTGS દ્વારા ડોનેશન આપી શકાશે.

**ખાસ નોંધ :** 80 G નું INCOME TAX નું બાદ નહી મળી શકે તેની નોંધ લેવી. આ AOP માં દંડ પરિવારના તમામ વ્યક્તિ આજીવન સભ્ય (Life Membership) બનવું જરૂરી છે. Membership Fees વ્યક્તિ દીઠ રૂા. ૨૦/- રાખેલ છે. આપણી આગામી પહેડી તા. ૦૬-૦૧-૨૦૧૯ના છે. તો મેમ્બરશીપ ફી ભરી આજીવન સભ્ય બનવા માટે નમ્ર વિનંતી.

।। શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ ।। ।। શ્રી શામળીયાજી પાર્શ્વનાથાય નમઃ ।।

# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ

કાર્યાલય : નરેન્દ્ર શામજી દંડ, ૧૬ શાંતિ ભુવન, ત્રીજે માળે, મેકડોનાલ્ડની ઉપર, રેલ્વે સ્ટેશનની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૬૪ ૭૫૭૨ ● ઈ-મેલ : narendra_shah2006@yahoo.co.in

## નેહ નીતરતું નિમંત્રણ

વ્હાલા ગામવાસીઓ, સાદર પ્રણામ.... જય જિનેન્દ્ર.... નવા વર્ષની શુભકામનાઓ....

પરસ્પર હળી-મળીએ, ભાતૃભાવ કેળવાય તથા ગમતાનો ગુલાલ કરવા તેરા મહાજનશ્રી, તેરા ટ્રસ્ટ બોર્ડ તથા શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ દ્વારા સંયુક્ત 'સ્નેહમિલન' નું આયોજન કરવામાં આવેલ છે. નિયાણી બહેનોએ સપરિવાર પધારવા વિનંતી. આશા છે કે, આપ સૌ આમંત્રિતો સમયસર ઉપસ્થિત રહી પ્રસંગને દીપાવશો.

**શુભ દિન :** રવિવાર, તા. ૦૬-૦૧-૨૦૧૮, સમય : સવારના ૯.૦૦ કલાકથી ૨.૩૦ વાગ્યા સુધી.

**શુભ સ્થળ :** સારસ્વત વાડી, મુલુંડ સ્ટેશન પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.

**કાર્યક્રમની આછી રૂપરેખા :** ● દીપ પ્રાગટ્ય ● નવકારમંત્ર પઠન ● ગુરૂદેવ દ્વારા માંગલિક ● સ્વાગત પ્રવચન - પ્રમુખશ્રી તથા અતિથી વિશેષ મહાનુભાવોના આશીર્વચન ● ધ્વજાના ચઢાવા તથા સર્વસાધારણ ફંડના નકરાની નોંધ ● સ્વામી વાત્સલ્ય ● તેકુલાધુ અહેવાલ ● સાધારણ ફંડની આની બાબત, તેરા મુકામે અઢાર અભિષેકના ચઢાવા, આગામી કાર્યક્રમો તથા અન્ય યોજનાઓની જાહેરાતો ● સાંસ્કૃતિક કાર્યક્રમ ● તપસ્વી વંદના ● સરસ્વતી વંદના.

**નમ્ર નિવેદન :** ૧) આ સ્નેહમિલનના ખર્ચ માટે સૌજન્ય દાતાઓ આવકાર્ય છે. આના ફોડમાં દરેક પરિવારને પોતાનું યોગદાન આપવા નમ્ર વિનંતી. ૨) સંઘ સંબંધિત નકરા કે ચડાવાની રકમ ભરવાની બાકી હોય તો તે સ્થળ ઉપર સ્વીકારવામાં આવશે.

એજ લિ. **શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ વતી**

| | | |
|---|---|---|
| કવિતા હેમંત ધુલ્લા - 96193 12313 | મમતા મયુર ધરમશી - 95943 38358 | વિપુલ વિનોદ ધુલ્લા |
| દક્ષા લાજેશ મોતા - 72084 08508 | મોનિકા ગોવિંદજી મોતા - 98920 26568 | 88793 33599 |

**શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ - તેરા ● શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ - તેરા**

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઈ

**આયોજિત**

## ૬૫મું વાર્ષીક ઉત્સવ - કચ્છી મેળો

*હલ રે વણજારા તોકે કચ્છડો વતાંઈયા...*

| તારીખ | સમય | સ્થળ |
|---|---|---|
| રવિવાર<br>૩ ફેબ્રુઆરી, ૨૦૧૯ | સવારે ૧૦.૦૦ કલાકે થી<br>રાત્રે ૧૦.૦૦ કલાકે સુધી | નિકટના ભવિષ્યમાં<br>જાહેર કરીશું |



**Inviting Trader from all over India**

**Rs. 1500/-* Single Stall**

**Rs. 3000/-* Food Stall**

**For Stall Booking Contact :**
ઉર્વેશ છેડા : **8369022472**
એકતા લોડાયા : **9769502277**

છેલ્લી તારીખ ગુરૂવાર, ૧૦ જાન્યુઆરી, ૨૦૧૯
વહેલા તે પહેલાના ધોરણે

## સોવિનિયર વિમોચન

**A4 Size Souvenir**

**E - Souvenir**



To Book Your
**ADVERTISEMENT**
Kindly Contact :



ઇશિતા છેડા : **8652047715**
મીત મૈશેરી : **9967380347**

## શૈક્ષણિક પુરસ્કાર વિતરણ

જ્ઞાતિના વિદ્યાર્થીઓએ જેને પણ
**March 2018** ની **SSC / HSC / Graduation / Post Graduation / Extra Curricular Activities** માં
સારા અંકે ઉત્તીર્ણ થયા હોય તે પોતાની **Marksheet**
નીચે આપેલ **Email / Contact Number**
પર મોકલવા વિનંતી.

**Email : prinsdharamshi@gmail.com**
પ્રીન્સ ધરમશી : **8779533019**
ઉર્વી લોડાયા : **9757422880**

દરેક Standard wise Top 2 જણા ને જ
સન્માન કરવામાં આવશે

**Last Date : Thursday, 10.01.2019 (first cum first basis)**

ઉપરના Advertise માં શ્રી સંઘને ફેરફાર કરવાનો પુર્ણ અધિકાર રહેશે.

| President | Vice President | Secretary | Treasurer |
|---|---|---|---|
| Shri. Hemil Jayesh Dand<br>Ghatkopar (Varadia) | Shri. Urmin Jayesh Lodaya (Shah)<br>Ghatkopar (Suthri) | Ku. Ekta Udayan Lodaya<br>Mulund (Moti Sindhodi) | Shri. Rushabh Gulab Poladia<br>Bhandup (Dumra) |

Follow Us on Social Media | / shreekdovs

।। શ્રી ગણેશાય નમઃ ।।

જય જય શ્રી અનંતનાથાય દાદાય નમઃ　　શ્રી સચ્ચાઈ માતાને નમઃ　　જય જય શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ

શ્રી ભલારા દાદાને નમઃ　　શ્રી જખ્ખ બઉતેરાય નમઃ

# કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજી દંડ પરિવાર - વરાડીયા

## ।। આમંત્રણ – આમંત્રણ – આમંત્રણ ।।

ખુશાલી સાથે જણાવવાનું કે કચ્છ વરાડીયા મધ્યે બિરાજમાન દંડ પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની નુતન મંદિરમાં સંવત ૨૦૭૫ મહા વદ-૬ ને રવિવાર તા. ૨૪-૦૨-૨૦૧૯ ના શુભ દિને પુનઃ પ્રતિષ્ઠાનો સોનેરી દિવસ નક્કી થયેલ છે.

સર્વે ભાવિકોના દિલમાં ખુશીની લહેર ઉઠી છે. આપણાં કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીના આપ સર્વે **ભાવિકો, નિયાણી બહેનો, યતીશ્રી મોતીસાગરજી મહારાજ સાહેબની નિશ્રા, ભુવાશ્રી મણીલાલભાઈની હાજરીમાં વિધિકાર શ્રી વિનોદભાઈ વ્યાસ (વાંકુવાળા)** દ્વારા વિધિ વિધાન અને સંગીતના તાલે ગામના મહાજનની હાજરીમાં નવ નિર્મિત નુતન મંદિરમાં શ્રી માતાજી બિરાજમાન થાશે.

તો આ પાવન પ્રસંગે શ્રી માતાજીને નમતા સહુ ભાવિકો તથા દંડ પરિવારની નિયાણી બહેનોને સહ પરિવાર બે દિવસના આ અનેરા મહોત્સવમાં સહભાગી થવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

**તા. ૨૩-૦૨-૨૦૧૯ અને તા. ૨૪-૦૨-૨૦૧૯ ના કાર્યક્રમો નીચે મુજબ રહેશે.**

### પ્રથમ દિવસ :

**સંવત ૨૦૭૫ મહા વદ-૫ શનિવાર તા. ૨૩-૦૨-૨૦૧૯**

મહોત્સવનો શુભારંભ સવારના ૭.૦૨ કલાકેથી થશે જેમાં જુના મંદિરમાંથી શ્રી સચ્ચાઈ માતાજીની પ્રતિમા તથા ફરઈઓની ઉત્થાપન વિધિ તથા નુતન મંદિરમાં પ્રવેશ (પોંખણાં), કુંભ સ્થાપના, દિપક સ્થાપના, જવારા રોપણ, માણેક સ્તંભ સ્થાપના, સવારના ૧૦.૦૦ કલાકે ધ્વજ દંડ સાથે વરઘોડો - જલયાત્રા, અભિષેક તથા શુધ્ધિકરણ, ક્ષેત્રપાલ પૂજન, માતાજીનું મહાપૂજન (હવન) બપોરના ૨.૩૦ કલાકે, ચંડી પાઠ સાંજે ૫.૦૦ કલાકે અને રાતના ભક્તિ સંગીત સાથે રાસ ગરબા.

### બીજો દિવસ :

**સંવત ૨૦૭૫ મહા વદ-૬ રવિવાર તા. ૨૪-૦૨-૨૦૧૯**

પ્રતિષ્ઠા દિવસ (નુતન મંદિરમાં સવારના ૮.૦૦ કલાકે થી) નવગ્રહ પૂજન, દસ દિકપાલ પૂજન, શ્રી શાંતી વિધાન અને ત્યારબાદ શ્રી સચ્ચાઈ માતાજીની પ્રતિમા તથા ફરઈઓની નુતન મંદિરમાં પ્રતિષ્ઠા સવારના ૧૧.૩૨ કલાકે, બપોરના માતાજીની સમુહ ભક્તિ નુતન મંદિરમાં, દાતા પરિવારોનું બહુમાન, મહોત્સવની પુર્ણાહુતી.

**(નોંધ : પ્રતિષ્ઠા મહોત્સવના બન્ને સંપૂર્ણ દિવસ સાધર્મિક ભક્તિ રહેશે જેનો લાભ લેશોજી.)**

તો આપ સહુ આ અનેરા મહોત્સવમાં ચાર ચાંદ લગાડવા, બધા સાથે ભક્તિના રસ રંગમાં તરબોળ થવા, ધર્મમય વાતાવરણમાં ભીંજવા-ભીંજાવવા, કચ્છની ધરા ઉપર પવિત્ર પગરણ કરવા, માદરે વતન આવવા થનગની રહ્યા હશો તો કરો તૈયારીઓ...

**"ચલો ચલો વરાડીયાસે બુલાવા આયા હૈ.. સચ્ચાઈ માતાને બુલાયા હૈ.."**

**નોંધ :** આપ સહુએ પોતાની રીતે આપની આવવા તથા જવાની ટિકિટો કઢાવી તા. ૨૨-૦૨-૨૦૧૯ના સાંજ સુધી વરાડીયા પહોંચવાનું રહેશે.

**શ્રી સચ્ચાઈ માતાને નમતા દરેક દંડ પરિવારો સાથે નિયાણીઓ સહ પરિવાર તથા અત્રે દર્શાવેલ દરેક પરિવારો પણ ખાસ આ મહોત્સવમાં અવશ્ય હાજરી આપશો એજ નમ્ર અરજ..**

**વરાડીયા** : શ્રી જેઠાભાઈ જેવત ખીંચશી દંડ પરિવાર, શ્રી કાનજી આશારીઆ વેલજી દંડ પરિવાર, શ્રી મણશી કાનજી મેઘણ દંડ પરિવાર, શ્રી ચત્રભોજ વસાયા સોમચંદ દંડ પરિવાર, શ્રી ચાંપશી કાનજી મેઘણ દંડ પરિવાર, શ્રી આણંદજી નરશી મેઘજી દંડ પરિવાર, શ્રી ખીમજી ડોસાભાઈ મેઘણ દંડ પરિવાર, શ્રી ત્રીકમજી રતનશી દંડ પરિવાર

**તેરા** : શ્રી આણંદ પરિવારના દરેક કુટુંબો, શ્રી લીલાધર દેવજી પેથરાજ દંડ પરિવાર, શ્રી નરશી પેથરાજ દંડ પરિવાર

**પરજાઉ** : શ્રી સોમચંદ પાસ્વીર દંડ પરિવાર, શ્રી ખેતશી પાસ્વીર દંડ પરિવાર

**છાદુરા** : માતુશ્રી નવલબાઈ વિરચંદ લખમશી દંડ પરિવાર, માતુશ્રી ઝવેરીબાઈ ભવાનજી લખમશી દંડ પરિવાર, શ્રી ગોવિંદજી ખીમજી ભીંચશી દંડ પરિવાર, શ્રી જેઠાભાઈ ખીમજી મેઘરાજ દંડ પરિવાર

**મંજલ રેલડીયા** : શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ દંડ પરિવાર

**રાયધણજર** : શ્રી ત્રીકમજી પુનશી દામજી દંડ પરિવાર

**સાંધાણ** : શ્રી મેઘજી ખીંચશી કરમણ દંડ પરિવાર

**સુથરી** : શ્રી શિવજી ભવાનજી દામજી દંડ પરિવાર, શ્રી વિસનજી રતનશી દંડ પરિવાર, શ્રી હિરજી રતનશી દંડ પરિવાર, શ્રી જેઠાભાઈ મેઘજી માલશી દંડ પરિવાર, શ્રી કુંવરજી ઓભાયા દંડ પરિવાર, શ્રી ઝવેરચંદ માડણ નથુભાઈ દંડ પરિવાર



**કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજી દંડ પરિવાર - વરાડીયા**
**દરેક દાતાશ્રીઓની અનુમોદના સહ આભાર વ્યક્ત કરે છે.**



એજ આપના વિશ્વાસુ,

**કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજી દંડ પરિવાર - વરાડીયા વતી,**

**ભુવાશ્રી મણીલાલભાઇ, મંદિર જીર્ણોધ્ધાર સમિતિ તથા પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિના જય માતાજી**

**ખાસ નોંધ :** ૧) મહોત્સવ દરમ્યાન કાળા વસ્ત્રો, ચામડાનો કમરપટ્ટો તથા ચામડાની પર્સ તથા ચામડાની અન્ય કોઈ પણ વસ્તુ પરિધાન કરશો નહિ એજ નમ્ર અરજ.

૨) આપ કઈ તારીખે અને કેટલા જણ આવવાના છો તેની જાણ મોડામાં મોડી તા. ૨૦-૦૧-૨૦૧૯ સુધી નીચેના નંબર ઉપર કરશોજી જેથી તે મુજબ સ્થાનિકે જરૂરી વ્યવસ્થા કરી શકાય.

**શ્રી અશોક સોમચંદ દંડ**
**મો. 98211 44324**

**શ્રી જયેશ હેમરાજ દંડ**
**મો. 93246 44945**

# શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ

## ઘાટકોપર




શ્રી કે. ડી. ઓ. જી. વી. સી. જૈન સંઘ દ્વારા આયોજીત **શ્રી સમેતશિખર યાત્રા તા. ૨૦-૧૨-૨૦૧૮**ના આયોજન કરેલ હતું. આ યાત્રામાં જોડાયેલ યાત્રીકોની સાંજી માટેનું કાર્યક્રમ સંઘ દ્વારા **રવિવાર, તા. ૬-૧-૨૦૧૯ના સવારના ૯.૦૦ ક. ઝવેરબેન પોપટલાલ સભાગૃહમાં શ્રી સુરેશ સોનીના** સંગાથે આયોજન કરવામાં આવ્યું છે તથા સાથે **શ્રી સંઘનું સ્વામીવાત્સલ્ય (સંઘ જમણ)** સવારના ૧૧.૩૦ ક. થી બપોરે ૧.૩૦ ક. વાગ્યા સુધી **ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા** મધ્યે રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમ સાથે **દાંડિયારાસની રમઝટ** શ્રી કે. ડી. ઓ. જી. વી. સી. જૈન સંઘ દ્વારા **રવિવાર, તા. ૦૬-૦૧-૨૦૧૯ના સાંજે ૫.૦૦ ક.** દાંડિયારાસ સહિત વિવિધ પરંપરાગત રમતનું આયોજન કરેલ છે. સાથે વિવિધ હરિફાઈ, રસભર વાનગીઓના સ્ટોલ રાખેલ છે. કચ્છી ઢબના દાંડીયારાસ રમવા ટ્રેડીશનલ ડ્રેસ પહેરીને સજોડે સાજન-મહાજનની અને કુટુંબ સહીત પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**ઉપર મુજબના દરેક કાર્યક્રમમાં**
**આપનો ઉમળકાભર્યો**
**સાથ-સહકાર આપશો એવી અપેક્ષા સાથે**
**શ્રી ક. દ. ઓ. જી. વી. સી. જૈન સંઘ**
**આપ સૌને ભાવભર્યું આમંત્રણ પાઠવે છે.**

લી. શ્રી ક. દ. ઓ. જી. વી. સી. જૈન સંઘના કારોબારી સભ્યોના જયજિનેન્દ્ર !

UPASANA - 9820167767



## લગન અને જીવનમાં પેશન પ્રબળ ઊર્જાનો સંચાર કરે છે – કેસરસિંહ ખોના

ઇન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઑફ ઇંડિયાના ફેલો મેમ્બર જતીનભાઇ જયચંદ લોડાયા એકાઉન્ટન્સી ફિલ્ડમાં વરસોના અનુભવ બાદ પોતાની લાઇફના એકાઉન્ટના પાટા બદલી નાખ્યા છે.

નલિયાના અને હાલ ચેમ્બુર ખાતે રહેતા જતીનભાઇએ જ્યારે અન્ય ચાર જણ સાથે મળી પીરામલ આર્ટ ગૅલેરી, એન.સી.પીએ, નરીમાન પોઇન્ટ ખાતે ફોટોગ્રાફી એકજીબીશન અને ચર્ચા સત્રનું આયોજન હાથ ધર્યું, ત્યારે વિશેષ પ્રકાશમાં આવ્યા અને પ્રકાશ સમીક્ષા સાથે વાતચીતનો અવસર ઉદ્ભવ્યો.

પ્રાઇસ વૉટર હાઉસ, કેપીએમજી ઇંડિયા અને યુએસએ, સિટી બેંક, પી એન્ડ નેડલૉયડ અને સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક જેવા કૉર્પોરેટ જગતના માંધાતાઓમાં ૨૩ વર્ષના વૈવિધ્ય પૂર્ણ અનુભવ મેળવવાની સાથે તેમણે યુએસના કૉલોરાડો સ્ટેટની ચાર્ટર્ડ પબ્લિક એકાઉન્ટટ (સીપીએ), આઇસીએઆઇની ડીઆઇએસએ તથા એફએએફડી પરીક્ષાઓ ઉપરાંત આઇએસવીબી હૈદરાબાદની એ એમ પી પરીક્ષા પણ પાસ કરી હતી આવા વિવિધ શૈક્ષણિક જ્ઞાન અને બહોળા વ્યવસાયિક અનુભવ છતાં તેઓ પોતાના જીવનમાં વિશેષ કશુંક કરવા ઇચ્છતા હતા.

માત્ર ૪૪ વર્ષની ઉંમરે કેરિયરના મધ્યાંતરે રાહ બદલી નાખી. મૂળ તો ફોટાગ્રાફી અને મુસાફરીના જીવ, તેમણે આમાં જ આગળ ધપવાનું નક્કી કર્યું.

પાંચ વરસમાં તો તેમણે ટ્રેવલ અને ફોટોગ્રાફીના પેશનના લીધે અનેક સિધ્ધિઓ હાંસલ કરી છે. લગભગ ૨૮ જેટલા દેશોના પ્રવાસ કરી ચુકેલા જતીનભાઇને કારકિર્દી અને પેશનના લીધે યુએસએ, હૉંગકોંગ, થાઇલૅન્ડ, બાંગ્લાદેશ, યુએઇ, નેપાલ, મલેશિયા, શ્રીલંકા, ભૂતાન વગેરે દેશોની યાત્રાની પ્રેરણા મળી.

તેમણે ભારતના ટોચના પ્રસિધ્ધ એટીકેટ મેનેજમેંટ ટ્રેનર શીતલ કક્કડ મહેરા, પાસેથી એટીકેટ શિક્ષણ લીધું છે, તો ડેલ કારનેગી કમ્યુનિકેશન વર્કશૉપમાં હાઇ ઇમ્પેક્ટ પ્રેઝન્ટેશન, ફોટોગ્રાફ/ઇમેજીસ મારફત સ્ટોરી ટેલિંગ (એન આઇડી અમદાવાદમાં) એરિક કિમ પાસેથી સ્ટ્રિટ ફોટોગ્રાફી અમિત રાને (ડીસીપી) પાસેથી ફોટાગ્રાફીના મૂલતત્વો શીખ્યા. તેમની શીખવાની ધુન પણ આપણને કશુંક શીખવી જાય તેમ છે.

એનઆઇડી અમદાવાદના ફોટોગ્રાફી અને એના વિવિધ ફાંટાઓનો ક્લાસરૂમ પધ્ધતિથી અભ્યાસ કર્યો છે. અને હજી પણ કંઇક ને કંઇક શીખતા રહે છે.

જતીનભાઇ તેમના પત્ની નીતાબેન સાથે મહીન્દ્રા એડવેન્ચર્સની ૧૩ ટ્રિપોમાં જોડાયા હતા જેમાંથી કેટલીકમાં તેમણે ટ્રિપના ઓફિસીયલ ફોટોગ્રાફરની જવાબદારી પણ નિભાવી હતી. આ ટ્રિપોમાં પાંચ આંતરરાષ્ટ્રીય એવી તિબેટ (ચીન) મ્યાંમાર (બર્મા) નેપાલ, ભૂતાન અને થાઇલેન્ડનો સમાવેશ થાય છે.

હાલમાં જ તેઓ મુંબઇથી લદ્દાખની ટ્રિપમાં ભારતીય નૌસેના (નેવી)ના ઑફિસિયલ ફોટોગ્રાફર નિમાયા હતા. એક મહીના થી વધુ સમયગાળાની આ આકરી મુસાફરી સફળતાપૂર્વક પાર પાડી હતી. આ ઉપરાંત તેમણે પત્ની સાથે બે વરસ પહેલાં શ્રીનગરથી કન્યાકુમારીની કાર દ્વારા મુસાફરી કરી હતી. દેશના અનેક અભારણ્યો, ઐતિહાસિક વારસા સમા સ્થાપત્યો અને વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફી એમના રસના વિષયો છે.

જતીનભાઇએ લીધેલા ફોટોગ્રાફ એક મોટા ઉદ્યોગગૃહના સીએસઆર (કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સીબિલીટી) ઇવેન્ટસ, હોંગકોંગની પત્રિકા ‘રિવાઇન્ડ’માં વિન્ટેજ અને કલાસિક કારોને લગતા ફોટોગ્રાફ સ્થાન પામ્યા હતા. મારુતિ સુઝુકીના ઓટોક્રોસ ઇવેન્ટ, વીસીસીસીઆઇ દ્વારા આયોજિત ઇવેન્ટસ અને કાલાઘોડા ફેસ્ટીવલમાં એમના ફોટોગ્રાફ સામેલ કરાયા હતા તેમજ એમને એવૉર્ડ પણ એનાયત કરાયા છે.

હવે તેઓ યુવા પ્રોફેસનલ્સના મેન્ટૉર બનવાની સાથે નજીકના ભવિષ્યમાં ગ્રેજ્યુએશન પૂરૂં કરનારા તરૂણોને ફાઇનાસનું શિક્ષણ આપવાનો ઇરાદો ધરાવે છે.જતીનભાઇ કહે છે કે જો તેમણે કાર્પોરેટ જગતને અલવિદા ન કરી હોત તો માત્ર રૂંધાઇ ગયેલા કર્મચારી માત્ર રહી ગયા હોત પણ હવે જીવનમાં પ્રબળ ઉર્જાનો સંચાર થયો છે જે મારા બંને શોખ પ્રત્યે લગન અને પેશનને આભારી છે.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હૉટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ

**સ્થાનિક ઓફિસ :** ચારિત્ર કલ્યાણ માર્ગ, સોનગઢ (સૌરાષ્ટ્ર), પીન. ૩૬૪ ૨૫૦ ફોન : (૦૨૮૪૬) ૨૪૪૩૨૪ / ૨૪૪૬૪૫

**પ્રતિ,** તા. ૦૬-૧૨-૨૦૧૮

**શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ**
(સોનગઢ રત્નાશ્રમ)માં ભણી ગયેલ
ભૂતપૂર્વ વિદ્યાર્થી કચ્છી દશા ઓસવાળ જોગ,

## "માતૃવંદના"

**પ્રતિશ્રી વ્હાલા ભૂતપૂર્વ વિદ્યાર્થી મિત્રો,**

જે વહાલસોઇ 'મા'ના ખોળામાં જીવન જીવવાની જડીબુટ્ટી મેળવી તે માતૃસંસ્થાની કિંમત અમૂલ્ય છે. જે સૌ ભૂ.વિ.જાણે છે. પોતાની માતૃ સંસ્થાને કંઇક આપવાની તાલાવેલીએ શરૂ કરી માતૃવંદના સ્કીમ, જેમાં ભૂ.પૂ.વિ.ઓ પોતાની વાર્ષિક આવકનું ઓછામાં ઓછું ૧ ટકો દાન સ્વરૂપે સંસ્થાને દર વર્ષે માતૃવંદના સ્વરૂપે આપે છે. જો આપમાંથી કોઇ આ સ્કીમમાં ન જોડાયા હો તો સંસ્થાની હાકલને વધાવી લઇ તુરંત જોડાવા વિનંતી. હાલ આપણી સંસ્થામાં ૪૧૦ વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. જેમાંથી ૫૦ જેટલા ક.દ.ઓ.ના વિદ્યાર્થીઓ પોતાની જીવન કેડી કંડારી રહ્યા છે. દર વર્ષે નવા નવા વિદ્યાર્થીઓ દાખલ થતા જાય છે. હાલ દર વર્ષે એક વિદ્યાર્થી પાછળ રૂા. ૬૫,૦૦૦/- થી વધુનો ખર્ચ થાય છે.

**નોંધ :** કચ્છી દશા ઓશવાળ શુભેચ્છક પરિવારોને પણ સંસ્થાની અલગ અલગ યોજનામાં લાભ લેવા વિનંતી.

**આપનું દાન નીચેની વિગતે સ્વીકાર્ય છે.** લિ. **ભૂ.વિ. હિતેશ હિરાચંદ દંડ** (સાંધવ)
**(કારોબારી સભ્ય)**

૧) મુંબઇ - હિતેશ દંડ (સાંધવ) મો. ૯૩૨૨૪૯૫૯૬૯ / ૯૩૨૨૮૪૯૩૬૨
૨) દાદર ઓફીસ - ૦૨૨- ૨૪૧૬૫૬૩૯ / ૮૩૫૬૮૮૧૫૫૯
૩) સોનગઢ ઓફીસ - કુલીનકાંત ખોના (નલીયા) મો. ૯૩૨૮૯૦૫૧૨૭

**(સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને દર ડિસેમ્બર અને તા. ૨૪/૨૫ના પૂજ્ય બાપાશ્રીની જન્મજયંતિ નિમિતે ખાસ પધારવા ભાવભર્યું આમંત્રણ અને વિનંતી છે.)**

# મૈશેરી નુખના શ્રી આશાપુરા માને નમતા ભાવિકોને જખૌ સ્થાનકે માતાજીની ચતુર્થ પહેડી પ્રસાદ પ્રસંગે પધારવાનું સપ્રેમ આમંત્રણ

કચ્છ જખૌ નીમ ફરીયામાં બીરાજમાન શ્રી આશાપુરા માતાજીને નમતા મૈશેરી કુટુંબના ભાવિકોને જણાવવાનું કે, વૈશાખ સુદ સાતમ-આઠમ **તા. ૧૧-૦૫-૨૦૧૯ થી તા. ૧૨-૦૫-૨૦૧૯**, આમ બે દિવસના કાર્યક્રમનું આયોજન રાખેલ છે. સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવાનું આમંત્રણ છે. બધાજ ભાવિકોને **તા. ૧૦-૦૫-૨૦૧૯**ના સાંજ સુધી જખૌ ગામે આવી જવા નમ્ર વિનંતી.

## ❖ કાર્યક્રમની વિગત ❖

૧) વૈશાખ સુદ ૭ **તા. ૧૧-૦૫-૨૦૧૯ શનીવાર** • સવારના ૯ કલાકે **ચંડીપાઠ** • સાંજના **ભલારા દાદાનો પાઠ** • રાત્રે **રાસ ગરબા**

૨) વૈશાખ સુદ ૮, **તા. ૧૨-૦૫-૨૦૧૯ રવિવાર** • સવારના ૯ કલાકે **માતાજીની પહેડી પ્રસાદ**

**માતુશ્રી જયાબેન વાલજી ઉમરશી મૈશેરી** - જખૌ (હાલે મુલુંડ)
હસ્તે **વિજયભાઇ વાલજી મૈશેરી** તરફથી આયોજન કરેલ છે.

**નોંધ :** • સર્વે ભાવિકોને આવવા જવાની વ્યવસ્થા તથા રહેવાની વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે. જમવાની સગવડ તા. ૧૦-૦૫-૨૦૧૯ના સાંજથી તા. ૧૨-૫-૨૦૧૯ના સાંજ સુધી અલગ રસોડું રહેશે. • જે કુટુંબો આ અવસરે પધારવાના હોય તેઓ પહેલાથી જણાવશો, તો ચા-પાણી-જમવાની વ્યવસ્થા યોગ્ય રીતે કરી શકાય.



**લિ. રાજુલા રમેશ મૈશેરી ભોઇમાં**
**રમેશ વેલજી મૈશેરી** (જખૌ) - **98255 49939**



## પુસ્તક પરિચય

**MRI (My Relevant Interpretations) of Economic Terms.**

**Author : Gaurav Mashruwala. Publishers TV 18 Broadcast Ltd. Pages : 144. Price : Rs. 199/-.**

## દેશના નહીં, તમારા અર્થકારણ પર ધ્યાન આપો

કરકસર, બચત, રોકાણ અને પૈસાના વહીવટ વિષે ઢગલાબંધ પુસ્તકો બહાર પડે છે. ગૌરવ મશરૂવાલાનું ''નાનકડું અને રૂપકડું પુસ્તક''એ ખડકલામાં અનોખી ભાત પાડે છે તેના ભાષાકર્મ, સચોટતા અને વ્યવહારૂ આંતરસૂઝને કારણે.

વ્યવસાય નાણાકીય આયોજનકાર ગૌરવ મશરૂવાળા અનેક વ્યક્તિઓ અને પરિવારોને નાણાકીય બાબતો વિષે સલાહ આપે છે. અખબારોનાં પાનાં અને ટીવી ચેનલો પર તેઓ અવારનવાર દેખાય છે. આ રસાળ છતાં વિચારપ્રેરક પુસ્તકમાં તેમણે પોતાના નિષ્ણાત જ્ઞાન અને જનસંપર્કનો સુપેરે વિનિયોગ કર્યો છે.

લેખક અર્થશાસ્ત્રના જાણીતા પારિભાષિક શબ્દોનો તદ્દન નવા, વ્યક્તિલક્ષી અર્થમાં ઉપયોગ કરે છે. અહીં જીડીપી એટલે ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ નહિ, ગોલ્સ એન્ડ ડેવલપમેન્ટ પ્લાન્સ, એફડીઆઇ એટલે ફેમિલી'ઝ ડિસિઝન ટુ ઇન્વેસ્ટ, સેસન્સેક્સ એટલે સેન્સિબલ એક્સપેન્સ, આઇપીઓ એટલે ઇન્શોરન્સ એન્ડ પ્રોટેક્શન ઓપ્શન, આઇઆઇપી એટલે ઇન્શોરન્સ ઓર ઇન્વેસ્ટમેન્ટ પ્લાન. લેખક જે બજેટની ચર્ચા કરે છે તે કેન્દ્ર સરકારનું નહીં પણ પરિવારનું અથવા પરિવારના મોભીનું બજેટ છે.

આ માત્ર શાબ્દિક ચતુરાઇ નથી, તેની પાછળ એક સ્પષ્ટ હેતુ છે. લેખક કહે છે કે વ્યક્તિઓ અને પરિવારો માટે રાષ્ટ્રીય આવક, કેન્દ્રનું બજેટ, ઔદ્યોગિક ઉત્પાદન, વિદેશી રોકાણ જેવી સમગ્ર અર્થતંત્રને સ્પર્શતી મોટીમોટી અટપટી બાબતોની ચિંતા અને ચર્ચા કરવા કરતાં પોતાના પરિવારની આવક, ખર્ચ, જવાબદારીઓ, નાણાકીય ઉદ્દેશો અને તે પાર પાડવા માટેનું આયોજન ક્યાંય વધુ મહત્વનું છે. આ મોટીમોટી ઘટનાઓ પર વ્યક્તિઓ કે પરિવારોનો કાબૂ નથી. એટલું જ નહીં તેમની વધઘટથી તેમને કશો ફરક પડતો નથી. તમારી પુત્રી બે મહિના બાદ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવાની હોય અને શેરબજારનો સેન્સેક્ષ ૧૦ ટકા ગગડી જાય તો તમે તેને મોકલવાનું માંડી વાળશો ? તમારા દાદાના લગ્નની સુવર્ણજયંતી નિમિત્તે પંચતારક હોટલમાં સમારંભનું આયોજન કર્યું હોય અને જીએસટીના દરમાં ત્રણ ટકાનો વધારો થઇ જાય તો એ ઉજવણી રદ કરશો

લેખક કહે છે કે નાણાકીય વ્યવસ્થાપનનો પહેલો પાઠ એ જ છે કે તમારા પોતાના પરિવારના નાણાકીય ઉદ્દેશો અને જવાબદારીઓની વિગતવાર લેખિત યાદી બનાવો, તે પાર પાડવા માટે ક્યા સમયે કેટલી રકમની જરૂર પડશે, તે માટે કેટલી બચત કરવી પડશે અને તેનું ક્યાં રોકાણ કરવું પડશે તેનું આયોજન કરો. કમાણી કઇ રીતે વધી શકે અને ખર્ચમાં ક્યાં કાપ મૂકી શકાય તેનો વિચાર કરો. પારિવારિક જવાબદારીઓમાં પરિવારના સભ્યોને સાથે રાખો. એમ કરવાથી કુટુંબભાવના દૃઢ થશે અને ધ્યેય સિદ્ધ કરવામાં સહુનો ઉત્સાહભર્યો સહકાર મળશે.

આ બધાં કામ સફળતાપૂર્વક કઇ રીતે થઇ શકે તે લેખકે વિવિધ પ્રકરણોમાં સરળ અને રસાળ શૈલીમાં વિગતવાર સમજાવ્યું છે તેમનું ગદ્ય વ્યવહારૂ આંતરસૂઝના સંખ્યાબંધ ચમકારાઓથી ભરપૂર છે. નાણાકીય સાધનોમાં રોકાણ કરતાં પહેલાં તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા માટે ત્રણ મહિનાની જરૂરિયાત જેટલી રકમ હાથવગી રાખો અને જીવન, આરોગ્ય અને અકસ્માત સામે જરૂરી વીમા ઉતરાવી લો જેથી પ્રતિકૂળ સંજોગોમાં બચત તોડવાનો કે રોકાણ ફૂંકી મારવાનો વારો ન આવે. પ્રત્યેક રોકાણને એક ચોક્કસ ધ્યેય સાથે સાંકળી લો જેથી તમારૂં રોકાણ પૂરતું છે કે કેમ અને તે જરૂરી વળતર આપે છે કે કેમ તે જાણી શકાય. વીમા સાથે રોકાણની અને બચત સાથે કરબચતની ભેળસેળ ન કરો. વપરાશી ખર્ચ માટે કરજ કરતાં પહેલાં બે વાર વિચાર કરો. વ્યાજે લીધેલા પૈસે શેરબજારમાં ધંધો કરવાની ભૂલ કરશો નહીં. લીધેલી લોન ચુકવી આપવાને સૌથી ઊંચી અગ્રતા આપો. લોનના હપ્તા ભરતા રહીને બીજે નાણાં રોકવામાં શાણપણ નથી.

છેલ્લે લેખક કહે છે કે લક્ષ્મી એટલે માત્ર પૈસો જ નહીં. આપણી સંસ્કૃતિમાં ચાર પ્રકારની સંપત્તિ કહી છેઃ શરીર સંપત્તિ અથવા તંદુરસ્તી, સામાજિક સંપત્તિ અથવા સામાજીક માન, મોભો, પ્રતિષ્ઠા, ભાવનાત્મક સંપત્તિ અથવા પરિવારનો મિત્રોનો, સાથીઓનો પ્રેમ અને છેલ્લે આવે છે નાણાકીય સંપત્તિ. આ ચારેય પ્રકારની સંપત્તિ વચ્ચે સંતુલન જળવાય ત્યારે જ ખરી સમૃદ્ધિનો અનુભવ થાય. ઋષિમુનિઓની શિખામણને વિસરીને આપણે પૈસાને જ લક્ષ્મી માનવા લાગીએ ત્યારથી એ સંતુલન ખોરવાય છે અને પૈસો સુખને બદલે રોગ, ક્લેશ અને કંકાસનું કારણ બને છે.

સાચી સંપત્તિ ઇચ્છનારા સૌએ વાંચવા, વિચારવા અને વસાવવા જેવું પુસ્તક.

– **વીરેન્દ્ર પારેખ,** પુસ્તક પરિચય

(સંકલન : ટી. એમ. ગોસર, C.A.)

# શ્રી વિમલ શાંતિજિન સ્નાત્ર ગ્રુપ, વડોદરા આયોજિત યાત્રા પ્રવાસ

વડોદરાથી તા. ૨૬.૧૧.૧૮ ના બપોરે શુભારંભ કરી, મડગાંવ તા. ૨૭ ના રોજ વહેલી સવારે પહોંચ્યા. સ્ટેશન પર માતૃશ્રી મણીબેન દેવસી દંડ પરિવારના સુપુત્રો-પુત્રવધુઓએ સંઘનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યું. મડગાંવ સ્થિત શ્રી સુમતિનાથ ભગવાનના દર્શન, પૂજા-પાઠ કર્યા બાદ ગોવાના જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી. ત્યારબાદ માતૃશ્રી મણીબેનના નિવાસસ્થાને ચૌવિહાર બાદ પરિવારે બધાનું ભાવભીનું સ્વાગત, સંઘ પૂજન જે અનન્ય અહોભાવથી કર્યું તે તથા તેમની દિલેરી અને દાતારી જોઇ બધા ભાવવિભોર થઇ ગયા. બીજા દિવસે તા. ૨૮ ના શ્રી સુમતિનાથ ભગવાનના દર્શન-પૂજા બાદ સંગીતના સથવારે સ્નાત્ર પૂજા ભણાવી, બપોરે જમીને હુબલી તરફ પ્રયાણ કર્યું અને રાત્રે ૧૧ કલાકે હુબલી પહોંચ્યા અને પાર્શ્વ પદમાલય ખાતે ધર્મશાળામાં રાત્રી રોકાણ કર્યું. ત્યાં હુબલી મહાજનના સેક્રેટરી શ્રી ભરતભાઈ મોમાયા (રાજુભાઇ) તથા મિલનભાઈ છેડા દ્વારા થયેલ અપ્રતિમ વ્યવસ્થા તથા આયોજન થી તન-મન તરબતર થઈ ગયા.

તા.૨૯ ના સવારના દશાઇ જાગીરનું શ્રી અનંતનાથ ટ્રસ્ટ સંચાલિત કુમઠા સ્થિત શ્રી શામળાજી પાર્શ્વનાથ પ્રભુના દર્શન પૂજા તથા ભોજન બાદ વાલગીરી તીર્થમાં શ્રી શાંતિનાથ ભગવાનના દર્શન કર્યા. અહીં શ્રી હીરાચંદભાઇ લોડાયા તથા નીરજભાઈએ સારી આગતા-સ્વાગતા કરી અને વાડીમાં ઉગાડેલ વિવિધ વૃક્ષોથી સૌને પરિચિત કર્યા. ત્યારબાદ શ્રીમતી ભાનુમતીબેન પ્રેમચંદ ડાઘા પરિવાર તરફથી ઉપહાર સ્વરૂપે મળેલ મધમીઠા નાળિયેર પાણીનો સહુએ આસ્વાદ લીધો. સાંજના સીરસીમાં શ્રીમતી ગીતાબેન જીતેન્દ્ર ખોના તથા અન્ય સૌ દશાઇ જ્ઞાતિજનોએ ઉમળકાભેર આવકાર આપ્યો. 'અસીં માડુએં જા ભુખ્યા અઇયું' એ ધીંગા વાકયે સહુના મન મોહી લીધા. તેમણે જે ભોજન પીરસ્યા તેનો સ્વાદ તો કદી ભૂલી શકાશે નહીં. પછી બધા યાત્રિકોનું સંઘપૂજન થયું અને એમના શ્રી અજિતનાથ ગૃહ જિનાલયમાં સૌએ આરતી ઉતારી.

તા. ૩૦ના રોજ રાનીબેન્નુરના ત્રણ દેરાસરોના દર્શન કર્યા. ત્યાંથી બધા દાવણગીરી પહોંચ્યા. અહીં શ્રી કિશોરભાઈ મુલજી પરિવારે સ્વાગત કર્યું. અહીં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પ્રભુના દર્શન-પૂજા કર્યા બાદ ભોજન ગ્રહણ કર્યું. બપોરે આરામ કર્યા બાદ ચા-પાણીની વ્યવસ્થા પણ આ જ પરિવાર તરફથી હતી ત્યારબાદ સંઘપૂજન પણ થયું. એ પછી હાવેરી ગામે શ્રી રાજેશભાઈ અને હેમંતભાઈ સોમચંદ લોડાયા બંધુ બેલડીએ ભાવભીનું સ્વાગત કર્યું. આ પરિવારના ૪ સભ્યો ૧૦૦ બેડની હોસ્પિટલ ચલાવે છે એ સહુ ડોક્ટરો પણ સ્વાગત માટે ઉપસ્થિત હતા. જમણવાર અને ત્યાંના શ્રી આદિનાથ પ્રભુજીના દર્શન-વંદન પછી હુબલી પરત ફર્યા.

તા. ૧.૧૨.૧૮ના રોજ હુબલી થી ગદગ પહોંચતા ત્યાંના સંઘે વાગતે-ગાજતે શાનદાર સ્વાગત કર્યું. શ્રી વિપીનભાઈ મોતાએ અત્રે અભૂતપૂર્વ સેવાભાવ દેખાડયો. સેવા-પૂજા પતાવી અહીંની ૧૧૩ વર્ષ જૂની ક.દ.ઓ.જૈન ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ જોઈ. અહીં દશા-વિશા જ્ઞાતિના સર્વે બાળકોને મફત આધુનિક શિક્ષણ અપાય છે. નાત જાતના ભેદભાવ વિના શાળાની શરૂઆત ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા નવકારમંત્રના પઠન સાથે થાય છે. ત્યારબાદ અહીંના 'જીવન સંધ્યા' વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી. અહીં રહેતા ૧૨ જેટલા લોકો સાથે સંસ્થાપિકા બહેન શ્રીમતી મણીબેનના પણ ખબર અંતર પૂછ્યા. સાંજના હુબલીમાં શ્રી કરમચંદ આણંદજી વીકમશી પરિવારને ત્યાં પહોંચી, સુંદર આહારનો આનંદ લઇ એમના સ્વખર્ચે નિર્મિત શ્રી મુનીસુવ્રત જિનાલયમાં દાદાના દર્શન કર્યા. ત્યારબાદ પરિવારે સંઘપૂજન, સન્માન તથા બહુમાન કર્યું. રાત્રે હુબલીવાસીઓ અને વડોદરાની નિયાણીઓ સહિત જ્ઞાતિ મેળાવડાનું આયોજન કર્યું. જાણે લાગણીઓની ડાળખીઓ પર બધા હીંચકે ઝુલ્યા હોય તેમ પ્રાસંગિક પ્રવચનો, સંઘપૂજન, સત્કાર તથા સંભાષણોથી આ પ્રસંગ આગવો, અનેરો અને અજોડ બની ગયો.

એ પછી મીરજ થઇ સાંગલી આવ્યા. નવકારશી બાદ કુંભોજગીરી પહોંચી શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ પ્રભુજીના દર્શન-સેવા-પૂજા પતાવી, ત્યાં ૯૯ યાત્રા કરી રહેલ યાત્રિકોની સુખશાતા પુછતા ડુંગર પરથી ઉતર્યા. ત્યાંથી સિરોલીમાં શ્રી સીમંધર સ્વામીના દર્શન કરી, જમીને સિદ્ધગિરિ મ્યુઝીયમ જોવા ગયા. કળશ મંદિરમાં કુંથુનાથજીના દર્શન કરી ત્યાંથી પન્હાડા ખાતે રાત્રી રોકાણ કર્યું. સવારે શ્રી મહાવીર સ્વામી પ્રભુના દર્શન-સેવા-પૂજા કરીને ત્યાંના ઐતિહાસિક સ્થળો શિવાજીનો કિલ્લો, જેલ, તબ્બક પક્ષી તીર્થ, ત્રણ દરવાજા વગેરે જોયા. ત્યાંથી કોલ્હાપુરમાં મહાલક્ષ્મી મંદિરમાં દર્શન કરી ન્યુ પેલેસ મ્યુઝીયમ જોઇ શ્રી સંભવનાથ જિનાલયના દર્શન કરી સાંગલી પરત આવ્યા. રાત્રે આયોજિત સ્નેહમિલનમાં બહોળી સંખ્યામાં પધારેલ ગામવાસીઓની હાજરી વચ્ચે શ્રી ઉત્તમભાઈ ખોનાએ સાંગલીની વિશેષતાઓથી પરિચિત કરાવ્યા. અહીં ગીરીશભાઈ અને શરદભાઇ પોતાના ધંધાપાણી છોડી અમારી સેવામાં લાગ્યા હતા. સર્વેનો સમર્પિત સહકાર, સહયોગ, ઉદાર સૌજન્યનો અને ભાવના જોતા ગદગદ થઇ ગયા. એમની અંતરની અમીરી મહાલયોમાં પણ જોવા ન મળે તેવી હતી. સૌએ સમય, શક્તિ, સંપત્તિ અને સહયોગના સમર્પણ થકી બેમિસાલ યોગદાન આપ્યું. બપોરે સાંગલીથી ટ્રેન દ્વારા વડોદરા પ્રયાણ કર્યું.

***''યાત્રિકો અમે ને જાણે ઉતારા ભેટવા આવ્યા, એવા મળ્યા સરભરા ને (દશાઇ) સત્કાર''***

## ઇ ધજ માડુ પાંજી નાતજે મુંભઇ મહાજનજા થ્યા પ્રમુખ...

| | | |
|---|---|---|
| ૧) | શેઠશ્રી નરશી કેશવજી નાયક મણશી દંડ | કોઠારા |
| ૨) | શેઠશ્રી જેઠાભાઇ નરશી કેશવજી દંડ | કોઠાર |
| ૩) | સર નાઇટહુડ શ્રી વિસનજી ત્રીકમજી મુલજી લોડાયા | સુથરી |
| ૪) | શેઠશ્રી ખેતશી ખીંયસી કરમણ ધુલ્લા | સુથરી |
| ૫) | શાહ લખમશી હીરજી સારંગ મૈશેરી | સાંયરા |
| ૬) | ડૉ. શ્રી પુનશી હીરજી સારંગ મૈશેરી | સાંયરા |
| ૭) | શાહ શામજી હેમરાજ ખીંયસી ધુલ્લા | સુથરી |
| ૮) | શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી ખોના | તેરા |
| ૯) | શેઠશ્રી કુંવરજી જેઠાભાઇ વીરમ ધરમશી | સુથરી |
| ૧૦) | શેઠશ્રી જવેરચંદ પદમશી રતનશી લોડાયા | સાંયરા |
| ૧૧) | શ્રી હંસરાજ મેઘજી મણશી ગાલા (કામદારકાકા) | રેલડીયા મંજલ |
| ૧૨) | શાહ વેરશી માડણ વસાયા મૈશેરી | નાની સિંધોડી |
| ૧૩) | શાહ રતનશી દામજી માવજી ખોના | જખૌ |
| ૧૪) | શાહ જેઠાભાઇ હીરજી ખેતશી નાગડા | પરજાઉ |
| ૧૫) | શાહ રતિલાલ પદમશી કાનજી નાગડા | નલિયા |
| ૧૬) | શાહ પુનશી દામજી માવજી ખોના | જખૌ |
| ૧૭) | શાહ શાંતિલાલ મુલજી દેવજી શિયાડ | જખૌ |
| ૧૮) | ઝવરી પ્રફુલચંદ ભવાનજી શિવજી મોમાયા | જખૌ |
| ૧૯) | શાહ રાજેન્દ્ર મણીલાલ ટોકરશી ખોના | સુથરી |
| ૨૦) | શાહ નિરંજન કેશવજી વેલજી મોમાયા | વરાડીયા |
| ૨૧) | શાહ હીરાચંદ અરજણ કાનજી લોડાયા | બાંઢીયા |
| ૨૨) | શાહ ચીમનભાઇ મેઘજી પદમશી મોતા | વારાપધર |
| ૨૩) | શાહ નયનભાઇ અશોક કલ્યાણજી ભેદા | વારાપધર |
| ૨૪) | શાહ કલ્પેશભાઇ માણેકજી કેશવજી મોતા | રાપરગઢવારી |

નગર સેવાજા સપના સાકાર કંઇધલ પાંજી નાતજા મ્યુનિસીપાલિટીજા થ્યા પ્રમુખ/ઉપ પ્રમુખ...

પ્રમુખ :-

| | | |
|---|---|---|
| ૧) | શ્રી લખમશી હીરજી સારંગ મૈશેરી, સાંયરા | મુંભઇ |
| ૨) | રાવબહાદુર શ્રી ગોવિંદજી ખીમજી ભીંમશી દંડ, છાદુરા | ધુલિયા |
| ૩) | શ્રી ગુલાબચંદ ભવાનજી કાનજી લોડાયા, વારાપધર | ધુલિયા |
| ૪) | શ્રી જયવંતીબેન ગુલાબચંદ ભવાનજી લોડાયા, વારાપધર | ધુલિયા |
| ૫) | શ્રી ઇશ્વરચંદ ગુલાબચંદ ભવાનજી લોડાયા, વારાપધર | ધુલિયા |
| ૬) | શ્રી રાયચંદ પીતામ્બર કાનજી નાગડા, નલિયા | ખંડવા |
| ૭) | શ્રી શિવજી તેજપાર ગોવિંદજી લોડાયા, કોઠારા | ચાલીસગામ |
| ૮) | શ્રી રતિલાલ ઘેલાભાઇ દંડ કારાણી, સુથરી | દોંડાઇચા વરવાડા |

ઉપપ્રમુખ :-

| | | |
|---|---|---|
| ૧) | શ્રી લાલજી ઘેલાભાઇ માડણ શિયાડ, જખૌ | રાયપુર |
| ૨) | શ્રી હીરજી હંસરાજ તેજપાર (શાહ) શિયાડ, જખૌ | ધમતરી |

સંકલન :
**રશ્મીન ખોના**, સુથરી
મો. ૮૮૭૯૩૨૯૪૦૪

# ફક્ત ૧૬ મહિનામાં અનંત આરોગ્ય નિધિ - નાસિક - દેવલાલી મધે અત્યાધુનિક ૧૬ રૂમો તેમજ ૧૮૦૦ ફૂટના વિવિધલક્ષી હૉલનું લોકાપર્ણ

તા. ૯-૧૨-૨૦૧૮ના નાસિક દેવલાલી મધે સવારના અત્યંત આલ્હદાયક અને ખુશનુમા વાતાવરણ વચ્ચે શ્રી વિમલનાથ દાદાની છત્રછાયામાં તેમજ **પ.પૂ.સા. શ્રી જયદર્શિતાજી મ.સા.** અને **પ.પૂ.સા. શ્રી હિમાંશુશ્રીજી મ.સા.**ની પાવન નિશ્રા અને તેમના મુખે શ્રી માંગલિક સાંભળી સૌ પ્રથમ શુભ મુહુર્તે તા. ૧૮-૧-૨૦૧૯ થી તા. ૨૪-૧-૨૦૧૯ દરમ્યાન આયોજેલ પ્રતિષ્ઠાની કુમકુમ પત્રિકાના કેસર છાંટણા થી શરૂઆત કરવામાં આવી. સંઘમાતા શ્રીમતી ભારતીબેન પારસ મૈશેરી, રાપરગઢવારી સહપરિવાર વતી - શ્રી ભગવાન, શ્રી આચાર્ય ભગવંત તથા અન્ય ગુરૂભગવંતો, સાધુ-સાધ્વીને અને નવલ સદ્‌ગુણા ધ્યાનાલયના દાતા પરિવારની બહુમાનપૂર્વક પત્રિકા લખવામાં આવી.

ત્યારબાદ ટ્રસ્ટના ચેરમેન શ્રી પારસ પદમશી મૈશેરી પધારેલ આમંત્રિત મહેમાનો જે ફક્ત નાસિક-દેવાલાલી-મુંબઇ નહીં પણ દેશ-દેશાવરથી પધારેલા મહેમાનોનું હાર્દિક સ્વાગત કર્યું. ફક્ત ૧૬ મહિનામાં સાકાર પામેલ અત્યાધુનિક ૧૪ સ્ટુડિઓ રૂમ અને ૨ ઉપાશ્રય રૂમ તથા વિશાળ ૧૮૦૦ ફૂટનું વિવિધલક્ષી નયનરમ્ય હૉલ. અમારી ટહેલને માન આપી, સર્વે દાતાઓએ મૂકેલ વિશ્વાસને સાર્થક કરી બહુ જ થોડા સમયમાં એક નવલ નજરાણું જ્ઞાતિને સમર્પિત કરવામાં આવેલ છે.

શ્રી અનંત આરોગ્ય નિધિ ના ટ્રસ્ટીઓ શ્રી પારસ મૈશેરી, શ્રી રાજીવ લુઠિયા, શ્રી તિલેશ મૈશેરી, શ્રીમતી દમયંતિબેન લોડાયા, શ્રીમતી કલ્પનાબેન ધરમશી, શ્રી વસંતભાઇ વિકમશી, શ્રી મધુકાંતભાઇ ખોના, શ્રી તરૂણભાઇ ધરમશી, શ્રી અશોકભાઇ મોતા અત્યંત ઉત્સાહ અને આનંદથી સર્વે દાતાઓનું હૃદયથી આભાર વ્યક્ત કરી અત્યંત આકર્ષક મોમેન્ટો, શાલ, માળા, તિલક કરી લગભગ ૪૦૦ જણની હાજરી વચ્ચે તેમના કુટુંબીજનો સહિત તાળીઓના ગડગડાટથી બહુમાન કરેલ.

ફક્ત ૧૬ મહિના જેવા જૂજ સમયમાં, આટલા મોટા ભગીરથ કાર્યને, જો શક્ય બનાવ્યું હોય તો એના હક્કદાર શ્રી તિલેશભાઇ મૈશેરી, શ્રી કેતનભાઇ લોડાયા અને શ્રી પિયુષભાઇ ડાઘા છે. જેમણે અથાગ મહેનત કરી. પોતાની ઉત્કૃષ્ટ સુઝબુઝથી આ 'સી' અને 'ડી' વિંગને આપ સમક્ષ લોકાર્પણ કરેલ છે. એમની અનન્ય સેવાઓને ટ્રસ્ટે સહુ સમક્ષ રજુઆત કરી બિરદાવેલ છે.

શ્રી હિરેન નાગડા (PMC) અને આપણી સંસ્થાના મેનેજર શ્રી જિતેન્દ્ર મોતાએ પણ ઉત્કૃષ્ઠ સેવા આપેલ છે.

શ્રી હેમાંગ રાયચંદ ધરમશી - એક ઉત્કૃષ્ઠ અને નિસ્વાર્થ જિંદાદિલ વ્યક્તિત્વ ધરાવતું નામ જેમના પિતા શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી (સુથરી)એ પણ સંસ્થામાં પ્રાણ પૂરેલા અને એજ ભાવનાથી તેમના સંતાનોએ પણ સંસ્થાના દરેક કાર્યમાં ખભેખભા મિલાવી પ્રોત્સાહિત કરેલ છે. ટ્રસ્ટ તેમનું સદાય ઋણી રહેશે.

શ્રીમતી કલ્પનાબેન ધરમશીએ પોતાના વાકચાતુર્યથી પૂરેપૂરા કાર્યક્રમનું ઉત્કૃષ્ઠ સંચાલન કરેલ. શ્રી રાજીવ જયચંદ લુઠિયાએ સંસ્થાનો સવિસ્તર ઉલ્લેખ કરી, આભાર વિધિ પ્રગટ કરી હતી.

સંગીતના સથવારે, દરેક દાતા પરિવારને સન્માનપૂર્વક આમંત્રિને, તેમને આપેલ યોગદાનને એમના જ પરિવારજનોની હાજરીમાં એમના સુવર્ણ કરકમલોથી 'ડી' વિંગ ની ૧૬ રૂમો તેમજ ફર્નિચર, ફલોર, વિંગ અને પ્રવેશદ્વાર તેમજ 'સી' વીંગ, પ્રવેશદ્વાર તથા વિવિધલક્ષી હૉલને **ક.દ.ઓ. સમાજ માટે લોકાર્પણ કર્યું.**

શ્રી વિમલનાથ દાદાની પ્રતિષ્ઠાના સમાન્હિકા મહોત્સવમાં (તા. ૧૮-૧-૨૦૧૯ થી તા. ૨૪-૧-૨૦૧૯) સર્વે જ્ઞાતિજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

ANANT AROGYA NIDHI

લિ. **અનંત આરોગ્ય નિધી - દેવલાલી** સંચાલિત
**શ્રીમતી માલતીબેન જયંતીલાલ ભવાનજી સૅનેટરીયમ**

## તપશ્ચર્યા અનુમોદના - ભાંડુપ

શ્રી અનંતનાથ જિનાલયે ચાતુર્માસાર્થે બિરાજમાન અચલગચ્છાધિપતીશ્રી તપચક્રવર્તી પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરશ્રીજી મ.સા.ના આજ્ઞાવર્તિની પૂ. સાધ્વીજી અરૂણાપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. સાધ્વીજી નંદીવર્ધનાશ્રી મ.સા. આદિ ઠાણા-૪ માંના પૂ. સાધ્વીજી પ્રથમરસાશ્રી મ.સાહેબના શિષ્યા. સૌના લાડીલા કોકિલકંઠી પૂ. સાધ્વીજી પુણ્યવંતાશ્રીજી મ.સા. ૫૦૨ દિવસ પૂર્વે આદરેલ એકાસણા આસો સુદ ૯ ને બુધવારે ૫૦૧ એકાસણા પૂર્ણ કરી ૧૮-૧૦-૨૦૧૮ ગુરૂવાર આસો સુદ ૧૦ને દશેરાના શુભ દિવસે પારણું કરેલ.

ચિંચબંદર સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પૂ. સાધ્વીજી ધર્મપ્રિયશ્રીજી મ.સા. તથા પૂ. સાધ્વીજી નવકારપ્રિયાશ્રીજી મ.સાહેબે નિશ્રા આપેલ. ઉપાશ્રય હોલમાં પ્રથમ સર્વે મહાત્માઓને સામુહિક વંદન કરી શ્રી રાજેશ રાયચંદ છેડા દ્વારા પ્રાસંગિક રૂપરેખા આપવામાં આવેલ તેમજ સૌને આવકાર અપાયેલ ત્યારબાદ મુંબઇ મહાજન ના માનદમંત્રી શ્રી રમેશ હીરજી લોડાયા દ્વારા વક્તવ્ય અપાયેલ. મુંબઇ મહાજનશ્રી તથા શ્રી મસ્જિદબંદર સંઘ વતી બહેનો તેમજ મહાજનશ્રીના પ્રમુખશ્રી તથા સંઘ અધિકારીઓ દ્વારા પૂ. સાધ્વીજી પુણ્યવંતાશ્રી મ.સા.ના સંસારી માતુશ્રી મીનાબેન ભૂપેન્દ્ર ગાલા, મેરાઉનું સન્માન કરવામાં આવેલ.

શાંતિજિનના પ્રમુખ શ્રી જયેશભાઇ જૈને પ્રાસંગિક સંબોધન તેમજ મેરાઉના લક્ષ્મીચંદ દેઢીયા અનુમોદન વ્યક્ત કરેલ. પુજ્યશ્રીએ પ્રેરણાદાયક તપશ્ચર્યા અનુલક્ષી માંગલિક દ્વારા સંબોધન પચ્ચખાણ આપી સકળ સંઘ, સાધ્વીજી ભગવંતો સાથે શોભા યાત્રા પૂર્ણ કરી જિનાલયની સામે અનંત સદનમાં પૂજ્યશ્રીને સકળ સંઘના ભાવિકોએ વહોરાવવાનો લાભ લીધેલ.

સંઘના ભાવિકો, ગુરૂભક્તો દ્વારા આનાફોડથી માંગલિક બાદ ૧૫૦ રૂપિયાનું સંઘપૂજન કરવામાં આવેલ. શ્રી ક.દ.ઓ. મસ્જિદબંદર જૈન સંઘ દ્વારા આયોજીત નવકારશીનો લાભ લઇ સૌ ભાવિકો, ગુરૂભક્તોએ વિદાય લીધેલ.

---

## નિવેદન

શ્રીમતી રેખા ધીરેન લોડાયા જેમની સારવાર નામકો હોસ્પિટલ નાસિકમાં ચાલુ છે. બધાની શુભકામનાઓથી તેમને ડીસચાર્જ મલી ગયું છે. શુભકામનાઓ બદલ આભાર.

જે સમાજ સેવીઓએ તથા વ્યક્તિગત મદદ માટે રકમ સહયોગ રૂપે મોકલી છે તેમનો આભાર અને નિવેદન કે મોકલેલી સહાયની પુરી વિગત નીચે આપેલ એડ્રેસ ઉપર અથવા આપેલ વોટસઅપ નંબર પર મોકલવવા વિનંતી. બધાને વિનંતી કે હવે જ્યાં સુધી વિનંતી ના આવે ત્યાં સુધી સહાય મોકલતા નહીં.

લી. **ધીરેન લોડાયા**
પ્લોટ નં. ૯, રજા માળે, બી,
સાઇ રેસીડેન્સી, ડોંગરી રોડ, વૃંદાવન નગર,
મ્હાસરૂલ, નાસિક - ૪૨૨ ૦૦૪.
મો.: 09579814172

---

## સુધારા-વધારા

અંક નં. ૯ (૫ ડિસેમ્બર ૨૦૧૮)ના પાના નં. ૧૯ ઉપર સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘની મેટરમાં ધ્વજાનો પાવન દિવસ **તા. ૪-૩-૨૦૧૯ને સોમવાર** નિર્ધારિલ છે એમ વાંચવું.

અંક નં. ૨૧ પાના નં. ૧૭ ઉપરના લેખમાં વેબસાઇટનું નામ. **www.hellokutchis.com** વાંચવું.


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
**પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.**
**તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.**
**તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.**
**સોનલ આર્ટ**
**Mob.: 99678 41792**
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ,
રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


|| જયશ્રી સચ્ચાઇ માતાજી નમો નમઃ ||

ગામ લાલામાં બીરાજતા **શ્રી લાલકા ગૌત્રના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજીની ગંધી બદલવવાની** હોવાથી સર્વે માતાજીને નમતા ભાવિકોને જણાવવાનુ કે ચૈત્રસુદ ૫ ને **બુધવાર તા. ૧૦-૪-૨૦૧૯**ના રોજ કચ્છ લાલા મધ્યે રાખેલ છે. ભાવિકોને સવારના ૯.૦૦ વાગે હાજર રહેવા વિનંતી.

લિ. **લીનાબેન લાલકા (ભોઇમા)** - **09978319640**
**લીલમ લાલકા** - **09824511837**
**બંકીમ લાલકા** - **09322413733**

।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

## શ્રી કચ્છ સાંધાણ દશા ઓશવાલ જૈન મહાજન
## શ્રી કચ્છ સાંધાણ શાંતિનાથજી જૈન દેરાસરજી અને તેના સાધારણ ફન્ડસ

# અસાધારણ સભા અને સ્નેહમિલન

**શ્રી કચ્છ સાંધાણ દશા ઓશવાલ જૈન મહાજન સભ્યો જોગ અને સુજ્ઞ ભાઈ - બહેનો,**

**જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રીની એક અસાધારણ સભા રવિવાર તા. ૧૩/૧/૨૦૧૯ના બપોરે ૩.૦૦ કલાકે, ગોપુરમ હૉલ, જ્ઞાન-સરિતા શાળાની બાજુમાં, આર.પી. રોડ, મુલુંડ (પ.) મુંબઇ - ૮૦ મધ્યે રાખવામાં આવેલ છે. સભાના સમાપન બાદ સ્નેહમિલન અને પ્રીતિભોજનનું આયોજન કરવામાં આવેલ છે. સાંધાણ સંઘ પરિવાર તથા નિયાણી/બહેનોને પધારવા વિનંતી છે.**

## :- કાર્યસુચી -:

૧) હાલ દરમ્યાન સાંધાણ જિનાલય જીર્ણોદ્ધાર પ્રવૃત્તિઓની રૂપરેખા.
૨) ચાર ડેરીઓ, ઉપાશ્રય, દેરાસર કાર્યાલય, પાણીની પરબ વગેરેના નકરાની રકમ બાબત ચર્ચા - વિચારણા.
૩) દાતાશ્રી કિર્તીભાઈ વેલજી ધરમશીના હસ્તે નવા અતિથિગૃહ નિર્માણની જગ્યા ફેરફાર બાબત ચર્ચા-વિચારણા.

SANDHAN
Youth Front

## સાંધાણ યુથ ફ્રન્ટ આયોજીત

# એક અનોખી સાંજ....

**વહાલની વહાલપ અને સ્નેહ સરિતાનું આચમન કરવા ઉપસ્થિત મહેમાનો માટે રમતગમત, રાસ-ગરબા સહિત ગામની રસપ્રદ માહિતી સભર એક અનોખી સાંજનું આયોજન સાંધાણ યુથ ફ્રન્ટ દ્વારા સાંજે ૫.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. આ સાંજને યાદગાર બનાવવા નામી પ્રવકતા/ગાયક અને સાથી કલાકારોને આમંત્રિત કરવામાં આવેલ છે. આવનાર બધા મહેમાનોને સાદર વિનંતી છે કે તેઓ પરંપરાગત પોષાક-આભુષણો (Traditional Outfit) સાથે આ અનોખી સાંજને સુશોભિત કરશો.**



"સ્નેહના સરવાળાને, હેતના ગુણાકાર સાથે મળશું જ્યારે,
એક અનોખી સાંજનું મેળાવો થાશે ત્યારે "



લી. કચ્છ સાંધાણ દશા ઓશવાલ જૈન મહાજન પદાધિકારીઓ
શ્રી કચ્છ સાંધાણ શાંતિનાથજી જૈન દેરાસરજી ટ્રસ્ટીઓ

**ખાસ નોંધ :**

★ ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.
★ આવનાર મહેમાનોને વહેલા તે પહેલાના ધોરણે લક્કી ડ્રો કુપન આપવામાં આવશે.
★ કાર્યક્રમ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.
★ વિવિધ કેટેગરીમાં બેસ્ટ ડ્રેસ, બેસ્ટ પ્લેયર્સના અને અન્ય ઈનામો રાખવામાં આવેલ છે.






**રચયિતા: જયકાંત મોતા**

**ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨**


## ધર્મ સંદેશ - ૧૩૧

**આડી ચાવીઓ -**

[૧] આ યક્ષ શત્રુંજય તીર્થના રક્ષક છે (૩); [૨] આદીનાથ ને રસનું પારણું કરાવનાર (૬); [૮] શત્રુંજય નું એક નામ (૪); [૧૧] અહીં ભરત ચક્રવર્તી ને કેવળજ્ઞાન થયું (૬); [૧૩] જૈનો ની મંજીલ મોક્ષ છે પણ ત્યાં પહોંચવાની — અલગ છે (૨); [૧૪] પાલીતાણા ની એક પંચતીથી (૩); [૧૫] એક કષાય (૨); [૧૬] ત્રિશલા માતાનું સાતમું સ્વપ્ન (૨); [૧૭] ભય કેટલા ? (૨); [૧૮] પ્રભુનો એક અલંકાર (૩); [૨૦] પયુર્ષણ એ બધા પર્વો માં — પર્વ છે (૨); [૨૨] જીવ રક્ષા માટે ની કાળજી (૩); [૨૪] વીસ વિહારમાન માંના અઠારમા મહાભદ્ર નું લાંછન (૨); [૨૫] મહારાષ્ટ્રના આ ગામમાં પણ સુંદર જિનાલય છે (૨); [૨૭] વડોદરા પાસે આવેલ ૧૦૮ પાર્શ્વનાથ નું તીર્થ (૩); [૨૮] આયંબિલ ની ઓળી વર્ષમાં — વાર આવે છે (૧); [૨૯] શત્રુંજયની પ્રથમ પોળ (૪).

**ઊભી ચાવીઓ -**

[૧] શત્રુંજય ની પંચતીથીનું ગામ (૫); [૨] —નાથ ના માતા અને પિતાનું નામ સરખું છે (૩); [૩] દીપાળ ભણે એણે — અજવાળી (૨); [૪] જૈનોમાં આ યાત્રાનું ખુબજ મહત્વ છે (૨); [૫] મક્ષીજીમાં દિગંબર અને શ્વેતાંબરના પૂજાના — હોય છે (૨); [૬] અમદાવાદ પાસે આવેલ પાર્શ્વનાથનું તીર્થ (૩); [૭] શત્રુંજય પહાડ ઉપર આવેલ એક ટુંક (૪); [૯] અચલગચ્છ અને તપાગચ્છ ના લોકોની પૂજા કરવાની — અલગ હોય છે (૨); [૧૦] શત્રુંજય ચડતાં

———————————————(ઉકેલ અન્યત્ર)

પ્રથમ ચૈત્યવંદન અહીં થાય (૫); [૧૨] ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૩); [૧૫] સુમતિનાથ નું એક તીર્થ (૩); [૧૬] આમાં સ્નાન કરવાથી કૂકડો બનેલ ચંદરાજા પોતાનું અસલ સ્વરૂપ મેળવેલ (૫); [૧૯] જંબુદ્વિપ નો એક સમૂદ્ર (૩); [૨૦] અમુક તીર્થોનાં મુળનાયક — પ્રભાવશાળી હોય (૨); [૨૧] શત્રુંજય ઉપર આવેલ એક પોળ (૪); [૨૩] મલ્લીનાથના પિતાનું નામ (૨); [૨૬] એક કર્મ (૨)

---



## કચ્છી કસબ - ૧૩૧

**આડી ચાવીઓ -**

[૧] અવઢવ (hesitation) (૪); [૩] સોની (gold-smith) (૩); [૫] હસ્તમેળાપ પછીની વિધિ (ritual before sitting in chori) (૩); [૬] અડધું (half) (૨); [૭] કાદવ (mud) (૨); [૯] રેડવું (to pour) (૨); [૧૦] ગટગટાવી જવું (to drink) (૨); [૧૨] શાકભાજી (vegetables) (૩); [૧૩] વળાંક (turn) (૨); [૧૪] સાસરા (in-laws) (૩); [૧૫] નકામું જવું (wastage)(૨); [૧૬] હમણાં (now) (૩); [૧૮] ચોળી (one kind of vegetable) (૨); [૧૯] કાળજી (care) (૩); [૨૦] આવજો (bye) (૩); [૨૨] એમજ (just) (૩); [૨૪] માણસો (individuals) (૨); [૨૬] પુર (flood) (૨); [૨૭] કોનું (whose) (૨); [૨૯] ગતાગમ (sense) (૩); [૩૧] આપણને (to us) (૨); [૩૨] પસંદ પડી (like it) (૩); [૩૩] દિવસના ભાગમાં (in a day time) (૩).

**ઊભી ચાવીઓ -**

[૧] બગાડનાર (person who spoils others) (૩); [૨] માણસ માટે છોડી દેવું (give up for male) (૪); [૩] સસરો (father-in-law) (૨); [૪] હળદળ (termeric) (૩); [૬] પિતા (father) (૨); [૮] છુપાય (to hide) (૩); [૧૦] લોખંડની પેટી (iron bag) (૨); [૧૧] ભાઇઓ (brothers) (૨);

———————————————(ઉકેલ અન્યત્ર)

[૧૪] એકદમ (completely) (૨); [૧૫] ઇલાયચી (cardamon)(૩); [૧૬] અહીં (here) (૩); [૧૭] લક્કી (male bracelet) (૨); [૨૧] જરજરીત (in ruins) (૩); [૨૩] સ્ત્રી દ્વારા છીનવી લેવું (snatch by female) (૪); [૨૫] સરખો (proper) (૨); [૨૬] ઘંટી (handmill) (૩); [૨૭] કોને (whom) (૨); [૨૮] સગવડતા (comfort) (૨); [૩૦] નવવધુ (bride) (૨); [૩૧] આપણું (ours) (૨); [૩૪] ઠંડી (cold) (૧)

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ || || શ્રી સુરાપુરા દાદાય નમઃ ||

# ડાઘા - માલદે - ખેરાણી પરિવાર (દલતુંગી)

દલતુંગી ગામે બિરાજમાન
ડાઘા - માલદે - ખેરાણી પરિવારના

## કુળદેવીશ્રી મોમાઈ માતાજીની

૧૨મી પહેડી પ્રસંગે પધારવા






## સ્નેહ નિમંત્રણ

**વિક્રમ સવંત ૨૦૭૫ પોષ સુદ ૭, રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૯**
પાંજીવાડી, ૧/૨ કાંજુરમાર્ગ, વિલેજ રોડ, રેલ્વે સ્ટેશનની નજીક,
કાંજુરમાર્ગ (ઈસ્ટ), મુંબઈ - ૪૨.

ખાસ નોંધ : થાણા તરફના પુલથી બહાર આવતા બેજ મિનિટનો રસ્તો છે.

## મંગલ કાર્યક્રમ

- સાંજે ૩.૩૦ ક. માતાજીનું સામૈયું
- સાંજે ૪.૦૦ ક. માતાજીની સ્થાપના
- સાંજે ૫.૦૦ ક. ભક્તિ સંગીત
- સાંજે ૬.૦૦ ક. આરતી - થાળ
- સાંજે ૭.૦૦ થી રાસ ગરબા - પ્રસાદ

**આપ સર્વ કુટુંબીજનો તથા નિયાણી બહેનો,
દીકરીઓને સહકુટુંબ પહેડી પ્રસંગે પધારવાનું ભાવભર્યુ આમંત્રણ છે.**

ડાઘા-માલદે-ખેરાણી કુળના ઘરઘરમાં થાય જેનો જયજયકાર,
સ્મરણ કરીએ અને દેખાય ઘડીકમાં ચમત્કાર...
દુઃખીયાના દુઃખ દુર કરે, પૂરે પરચા વારંવાર,
એવા 'માઁ' મોમાઈ ને કરીએ નત મસ્તકે નમસ્કાર...

નોંધ : તમારી હાજરી એજ અમારૂ બહુમાન (સાંજના ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે)

**નિમંત્રક : માતુશ્રી મુરબાઈ ચાંપશી ધરમશી ડાઘા સહ પરિવાર (સીરસી-કર્ણાટક)**

હસ્તે અ.સૌ. હંસા હરીશકુમાર ચાંપસી ડાઘા, અ.સૌ. ડીમ્પલ નીલેશ હરીશકુમાર ડાઘા

**દર્શનાભિલાષી : ચિ. ધનેશ હરીશકુમાર ચાંપશી ડાઘા, ચિ. વિહાન નિલેશ હરીશકુમાર ડાઘા**

પ્રકાશ સમીક્ષા સમાચાર સંગમ

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જય લક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી આપણા ટ્રસ્ટની સ્થાપના થયેલ તેમજ પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. ના આશિર્વાદ તેમજ માર્ગદર્શનથી ટ્રસ્ટના કાર્યો પુરી સફળતા પૂર્વક ચાલે છે. પાચોરામાં જેમ દર શનિવારે જરૂરતમંદોને ભોજન કરાવવાનું કાર્ય ચાલુ છે. તેવીજ રીતે પાચોરામાં મહિનાના ચોથા બુધવારે જરૂરતમંદો માટે ડૉ. પાસે મફત તપાસણી, બીમાર વ્યક્તિનો ઉપચાર, સલાહ, લોહી તપાસવાનું અને પેશન્ટને યોગ્ય માર્ગદર્શન તેમજ દવાઓ આપવામાં આવે છે.

સેવાના કાર્યો માટે આપ જ્ઞાતિજનો સાથ અને સહયોગ આપણા ટ્રસ્ટને આપશો એવી વિનંતી. સંપર્ક માટે લક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા - ૭૫૮૮૬૪૬૦૨૫.

## શ્રી ક.દ.ઓ. મહિલા મંચ, ખામગામ-શેગાવ

શ્રીમતી પ્રવીણા દંડના અધ્યક્ષ પદે ૧૪-૧૧-૨૦૧૮ના રોજ ગ્રુપના ૪ સભ્યો દ્વારા મીટીંગનું આયોજન 'દીવાની મીલન' થી થયેલ જેમાં ડ્રેસકોર્ડ 'ચીલ્ડ્રન્સ ડે સ્પેશીયલ'' રાખેલ એમાં ૭ સભ્યો બાળક બની તૈયાર થઈને આવેલ કાર્યક્રમનું સંચાલન નેહા લોડાયા એ કરેલ શરૂઆતમાં દીવડાની લકી ગેમ રમોડલ જેમાં વિજેતા પ્રથમ સૌ. રશ્મી દંડ અને દ્વિતીય સૌ. હર્ષા નાગડા રહેલ ''રૂકના મના હૈ'' વાક્ય બનાવવાની ગેમ સીમા લોડાયાએ રમાડી જેમાં પ્રથમ સૌ હર્ષા નાગડા અને બીજા નંબર પર સૌ વર્ષા લોડાયા રહેલ. ત્યારબાદ ''પીનટ કોકોનટ બોલ્સ'' બનાવવાનો ડેમો સીમા લોડાયા એ આપેલ અને સૌનું મોઢું મીઠું કરાવ્યું. નેહા લોડાયા એ કરાવકે મ્યુઝીક સીસ્ટમ ઉપર ગીતો ગવડાવ્યા. ચીલ્ડ્રન્સ ડે નીમીતે બધા સભ્યોએ લોલીપોપ, આઇસક્રીમનો અને ગીતો ગાવાનો આનંદ માણ્યો. વીજેતાઓને ઇનામ સૌ. નીર્મલા શીઆડ ના હસ્તે દેવામાં આવ્યા છેલ્લે આભાર પ્રદર્શન સૌ. લીલા નાગડાએ કરેલ.

## કચ્છમાં કચ્છ એકમદ્વારા સમૂહલગ્નોત્સવ

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન કચ્છ એકમ સમૂહલગ્ન ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિનો આગામી સમુહલગ્ન ૨૬-૫-૨૦૧૯ના કચ્છમાં યોજાશે. ફોર્મ કચ્છ એકમ કાર્યાલય તથા કચ્છ એકમના સભ્યો પાસેથી મળી શકશે. સમૂહ લગ્નમાં જોડાવા ઇચ્છુક પાર્ટીઓએ કચ્છ એકમ કાર્યાલય ગાંધીધામ મહેશ લાલકા - ૯૮૨૫૨૮૭૫૫૫ અથવા લહેરચંદ ખોના - ૯૮૨૫૧૩૮૧૦૩નો સંપર્ક કરવા જણાવાયું છે.

## ખંડવા નગરે ગુરૂપુજન

અચલગચ્છ સમુદાયના પૂ. શાસન પ્રભાવિકા સા. પુણ્યોદયાશ્રીજી મ.સા.ની શિષ્યા પૂ. સંયમગુણાશ્રીજી મ.સા. આદીઠાણા ૪ ના ખંડવા નગરે ૧૫-૧૨-૨૦૧૮નો પ્રવેશ થયો. માગસર સુદ ૧૧ના દિવસે મ.સા.ના સંયમ જીવનના ૪૦ વર્ષ પૂર્ણ થયા. ચેતનાબેન પીતામ્બર ખોના તરફથી ગુરૂપૂજન કરવા આવ્યું. ૩ દિવસ સ્થિરતા કરી ખિરકિયા માટે વિહાર કરેલ. સાહેબજી ખિરકિયાથી પાછા વિહાર કરીને ''પોષ દશમ''ની આરાધના માટે પધારશે.

## શ્રી સખીવૃંદ મહિલા મંડળ (SVMM) પુણે



"Demonstration & Workshop Decopage" આ હતો વિષય રૂપાબેન ગોવિંદજી નાગડાની મીટીંગ. તેઓએ તેમની પૂત્રી ફાલગૂની પરેશ ખોનાને તથા તેમની સખી નમ્રતા ખોના ને કોચીન થી ખાસ આ મીટીંગ Conduct કરવા આમંત્રિત કર્યા. બન્ને એ ખૂબજ સરસ રીતે પ્રત્યક્ષ રીતે બતાવીને એક એક Step સમજાવીને Decopage નૂં પ્રત્યક્ષીકરણ કર્યું.

Workshop માટે સૌ સખીઓને લાકડાનું Tea

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

Coaster Stand સાથે આપવામાં આવ્યું, તથા તેને માટે લાગતી સામગ્રી પણ આપવામાં આવી જેમકે બ્રશ, Acrylic Colour, Fevicol, Sponge, Sand Paper, Varnish તથા Tissue Paper.

સૌ સખીઓને Tea Coaster પર Decopage કેમ કરવું તે બતાવીને એક એક ને જે મુસ્કેલી હોય તેમાં મદદ કરીને સફળતાપૂર્વક કાર્યશાળા પૂર્ણ કરી. ફાલગૂની બેને વીસ્તાર પૂર્વક Decopage નૂં ઈતીહાસ તથા તેનું ઉદ્ભવ સ્થાન, તેનો અલગ અલગ પ્રકાર વગેરેની માહીતી આપી.

Decopage દરવાજા પર, પ્લેટ પર, બોક્ષ પર, ઘડીયાળ પર, કપડા પર આમ અનેક વસ્તૂઓ પર કરીને તેને નવુંજ રૂપ આપી શકાય. Decopage ઈસ્ત્રી વાપરીને પાકા કરી શકાય.

મીટીંગની શરૂઆત માંજ લક્કી ડ્રો કરીને વીજેતાઓને Decopage કરેલી વસ્તૂઓ ભેટ આપી તથા સૌને ઘરે બનાવેલ કાજૂ કુકીજ સુંદર રીતે પેક કરીને ભેટ આપ્યા. આમ પૂરી થઇ રૂપાબેનની Creative તથા Informative મીટીંગ.

## શ્રી મંજલ નગરે શિલાન્યાસ વિધિ સંપન્ન



૦૯-૧૦-૨૦૧૮ના રોજ શ્રી મંજલ નગરે તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતી પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાથી જ્યોતિષાચાર્ય પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂશ્વરજી મ.સા. તથા મંજલ રેલડીયા રત્નન પૂ. પ્રિયંકરસાગરજી મ.સા.ની શુભ નિશ્રા અને આશિર્વાદથી સફળતાપૂર્વક ગ્રામજનો તથા પધારેલ આમંત્રિત મહેમાનોની હાજરીમાં સંપન્ન થયું.

આ પ્રસંગે રાયધણજર, ડુમરા, દેઢિયા ગામોથી શ્રી સંઘના શ્રેષ્ઠીજનો પધારેલ હતા, તેમજ મોટી સિંધોડીથી સંઘના ચેરમેન શ્રી મુકેશ ભવાનજી લોડાયા, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી તિલક પ્રેમજી લોડાયા, ટ્રસ્ટી શ્રી દિનેશભાઇ રતનશી મૈશેરી તથા શ્રી વિરેનભાઇ વગેરેઓએ પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

## તિરૂપુર ખાતે રક્તદાન શિબીર



૭-૧૨-૨૦૧૮ પ્રાચી એસ્પોર્ટ, એચડીએફસી બેંક અને મુયાર્ચી મકકલ અમ્મૈપું દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. કેમ્પનું ઉદ્ઘાટન શ્રી હાર્દિક છેડા ના હાથે કરવામાં આવેલ તેમણે સૌ પ્રથમ રક્તદાન કરેલ. મુયાર્ચી મક્કલ અમ્મૈપુંના પ્રમુખ શ્રી ચિદમ્બરમ સ્વાગત કરેલ, પ્રાચી એસ્પોર્ટના કર્મચારીઓ મળીને ૯૫ યુનિટ બલ્ડ ડોનેટ કરેલ. સરકારી હોસ્પિટલના ડૉક્ટર મંજુલાદેવી અને ટીમે સેવા આપી. બધા મહેમાનોનું સાલ ઓઢાડીને બહુમાન પ્રાચી એસ્પોર્ટ તરફથી કરવામાં આવેલ. આ કેમ્પનું મુખ્ય આયોજન સતીષ હંસરાજ નાગડા - એસએમઆરએ કરેલ. બધા માટે બપોરના જમવાની વ્યવસ્થા કરવામાં હતી. બધી ડોનર્સને સર્ટીફીકેટ દ્વારા સન્માન કરવામાં આવેલ.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

**સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.** સોમવાર બંધ


## ધર્મ સંદેશ - ૧૩૧ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) કવડ (૨) શ્રેયાંસ કુમાર (૮) ગીરીરાજ (૧૧) અરીસા ભુવન (૧૩) રીત (૧૪) તળાજા (૧૫) માન (૧૬) સૂર્ય (૧૭) સાત (૧૮) ટીલડી (૨૦) મહા (૨૨) જયણા (૨૪) હાથી (૨૫) પેણ (૨૭) ડભોઇ (૨૮) બે (૨૯) રામપોળ

ઊભી ચાવીઓ -
(૧) કદમગીરી (૨) શ્રેયાંસ (૩) કુળ (૪) રથ (૫) વારા (૬) શેરીસા (૭) ધનવશી (૯) રીત (૧૦) જયતળેટી (૧૨) ભુવન (૧૫) માતર (૧૬) સુરજકુંડ (૧૯) લવણ (૨૦) મહા (૨૧) હાથીપોળ (૨૩) કુંભ (૨૬) નામ

**નવા/બદલાયેલા સરનામા/ફોન** – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **પરાગ બિપીન શાહ (પોલડીયા)** (PS 4893) | ૨/૩૧, વિજય વિલાસ વેગા કો.હા.સો., આનંદ નગર, ઘોડબંદર રોડ, થાણે - ૪૦૦ ૬૧૫. મો.: 083208 96728 / 099252 04382 |
| **નરેન્દ્ર કુંવરજી શાહ (દંડ)** (PS 3615) | ડી-૨૦૬, મંગેશ ડેઝલ, ન્યુ ૯૦ ફીટ રોડ, ઠાકુરલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: 097739 77383, 099204 78066 |
| **જીતેન્દ્ર બાબુલાલ ધરમશી** (PS 3451) | એ-૩૦૧, ઋતુવ્રત કો.હા.સો., આનંદ નગર, પંડિત દીનદયાલ રોડ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: 098207 95096 |
| **અનિલ કાંતીલાલ નાગડા** (PS 3976) | ૨૦૩/એ વિંગ, કાજલ કો.હા.સો., ઘનશ્યામ ગુપ્તે રોડ, જયહિંદ કોલોની, સ્ટ્રીટ નં. ૨, ડોમ્બીવલી (વે.)-૪૨૧ ૨૦૨. મો.: 093221 51461, 099675 07250 |
| **જતીન નવીનચંદ્ર દંડ** (PS 2860) મો.: 08286656909 | ૭૦૫, ૭ મે માળે, ગણેશ ઘાટ, મોહન હાઈલેન્ડ્સ બિલ્ડીંગ નં. ૧૦, જુનીપર, ગુરૂકુલ ઈન્ટરનેશનલ સ્કુલની સામે, કાત્રપ, બદલાપુર (ઈસ્ટ) - ૪૨૧ ૫૦૩. |



## વ્યક્તિ વિશેષ - DJ LiL'B ભાવિની શાહ

### જીવનના હર ક્ષેત્રમાં ક.દ.ઓ. દીકરીઓ બહેતર કામ કરે છે.

**ભાવિની શાહ,** હિરાબેન પૂનશી લોડાયાની દીકરી છે. ભાવિની સિને લાઈનની ગ્લેમરસ-રોમાંચક દુનિયામાં કામ કરે છે અને ત્યાં DJ LiL'B તરીકે જાણીતી છે. તેને બે એવોર્ડ મળ્યા છે, બ્રેવ હાર્ટ એવોર્ડ - Women Empowering Women Awards.

ભાવિની દિવસના માતા અને રાતે DJ બની રહે છે. કલકત્તાના પ્રેમચંદ મોતાએ એમનો ઈન્ટરવ્યુ લીધો ત્યારે તેને કહ્યું તમે સપના સેવો તો તેને જરૂર સાકાર કરી શકશો. DJ તરીકે મારૂં ૧૪મું વર્ષ છે અને માતા તરીકે ૪થું.

આ વિરોધાભાષ કદાચ નહીં માનો પણ જ્યારે તમે તેને અને દીકરી ઈવાને મળો તો તમારી માન્યતા બદલાઈ જશે. ઈવા વિશેષ ધ્યાન માગતુ બાળક છે. ભાવિની કહે છે ઈવાને કાર્યક્ષમ, મજબુત અને સ્વાવલંબી બનાવવા અમે વાલી તરીકે શક્યતઃ બધુજ કરીએ છીએ. હર દિન અમે અમારા સ્વપ્ન સાકાર થતા જોઈએ છીએ. હજી સુધીની સફર બહુ ઉપર-તળે રહી છે પણ અમને ગર્વ છે ઈવા એમા નિપુણ રહી છે. ઈવા સહજ રીતે ઉપચાર-થેરેપી કરાવે છે. ડૉક્ટરની વિઝિટ, સસ્મિત-હસીને સ્કુલ જવું વગેરે, દવાઓ લેવા કે બધીજ સારવારમાં બિલકુલ આનાકાની વિના.

સપ્તાહ શરૂ થાય છે, સ્કુલ જવું, Phonic ક્લાસમાં, ફિઝીયો અને ઓક્યુપેશન થેરેપી વગેરેમાં આખો દિવસ થઈ જાય છે અને સાંજે પાર્કમાં રમત-ગમત, બહાર ખાણી-પીણી ને રાતે થાબડીને વાર્તા સંભળાવી અને પછી આવે છે વીક-એન્ડ, મમ્મી તૈયાર થઈ જાય છે બહાર કામે જવા માટે. તેણે દુનિયાભરમાં પાર્ટીઓ ગજાવી દીધી છે. પચીસ દેશોમાં અને દુનિયાના ૭૦થી વધુ શહેરોમાં.

ઈવા નોર્મલ શાળામાં જ જાય છે અને દેખીતી રીતે જ હોંશીયાર છે. તે વાર્તાઓ કરે છે, કલ્પનાઓ કરે અને ભરપુર જીવે છે. તે બીજા બાળકોની જેમ જ ચાલે, દોડે, કુદે, નાચે જોકે બીજા નોર્મલ બાળકોની જેમ સ્વાભાવિક નથી. તેને અવિરત નિષ્ઠા, ધ્યાન અને દૃઢ નિશ્ચયની જરૂર છે. તેના સ્વપ્નોને પાંખો આપવા, સશક્ત કરવા રોજની થેરેપી, ખૂબજ પ્રેમ અને સંપૂર્ણ પરિવારનું ધ્યાન જોઈએ જેમ હરેક બાળકનો હક્ક હોય છે. ભાવિની કહે છે હું મજબૂત હાર્દની છું પણ ઈવા જ મને તે બનાવે છે.

મુંબઈની DJ LiL'B ભાવિની ભારતભરમાં મહિલા DJ માં અગ્રેસર છે. મ્યુઝીક ઈન્ડસ્ટ્રીમાં તેને ૧૩ થી વધુ વર્ષનો અનુભવ છે. ફક્ત ૧૫ વર્ષની વયમાં તેણે કારકિર્દીની શરૂઆત કરી હતી. ભારતના ૪૦ થી વધુ અને પરદેશમાં ૨૫ શહેરોમાં સંગીતનો જાદુ ફેલાવ્યો છે અને વિશ્વ સફર કરી છે. અનેક ડાન્સ ફ્લોર DJ LiL'B એ ડોલાવ્યા છે અને જાણીતી ધુન પર - હિપ-હૉપ, બોલીવુડ, પંજાબી, EDM અને Commercial International Hits વગેરે. અનેક નામી કલાકારો સાથે કામ કર્યું છે જેમકે મીકા સીંગ, કૈલાશ ખેર, એચ. ધામી, RDB, નીંદી કૌર, હાર્દ કૌર, જિપ્પી ગ્રેવાલ ઉપરાંત ઈન્ટરનેશનલ ટેલેન્ટ જેમ કે Snoop Dogg, Jay Sean, Juggy D. વગેરે. ભાવિનીની તાજેતરની સિધ્ધી છે IPL Extra Innings T20 Cricket (2015 Sec. 8) માં ધૂન વગાડવા માટે ઓફીસિયલ DJ તરીકે નીમાઈ છે. ભારતભરમાં સપૂંર્ણ Digital Set બજાવવા માટે તેણી એક જ Commercial Female D.J. છે.

તેના પિતા મિતેષ લોડાયા ૩૦ વર્ષથી પ્રેસ ફોટોગ્રાફર છે. ભાવિની મીઠીબાઈ કોલેજમાંથી મુંબઈ યુનિવર્સિટી આર્ટ્સની સ્નાતક છે. અંકિત શાહ સાથે લગ્ન કર્યા છે જેની D.J. ના અભ્યાસ દરમ્યાન મુલાકાત થઈ હતી.

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૭-૧૮ | ડોમ્બીવલી | જીયા, નયના વિક્રમ નરેન્દ્ર શાહ (નાગડા) | નલિયા | પુત્રી |
| ૨૬-૦૯-૧૮ | જલગામ | દ્રષ્ટિ, અક્ષીતા નયન શૈલેન્દ્ર નાગડા | જખૌ | પુત્રી |
| ૨૦-૧૧-૧૮ | ઘાટકોપર | ઝીવા, કિંજલ ભાવિન પાલાણી (ખોના) | કોઠારા | પુત્રી |
| ૦૫-૧૨-૧૮ | આદીપૂર | શિષિકા, દિવ્યા અનિષ અશોક લોડાયા | વારાપધર | પુત્રી |
| ૦૬-૧૨-૧૮ | પૂના | સિધ્ધાર્થ, શીતલ ચિરાગ શરદ શાહ (નાગડા) | નલિયા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૧૨-૧૮ | રાયપુર | રાજકુમાર પ્રવિણચંદ્ર જવેરચંદ લોડાયા | સાંધાણ | ૨૬ |
| | ચાલીસગામ | હેતલ રાજેશ વેરશી શિયાડ | દલતુંગી | ૨૬ |
| ૦૪-૧૨-૧૮ | ડોડાઈચા | મયંક જીતેન્દ્ર જીવરાજ મોમાયા (પટેલ) | સાંયરા | ૨૭ |
| | ભાંડુપ | મિત્તલ મધુકર ભવાનજી લોડાયા | સાંધવ | ૨૪ |
| ૦૪-૧૨-૧૮ | મલાડ | જય પંકજ હેમરાજ મોમાયા | વરાડીયા | ૨૪ |
| | આંતરજાલ | પરીન્દા હરીશ જવેરચંદ લોડાયા (પટેલ) | વારાપધર | ૨૩ |
| ૦૯-૧૨-૧૮ | મુલુંડ | હાર્દિક નરેશ ભવાનજી દંડ | લાલા | ૨૭ |
| | જાલના | ગિરા જયેશ કાનજી મૈશેરી | જખૌ | ૨૫ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૧૧-૧૮ | કોચીન | ધનદીપ મુકેશ લોડાયા | કોઠારા | ૨૮ |
| | ત્રિશૂર | જશમીન જ્યોર્જ | ત્રિશૂર | ૨૭ |
| ૦૭-૧૨-૧૮ | દુબઈ | મયુર ધર્મેન્દ્ર અમરશી મોતા | લાખણીયા | ૩૦ |
| | દુબઈ | દ્રષ્ટિ વિલ્બુકુમાર મુલરાજ જોષી | જયપુર | ૨૭ |
| ૧૨-૧૨-૧૮ | મુલુંડ | રાહુલ વિજય ડુંગરશી મૈશેરી | જખૌ | ૨૭ |
| | મુલુંડ | રિધ્ધિ મહેન્દ્ર વાલજી ગાલા | કોટડી મહાદેવપુરી | ૨૪ |
| ૧૬-૧૨-૧૮ | બોરીવલી | આકાશ જયેશ પ્રતાપરાય ચિતલીયા | મહુઆ | ૨૮ |
| | મુલુંડ | રિધ્ધિ પ્રમેશ હંસરાજ દંડ | સાંધવ | ૨૮ |
| ૧૬-૧૨-૧૮ | ઘાટકોપર | અક્ષય ડૉ. રોહિત રમેશચંદ્ર ગાંધી | સાવરકુંડલા | ૨૭ |
| | ઘાટકોપર | અનેરી અજય વિશનજી જેતશી દંડ | ભરૂડીયા | ૨૬ |
| ૧૮-૧૨-૧૮ | ભાંડુપ | ચિંતનકુમાર બાબુલાલ દંડ | તેરા | ૨૫ |
| | ભાંડુપ | દિશા અશોકભાઈ ભવાનજીભાઈ પટેલ | હડાળા | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૧૧-૧૮ | ગાંધીધામ | શ્રીમતી લતાબેન લાલજી મોતા | રાપર ગઢવારી | ૬૩ |
| ૦૨-૧૨-૧૮ | કલીકટ | વાસંતીબેન અનિલકુમાર હિરજી કુરૂવા | બાયઠ (ગોધરા) | ૬૮ |
| ૦૮-૧૨-૧૮ | મુલુંડ | ક્ષીરીષ (ડીગી) તરૂણા લલિત દંડ (કાંતીરોય) | છાદુરા | ૩૫ |
| ૧૨-૧૨-૧૮ | વડોદરા | ઠાકરશી પદમશી પાનપરિયા | નાંગરેચા | ૭૭ |
| ૧૩-૧૨-૧૮ | મુલુંડ | પ્રવિણ પદમશી ત્રિકમજી મોમાયા | તેરા | ૭૬ |
| ૧૫-૧૨-૧૮ | માધાપુર (ભુજ) | રતનબાઈ વિશનજી લોડાયા | સુથરી | ૮૨ |
| ૧૭-૧૨-૧૮ | અમદાવાદ | સુશીલાબેન શાંતિલાલ લોડાયા | વારાપધર | ૮૨ |
| ૨૦-૧૨-૧૮ | ગોધરા | લાલજી જેતસી છેડા | સુજાપર | ૮૦ |

### કચ્છી કસબ - ૧૩૧ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) ફેટફેટ (૨) સોનારો (૫) હથુરો (૬) અધ (૭) કીલ
(૯) ધાર (૧૦) પીવ્યો (૧૨) ભકાલો (૧૩) આંટી (૧૪) સાવરા
(૧૫) એળે (૧૬) હેવર (૧૮) ચોરા (૧૯) ચાંવત (૨૦) અચીજા
(૨૨) ઇંયજ (૨૪) જણાં (૨૬) જંગી (૨૭) કેંજો (૨૯) વસલા
(૩૧) પાંકે (૩૨) જચઇ (૩૩) ડીયેંજો

ઊભી ચાવીઓ -
(૧) ફેટોળ (૨) ફેસકીવ્યો (૩) સોરો (૪) હૈધર (૬) અધા
(૮) લેકાય (૧૦) પીટી (૧૧) ભાવર (૧૪) સાવ
(૧૫) એરાચી (૧૬) હેતઇં (૧૭) પોંચી (૨૧) જાજરો
(૨૩) જટીવઇ (૨૫) સોંજો (૨૬) જંધર (૨૭) કેંકે
(૨૮) સોંજ (૩૦) લાડી (૩૧) પાંજો (૩૪) શી

# નવમી પુણ્યતિથિએ સ્મૃતિવંદના



જન્મ
તા.૧૫.૦૮.૧૯૪૨

અરિહંતશરણ
તા.૧૯.૧૨.૨૦૦૯

## સ્વ. સૌ. તારાબેન કુંવરજી દંડ

(ગામઃ સેવક ભરૂડિયા, મુલુંડ)

મહિના સાથે , વર્ષો વિત્યા, વિતશે કાળ અમાપ,
અમ હૈયાના કણકણમાં, છો સજીવન આપ
ચદંન જેવું જીવન જીવીને , સુખ અમ સહુને દઈ ગયા
ખુદ ઘસાઈને અમ કાજે, સૌરભ થઈ પ્રસરી ગયા
ભલે તમે સદેહ નથી અમારી સાથે,
પણ પ્રેમ તો વરસતો, રહેશેઅમારે માથે
સ્નેહ ભર્યા સંસ્મરણો સાચવીશું. જીવનભર સાચા જતનથી
પ્રભુ આપના પુનિત આત્માને, પરમશાંતિ આપે એવી પ્રાર્થના...

**હર પળ આપને યાદ કરનારા આપના સ્વજનો :**

| | |
|---|---|
| પતિ | : શ્રી કુંવરજી ખીમજી દંડ |
| સાસુ-સસરા | : સ્વ. દેવાબાઇ ખીમજી લધાભાઇ દંડ (સેવક ભરૂડિયા) |
| માતા-પિતા | : સ્વ. ડેકાબાઇ ગોવિંદજી દામજી ખોના (ગોરખડી) |
| પુત્ર-પુત્રવધુ | : અ. સૌ. કલ્પના મનોજ કુંવરજી દંડ |
| પુત્રી-જમાઇ | : અ. સૌ. મીતા હિતેશ હિંમતલાલ લોડાયા (મોટી ખાવડી) |
| | : અ. સૌ. જયશ્રી કમલેશ પાશ્વીર નાગડા (રંગપુર) |
| પૌત્રી-જમાઇ | : અ. સૌ. ઉન્નતિ જિનેશ ભરતભાઇ ધુલ્લા (સેવક ભરૂડિયા) |
| પૌત્રી | : ચિ. સ્તુતી, ચિ. પલક |
| દોહિત્રી-દોહિત્રા | : ચિ. સૃષ્ટિ, ચિ. યતીશ, ચિ. સંયમ |

# ૪૮ વર્ષથી સુપ્રસિધ્ધ ટેલર્સ

મુલુંડ MULUND मुलुन्ड

## લગ્નસરા-પાર્ટીવેઅર ઈત્યાદિમાં માસ્ટરી

૧૯૭૦

ફેશનના ફરીસ્તા

માસ્ટર પ્રવિણ ગડા



શ્રી પ્રવિણ શામજી ગડા

કચ્છ : મોટા લાયજા

# પ્રિન્સ મેન્સ વેઅર

આપના મેજરમેન્ટ મુજબ પરફેક્ટ ફિટીંગ + ઉત્તમ સિલાઈ

**પ્રભાવશાળી વ્યક્તિત્વ માટે**

❑ જીન્સ ❑ સફારી ❑ કુર્તા ❑ શેરવાની ❑ બ્લેઝર-શૂટ ❑ પાયજામા ❑ ચુડીદાર

**બ્રાન્ડેડ કાપડનું વિશિષ્ટ કલેકશન :**

❑ પાયજામાની કેટી ❑ ઝભ્ભાની બોસ્કી ❑ રેમન્ડ શુટીંગ/શર્ટીંગ
❑ ઈટાલીયન પેન્ટ પીસ ❑ પેન્ટ માટે હાઈ શોપી

વિક્રોલીનાં ફેમસ ટેલર્સ હવે મુલુંડમાં

**એકવારની મુલાકાત બનશે કાયમનો નાતો**

## Prince Men's Wear

રામરતન કંપાઉન્ડ, શોપ નં. ૭, સેવારામ લાલવાણી રોડ, સાઈબાબા મંદિરની સામે, જુના મુલુંડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ०८०.

**મો. 98201 62762 • 88792 24424**

---

# M. J. ENGINEERING

Destination for your systematic storage solution needs

## OUR PRODUCTS

1 File storage mobile Compactor
2 Heavy duty racking system
3 Personal locker unit
4 Library furniture
5 Hostel furniture
6 School furniture
7 Supermarket racks
8 Cafeteria furniture
9 Slotted angle racks





**OUR ESTEEMED CLIENTS**
VLVG Hostel, Forbes India Pvt Ltd., Indian Air Force, Hindustan Coco Cola Beverages, Wadia Hospital, Podar International School , Somaiya Education Trust

CHINTAN MANILAL SONI
RANJAN CHINTAN SONI

9136032737 / 9769004648
info@mjengineering.co.in
mjengineeringindia@gmail.com

**VIBRANTÉ**
A product of M.J.Engineering

www.mjengineering.co.in www.indiamart.com/mj-engineering

# પ્લોટ માટે કચ્છમાં સુવર્ણ તક














સાંધવ મધ્યે **"શ્રી શાન્તીનાથ નગર"** ભાચુન્ડા રોડ, દેરાસરજી તેમજ ગામથી ૫ મિનીટના અંતરે ૬૭ પ્લોટોનું સુંદર આયોજન કરેલ છે. જેમાંથી હમણા સુધી ૨૨ પ્લોટોનું રજીસ્ટ્રેશન કરાવી, સાથે લાલ બૂક આપીને કબજો આપેલ છે.

જે ગામવાસીઓએ તેમજ કે.ડી.ઓ. ભાઇઓએ લીધેલ પ્લોટની પ્લેટ ભરીને તૈયાર છે, લાઇટની વ્યવસ્થા થઇ ગયેલ છે. હાલમાં પ્લોટની ચારે બાજુએ બાઉન્ડરીનું કામકાજ ચાલુ છે. ત્રણ બાજુની બાઉન્ડરી થયેલ છે. પાણીના બોરનું કામ ચાલુ છે. હવે પછી ગેટ અને રોડનું કામકાજ ચાલુ થવાનું છે.

હાલમાં ૨૦૦ વાર થી ૪૦૦ વાર સુધીના પ્લોટો છે (૬૦X૩૦ = ૧૮૦૦ ફૂટ - ૨૦૦ વાર) (૬૦X૬૦ = ૩૬૦૦ ફૂટ - ૪૦૦ વાર) ઓછામાં ઓછા ૧૬૦ થી ૧૮૦ વારના જૂજ પ્લોટો છે. આ સોનેરી મોકો હાથમાંથી ન જાય અને જેમને પણ માદરે વતન શ્રી શાન્તીનાથ દાદાની શીતલ છાયામાં પોતાનું સ્વપ્ન સાકર કરવાની અનેરી તક ઝડપવાની ઇચ્છા હોય અને આપણા વતનમાંજ આપણો મજાનો બંગલો બનાવવો હોય તેઓએ સંપર્ક કરવા વિનંતી.

બહુજ સુંદર જગ્યા, નદી કીનારે, ચારે બાજુ ખુલાશ, રોડ ટચ, ઘર સુધી વાહન આરામથી આવે. તો આપ સૌને ગામવાસીઓ - નીયાણી બહેનો - તેમજ સમગ્ર કચ્છી દશા ઓશવાલ ભાઇઓએ ખાસ સંપર્ક કરવા વિનંતી.

વિશેષતા : **ફક્તને ફક્ત જૈનો માટે જ...**



## સંપર્ક : દીનેશ રામજી લોડાયા

ફોન : 9820327977 / 9320327977 / 9723327977

**CDO Prakash Samiksha** **R.N.I.No. MAHGUJ/1998/04640**

Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## તૃતિય પુણ્યતિથી



જન્મ :
તા. ૨૫.૦૨.૧૯૮૨

દેહ વિલય :
તા. ૨૪.૧૨.૨૦૧૫

### શૈલેષ મણીલાલ શામજી મોમાયા

ગામ : વરાડીયા - હાલ : વાપી

વહાલસોયાની વસમી વિદાય, વિત્યા વર્ષ ત્રણ,
પરંતુ કાળજાના કટકાને કેમ વિસરાય? ઘડપણની લાકડી છે તારી યાદ,
પુત્ર માટે પ્રેમ છે તારી યાદ, સ્નેહીઓ માટે સ્નેહ છે તારી યાદ
ભલે તુ નથી આજે અમારી સમીપ, તારી યાદ સદા અમારી સાથે છે.

❖ અશ્રુભિની શ્રધ્ધાંજલિ ❖

માતુશ્રી વાલબાઈ શામજી હીરજી મોમાયા પરિવાર, વરાડીયા
માતા-પિતા : અ.સૌ. વાસંતી મણીલાલ શામજી મોમાયા
પુત્ર : પ્રથમ
ભાઈ-ભાભી : અ.સૌ. ચાંદની મયુર મોમાયા
ભત્રીજા : કલ્પ, પ્રસમ

માતુશ્રી ધનબાઈ ઉમરશી ધરમશી પરિવાર, સુથરી
માતુશ્રી રતનબાઈ ધનજી ધરમશી પરિવાર, સુથરી
નવિનચંદ્ર ઠાકરશી રામૈયા ધરમશી પરિવાર, સુથરી
સ્નેહીજનો તથા મિત્ર પરિવાર

## બહુમુખી કેડીઓ યુવાપ્રતિભા

### PRINCE VINIT DHARAMSHI



Dombivli (Kothara)

- Cleared B.Com. (90%)
- Cleared M.Com. (95%)
- Pursuing CA Inter & LLB 1st Year
- GST Expert
- Youngest Professor of Mumbai University
- Assistant Professor at Adarsh College, Badlapur, Mumbai
- Lecturer at 4 Coaching Classes
- Counsellor , Speaker , Anchor , Motivator
- Earned 29 Trophies , 217 Certificates and 53 Medallions in Sports , Academics and Other Presentations
- Running a Venture IMAGEENATION of Image Editing and Advertising
- Joint Treasurer of Shree KDO Students Association, Mumbai
- Represents Team Digital India and Central Vigilance Commission

## સેલીબ્રેટી મહેંદી આર્ટીસ્ટ વિણા નાગડાની અનેરી સિધ્ધી
## અંબાણી પરિવારના લગ્ન સમારંભમાં નીતાબેન, ટીનાબેન તથા મુકેશભાઈ સાથે







If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.